વર્ષ ૧૫ • મે ૧૯૫૮ • અંક ૩

# કલ્યાણ

## ❁ ક્યારે સમજાશે? ❁

### વૈદ્યરાજ મોહનલાલ ચુનીલાલ ધામી.

આજે માનવ પ્રાણિની વિરાટ દોડ ચાલી રહી છે.

જગતમાં કોઇપણ માનવી એવો નથી કે જે પોતાના કલ્પેલા સુખ ખાતર દોડતો ન હોય!

કોઇને ધનની ભૂખ છે.

કોઇને કીર્તિની લાલસા છે.

કોઇને પેટપુરતા ભોજનની તમન્ના છે.

કોઈને સત્તાના શરાબની પ્યાલીની ભૂખ જાગી છે.

કોઈ યૌવન-મદિરાને અમૃત માનવા દોડી રહેલ છે!

માનવી આજ વિસામો લેવાને વિચાર કરવા જેટલો યે સ્થિર નથી. વણથંભી દોડમાં પોતે પાછળ ન રહી જાય એની કાળજી રાખીને માનવી સુખ પાછળ જાણ્યે પાગલ બનીને દોડી રહ્યો છે.

આ વણથંભી દોડના પરિણામે એના ચરણમાં છાલાં પડી ગયાં છે, છતાં એ તરફ એની નજર જતી નથી.

દોડવાના કારણે એની છાતીનો શ્વાસ માતો નથી...છતાં એ પ્રત્યે એને કોઈ ખેવના નથી.

દોડતાં દોડતાં પગતળે પોતાની અમૂલ્ય સંપત્તિ જે કોમળ પુલ જેવી સુગંધભરી અને પવિત્ર છે તે કચરાઈ ચુંથાઈ જતી હોવા છતાં માનવી પગ નીચે દૃષ્ટિ કરવા જેટલું યે ધૈર્ય રાખી શકતો નથી.

માનવીની પાછળ મોતનું ભયંકર અટ્ટહાસ્ય ઘુરકતું હોવા છતાં માનવ સમાજની વણઝાર સુખની કલ્પેલી ઈમારત તરફ દોડી જ રહી છે....દોડીજ રહી છે.

અને માનવ-સમાજને કોઈ કહેતું પણ નથી કે તમે બધા કઇ તરફ દોડો છો?

જેને તમે સુખ માની રહ્યા છો....તે સુખ નથી....સુખનો પડછાયો પણ નથી....અરે, એ તો તમારા મનની માયા—મરિચિકા છે!

5652

પણ આ વાત કહેવાનીયે કોઇને પુરસદ નથી.

અને કદાચ કોઈ કહે છે તો વિરાટ દોડમાં પોતાની જાતને હોમી રહેલો માનવી એ તરફ ધ્યાન પણ આપતો નથી.

જેને ધનની ફિકર છે....તે દૂરદૂર ધનના ઢગલા નિહાળે છે....અને જેમ જેમ તે દોડતો જાય છે તેમ તેમ તે ઢગલાઓ પણ દૂરના દૂર દેખાતા હોય છે!

સત્તાના શરાબની પ્યાલી માટે ઝંખતો માનવી પોતાનું સર્વસ્વ નીચોવી નાંખીને પણ તેને પ્રાપ્ત કરવા દોડતો હોય છે અને સત્તાના શરાબની રક્તરંગી પ્યાલી તેને કહે છે કે...." મને કોઇ પકડી શકતું નથી....કોઇના અધરની દાસી હું બની શકી નથી..." પણ સત્તાના શરાબના આ શબ્દો માનવીને વધારે મીઠા લાગે છે અને તે પોતાના થાકની ઉપેક્ષા કરીને વધુ ને વધુ દોડવા મથી રહ્યો છે!

શસ્ત્રો વડે સંહારયજ્ઞ રચવામાં સુખ જોનારા કહેવાતા વૈજ્ઞાનિકો પણ કાળની એ આલબેલ નથી સાંભળી શકતા કે વિનાશના અંગારા એક દિવસે તમને પણ ખાખ કરી નાંખશે!

વિરાટ કુચ ચાલી રહી છે....અને એ કૂચમાં દોડનારાઓના પગ તળે અહિંસા, સત્ય, પ્રેમ, ત્યાગ, ધર્મ અને ઉદારતા જેવા કોમળ પુલો ચગદાતાં હોવા છતાં માનવીના પ્રાણમાં એ પુલોનાં રૂદનની એકાદ રેખા પણ અથડાતી નથી.

માનવી દોડે છે....માત્ર દોડે છે! એની દોડ કયાં જઇને અટકશે એની ખબર દોડનારાઓને ગઈકાલે નહોતી....આજપણ નથી.

છતાં માનવી દોડે છે.

શાશ્વત સુખના સાધનોને પગતળે પીસી રહેલો માનવી આજ માત્ર દોડી રહ્યો છે!

અને માનવીની આ દોડ જોઇને કાળ હસી રહ્યો છે. કારણ કે કાળની ચકોર દષ્ટિ જોઈ રહી છે કે માનવી ખરેખર દોડતો જ નથી....તે જ્યાં ઉભો છે ત્યાંજ ભમી ભમીને પાછો આવે છે!

પણ કલ્પેલા સુખ સામે મીટ માંડીને દોડી રહેલો માનવી કોઈના અટ્ટહાસ્ય સાંભળવા જેટલો યે સ્થિર નથી.

માનવી માને છે કે મારી ઈચ્છાને તૃપ્ત કરવી એ મારૂં કર્ત્તવ્ય છે.

બીજાની આશાઓ ચગદાઈ જતી હોય તે ભલે ચગદાઇ જાય....મારી આશા ને મારી તમન્ના મારે પુરી કરવાનો શ્રમ કરવો જ જોઇએ.

અને માનવી એટલા માટે દોડે છે....!

એ દોટ જોઇને ચકોર ગણુતો સમય મીઠું મીઠું મલકીને કહે છે....પાગલ માનવી, જેની પાછળનું તારૂં જીવન બરબાદ કરીને શ્રમ કરી રહ્યો છે, તે વસ્તુ તારી કોઈ કાળે હતી નહિં....છે નહિં અને હશે પણ નહિં.

પરંતુ સમયના ગીતની કોને પડી છે?

ધર્મ રસાતલ જતો હોય તો ભલે જાય....!

અહિંસા ચુંથાઈ જતી હોય તો ભલે ચુંથાઈ જાય!

સત્ય પાતાળમાં પેસી જતું હોય તો ભલે પેસી જાય!

ઉદારતાનો આવતી કાલે અંત આવતો હોય તો ભલે આજ આવે!

મારાં કલ્પેલા સુખને હું કેમ છોડી શકું!

માનવજાતની આ પણ પાગલામી કયારે પુરી થશે?

કયારે એને સમજાશે કે તું દોડતો નથી....પણ ઘાણીના બેલ માફક માત્ર એકજ સ્થળે ઘુમી રહ્યો છે!

માનવી કાળનું આ ગીત ક્યાંથી સમજે?

## મનન માધુરી

શ્રી વિમર્શ

મનુષ્યમાં રહેલી નિર્બળતાઓનો લોકો જેટલો તિરસ્કાર કરે છે, તેટલો તેનામાં રહેલા બળ અને શકયતાઓનો આદર કરતા નથી. તેની જડતા પર જેવા જોરથી ઘા કરે છે, તેવા કે તેથી અડધા જોરથી પણ તેનામાં રહેલા ચૈતન્યનો આદર કરતા નથી. મનુષ્યમાં દેખાતી ક્ષુદ્રતા જેટલી ખૂંચે છે, તેટલી તેનામાં રહેલી વિરાટતા પ્રત્યે પ્રેમ કરવાનો લેશ માત્ર વિચાર કરતા નથી, મનુષ્યની સેતાનીયત લોકોની નજરે તુરત ચઢી જાય છે, પરંતુ તેની દિવ્યતા તેમના ધ્યાન બહાર જ રહી જાય છે.

દરેક વ્યક્તિમાં જડતા અને ચૈતન્ય બંને વસેલા છે; જડતા તેને અધોગતિ તરફ ખેંચે છે, ચૈતન્ય તેને ઉર્ધ્વગામી બનાવવા કોશિષ કરે છે. વ્યક્તિ માત્રના જીવનને આ નિરંતરની ખેંચતાણ અનુભવવી પડે છે. જડતા જો કે ટાળી ટળી શકતી નથી, છતાં તેને ચૈતન્યને આધીન કરવી હોય તો તેમ કરી શકાય છે. આ હકીકતમાં મનુષ્યનાં ઉધ્ધારનાં બીજ રહેલાં છે.

પડવું સાહજિક છે, એ વાત માની લઇએ, તો પણ ચઢવું એ સાવ અસ્વાભાવિક નથી, એમ પણ માનવું પડશે. જડતાનો બોજો ઉંચકીને પણ ચૈતન્ય-પંખેરૂ ગગન

ભણી ઉડવા પાંખો ફફડાવ્યા કરે છે અને તે ઉડવામાં એક દિવસે જડતાને ખંખેરીને સફળ થશે એવી શ્રધ્ધા રાખવી અસ્થાને નથી.

તત્ત્વદષ્ટિએ વિચાર કરતાં મનુષ્યમાં સૂક્ષ્મરૂપે દિવ્યતા રહેલી છે અને તે તેના સ્થૂલ જીવનમાં પ્રગટ થવા મથામણ કર્યા જ કરે છે. આટલું સમજમાં આવ્યા પછી કોઇપણ વ્યક્તિનો તિરસ્કાર કરવાનું અંતરથી મન થતું નથી. મનુષ્ય—સ્વભાવની આ ઉર્ધ્વગામિતા પર વિશ્વાસ મુકયા પછી કોઇપણ વ્યક્તિને અનાદરથી જોવાની ટેવ છુટી જાય છે, અને આદરથી જોવાની ટેવ પડે છે. પછી તે અજ્ઞાનીઓને હસતો નથી કે દુષ્ટો પ્રત્યે ઘૃણા દર્શાવતો નથી બાળકની દુર્બળતાની તે હાંસી કરતો નથી કે સ્ત્રીઓને અબળા ગણીને તુચ્છકારતો પણ નથી. તે જાણે છે કે દુષ્ટતા, દુર્બળતા કે અજ્ઞાનતા એ તો ચૈતન્યની આજુબાજુ વીંટાળાયેલી અશુદ્ધિઓ માત્ર છે. સોનાની કાચી ધાતુમાં મિશ્રિત થયેલાં ખડક, મટોડી કે અન્ય ધાતુઓને જોઇને કોઈ સોનાને ફેંકી દેતું નથી, તો પછી અદ્ભૂત શક્યતાઓથી ભરેલા વ્યક્તિત્વવાળા માનવને શી રીતે તિરસ્કારી શકાય ? વ્યક્તિમાં વસતી સુવર્ણમયી દિવ્યતા પર તો પ્રેમ જ પ્રગટાવી શકાય. નીચમાં નીચ ગણાતા મનુષ્યો પણ શ્રેષ્ઠતાના અધિકારી બન્યાના અગણિત દાખલાઓ છે, તે બતાવી આપે છે કે મનુષ્યમાં રહેલી દિવ્યતા એ સત્ય છે, કિન્તુ ભ્રમણા નથી. નીચમાં નીચ વ્યક્તિનો પણ અનાદર નહિ કરતાં શકય હોય તો તેનામાં રહેલી દિવ્યતાને પ્રગટ કરવામાં સહાયરૂપ બનવું એજ પરમ ધર્મ છે. જેઓ દુષ્ટતાથી કંટાળી સુવર્ણ જેવી દિવ્યતા ફેંકી દેવા પ્રયાસ કરે છે, તેઓને મનુષ્યમાં રહેલી અંતિમ સારરૂપતા ઉપર હજુ વિશ્વાસ ઉત્પન્ન થયો નથી. મહાન પુરુષોને એ વિશ્વાસ હતો, તેથી તેઓએ કોઇનો તિરસ્કાર કર્યો નથી સર્વ પ્રત્યે સમભાવ, પ્રેમ અને અહિંસા પ્રબોધ્યા છે.

❀


## જા+ખના દર આ મુજબ છે.

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| ૧ પેજ | ૨૫ | ૬૦ | ૧૦૦ | ૧૫૦ |
| ૧/૨ ,, | ૧૫ | ૩૫ | ૬૦ | ૧૦૦ |
| ૧/૪ ,, | ૧૦ | ૨૫ | ૪૦ | ૬૫ |
| ૧/૮ ,, | ૭ | ૧૫ | ૨૫ | ૪૦ |

ટાઈટલ પેજ ૨ જું રૂા. ૩૫, ટાઈટલ પેજ ૩ જું રૂા. ૩૦

ટાઈટલ પેજ ૪ થું રૂા. ૪૦, એક જ વખતના

લખો:- કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા (સૌરાષ્ટ્ર)

# જૈનશાસનના પ્રભાવની રક્ષા કઈ રીતે થઈ શકે?

પં૦ શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ. કલકત્તા.

✽

**જૈનશાસન સંસાર-સમસ્તના આત્માઓનાં કલ્યાણનું કેન્દ્ર છે, આવા ધર્મશાસનના પ્રભાવને અખંડિત રાખવો ને તે માટે શકય સઘળું કરી છુટવું તેમાં જ સર્વ કોઇનું હિત સમાયેલું છે, આજ એક ઉદ્દેશને લક્ષમાં લઇ, લેખક પંડિતજીએ પોતાનાં હૃદયમાં રહેલા જૈનશાસન પ્રત્યેના અનુરાગથી પ્રેરાઇને જે પોતાની વિચારણા શબ્દસ્થ કરી અમારા પર મોકલી છે તેને અમે અહિં પ્રસિદ્ધ કરીએ છીએ. જે સર્વ કોઇને મનનીય તથા પ્રેરક છે.**

આપણે હવે બરાબર સમજી શકયા છીએ, કે, 'છેલ્લા લગભગ સો વર્ષો દરમ્યાન ધર્મની ઉન્નતિ કરવાના પ્રયાસોમાં સ્વતંત્ર રીતે ઘણી બાબતો કરી ચૂકયા છીએ, કદાચ એ વેળા આપણને એમ લાગતું હશે, કે, ધર્મની અનુકુળતા માટેનો વખત અને સંયોગો આવી ગયા છે. માટે જેમ બને તેમ તેના લાભો મેળવવામાં ખૂબ આગળ વધવું જોઇએ. તેમ જ એ વખતે પૂર્વ પુરુષોની ઘણી મર્યાદાઓના ચોકઠામાં રહેવું આપણને ભૂલભરેલું લાગતું હતું; તથા જે રસ્તે ધર્મની ઉન્નતિ થાય અને જે કોઇ સાધનથી ધર્મને ફાયદો થાય, તે લેવામાં અચકાતા નહીં. મર્યાદાઓમાં રહેવામાં—પૂર્વાચાર્ય ભગવંતોના પરંપરાગત નિયમો પાળવામાં આપણને કદાચ સંકુચિતતા—રૂઢિચુસ્તતા—વાડાબંધી—પરતંત્રતા—એવું એવું લાગતું હતું. તથા એવી વાત તરફ ઘૃણા થતી હતી. તેથી સારા લાગતા કામો વિના રોક-ટોક કરવામાં અને તેનો અમલ કરવામાં શાસનની સેવા તથા ફરજ માનતા હતા.

પરંતુ, આજે પરિણામે આપણે જોઈ શકીએ છીએ, કે-છિન્નભિન્નતા વધી છે. ધર્મપ્રિયતા—વફાદારી—મક્કમતા—ચુસ્તતા—કટ્ટરતા ઘટી છે. પરંપરાગત સાંસ્કૃતિક વિશ્વ સંસ્થાના કેન્દ્રભૂત ધર્મગુરુઓનું મહાજન તરીકેનું સ્થાન છિન્નભિન્ન કરવામાં આવ્યું છે. એકની આજ્ઞાનું નિયંત્રણ હત-પ્રહત થયું છે, જેના સંદર્ભમાં બીજી શક્તિઓનું પ્રાબલ્ય જમાવવા, આપણને અંદરોઅંદર છિન્નભિન્ન થવા દેવા માટે અમુક સ્વતંત્રતાઓ અને તેને લગતી અનુકૂળ સગવડો તથા વાતાવરણ સર્જવામાં આવ્યું હતું. તો પછી તેમાંથી છિન્નભિન્નતા શિવાય બીજું પરિણામ શું આવે?

'જાગ્યા ત્યાંથી સવાર સમજીને આપણે ને આપણા બીજા ગચ્છો, સંપ્રદાયો તથા ભારતના બીજા ધર્મોના નેતાઓને ચેતવણી આપવી જોઇએ, કે—'આપણે અંદરોઅંદર ઘર્ષણો ન કરતાં બહારના આઘાતોથી બચવા પરંપરાગત પોતપોતાની બંધારણીય શિસ્ત અને ધર્મના સંચાલનના જોખમદાર આગેવાન એવા માન્ય પુરુષોની આજ્ઞામાં' રહી તમામ પ્રવૃત્તિ ચલાવવી જોઈએ. તથા પરસ્પરમાં વિના કારણ દુઃખ ન લાગે તે રીતે એક-બીજાની સાથે વર્તન, તથા ધર્મ-પરિવર્તનની યે મર્યાદા નક્કી કરી તેનું પાલન કરવું જોઇએ. ગમે તેમ ગમે તે વ્યક્તિ ધર્મપરિવર્તન ન કરી શકે.

એ સઘળી બાબતોમાં આપણે ત્યારે જ દોરવણી આપી શકીશું, કે,-જો આપણે એટલે શાસનના આગેવાન પૂજ્ય પુરુષો આપણી પરંપરાગત મર્યાદાઓને સતેજ કરી, તેમાં રહેલું શાસનનાં હિતનું રહસ્યાત્મક હિત સમજી તેની વફાદારી જાળવવા વ્હેલી તકે તૈયાર થઈ જઇશું. અને થઇ જવું જોઇએ. છુટક છુટક ગમે તેટલા કામોની મહત્તા નથી. પરંતુ મર્યાદાઓ જાળવવાપૂર્વક સમતોલપણે ખૂબ ઉંડી વિચારણાપૂર્વક થોડું પણ કામ થાય, તેનું સ્થાયિપણું, લાભ, અસર તથા પરિણામો અજબ પ્રકારના હોય છે. તેથી તેનો માર્ગ નીચે પ્રમાણે દેખાય છે.

૧-આપણી પરંપરાગત જે માન્યતાઓ ચાલી આવતી હોય, અને ચાલી આવતી હતી, તેનું પાલન કરી શકાય કે ન કરી શકાય, તે કરી શકાય તો સારૂં, પરંતુ તે પાલન ન કરી શકાય તો તેની ચર્ચા ન કરતાં માત્ર તે સર્વ પ્રત્યે શાસન-માન્યતાની શ્રદ્ધા ધરાવવામાં આવે તો તે પણ ઘણું છે. પછી જેને આચરણ કરવું હોય તે કરે. સાથે જ તેવી મર્યાદાઓનું ટીપ્પણ કરી લેવું જોઇએ. પાલન થઈ શકે

તે સિવાયની મર્યાદાઓનું ઘટતી ઠરેલી રીતે પાલન કરવામાં આવે. જેથી એ વસ્તુઓ જળવાઇ રહે.

૨–આપણે જો આ નિર્ણય લઇ શકીએ તો પછી આપણું કામ ઘણું સહેલું થઇ જાય છે, એક નેતા વિના કોઇ પણ સ્થાયી સંસ્થાનું કામ સફળ થતું નથી, તેથી જૈનશાસનમાં શ્રી વીતરાગ પ્રભુ પછી તેના મુખ્ય ઉત્તરાધિકારીની આજ્ઞામાં સકળ શાસન તંત્ર ચાલતું આવ્યું છે.

કેટલાકના કહેવા પ્રમાણે વૈષ્ણવોમાં છિન્નભિન્નતા પેદા કરાવવા–તેના આચાર્યને મુસલમાન બાઇના પરિચયમાં લાવવામાં આવ્યા. તે પ્રમાણે–તિબેટના લામાની શિસ્ત તોડવા તેની સત્તા ઉપર, સામ્યવાદી ચીનના દ્વારા હુમલામાં રશિયાએ આડકતરો સહકાર આપ્યો. તે પ્રમાણે આખા ભારતમાં આગેવાની ભોગવતા મહાજનને છિન્નભિન્ન કરવાના ઉદ્દેશથી તેના નેતાને તે સોએક વર્ષ પહેલાં એવા સંજોગોમાં મૂકયા, કે જેથી તેની પ્રતિષ્ઠા અને મહત્તાને ધક્કો પહોંચ્યો. તથા કાબુ ન રહ્યો ને છિન્નભિન્નતા શરૂ થઇ. એ બધું કોઇની પાછળની ગોઠવણથી થયું હોય યા સહજ રીતે થયું હોય તે હવે વિચારવું નકામું છે. પરંતુ એક નેતૃત્વનું વ્યવહારૂ કેન્દ્ર આપણું તુટયા પછી આપણી ગમે તેવી સદિચ્છાઓ હોવા છતાં આપણે બહુ જ જોખમમાં ઉતરી ગયા અને જૈનશાસનને ભારે ધક્કો પહોંચ્યો. તેમ જ સંગઠિત થઇ એક છાયા- તળે પાછા આવી શકયા નથી, જૈનશાસનની મૂખ્ય ચાવી જ એક આજ્ઞારૂપ છે. તે આપણે ફરીથી ન સ્થાપી શકીએ, તો જૈનશાસનને છિન્નભિન્નતાનાં વિષમ ચક્રમાંથી કદી બચાવી શકાય નહિ. માત્ર સદિચ્છાઓ જ કામ આવી શકતી નથી. આ કારણે આપણે ફરીથી એકાજ્ઞા સ્થાપવાની આવશ્યકતા વિષે મારા દિલમાં સતત વિચારણા ચાલ્યા જ કરે છે. અને આપ સર્વને પણ એ સાચું લાગતું હશે. તેથી મારૂં પહેલું અને છેલ્લું સૂચન એ એકજ છે.

માની લઈએ કે અમુક એક પરંપરામાં કોઇ જોરદાર પદવીધર વ્યક્તિ ન હોય, કે જે સકળ સંઘ ઉપર કાબુ રાખી શકે, છતાં તેને કેન્દ્રમાં રાખીને તેની આજુબાજુ એવા પ્રધાન પુરૂષો સંચાલન કરવામાં સહાયક હોય, કે જેઓ ભાવિ પરિણામ, પ્રાચીન પરંપરાગત બાબતો અને વર્તમાન પરિસ્થિતિ સાથે સુસંગત નિર્ણયોનું બલાબલ–લાભાલાભ–આઘાત–પ્રત્યાઘાતનું તોલન કરી જુએ. અને પછી કેન્દ્ર માર- ફત ઘટતો આદેશ બહાર પાડવામાં આવે, જેને સર્વ તરફથી અનુસરવામાં આવે. તેમાં પૂર્વાપરની વિચારણા માટે તે તે વિષયોમાં નિષ્ણાત, શાસ્ત્રજ્ઞ તથા બીજીરીતે કુશળ મુનિઓ એ સહાયકોને પૂર્વ તૈયારી કરી આપે, જેથી સકળ સંઘ આ રીતે સુવ્યવસ્થામાં આવી જશે. પોતપોતાના વિચારો અને પ્રવૃત્તિઓ બહાર પાડવામાં દરેકે સંયમ રાખવો પડે, કારણ કે–શાસનની પરંપરાનો પ્રવાહ આગળ ચલાવવાની જવાબદારી અને જોખમ- દારી આપણા ઉપર છે, શાસનની એ એક અદ્ભુત ખૂબી છે, કે–કોઇ નવી ઉથલપાથલ નહિ થાય તો પણ શાસનનો પ્રવાહ સ્વત: રોજની રીતે ચાલ્યા કરે છે. અને ચાલ્યા જ કરશે, પરંતુ તેમાં અવનવી ઉથ- લપાથલ કરવાથી તો કાંઇ ને કાંઇ ઓડનું ચોડ વેત- રાય. એટલે તેથી પરિણામે શાસન ઉપર નાનો મોટો ફટકો પડે.

આધુનિકતાપ્રિય લોકોનું ધ્યેય પરંપરાગત વસ્તુઓ તોડવાનું હોય છે. તેથી ઉથલપાથલ કરાવી, અવનવા તુક્કા ઉઠાવી મન ક્ષુબ્ધ કરી નાખી; એક જાતની ગતિ ઉત્પન્ન કરે છે. અને પરિણામે કાંઈને કાંઈ એવું કરી નાંખે છે, કે–જેથી મૂળ બાબતને નાનો–મોટો ફટકો પડયા વગર રહેતો નથી, સ્થિતિચુસ્તતા એ તો શાસ- નને ટકવા–ટકાવવાના પ્રાણ છે, પરંતુ તેનો અર્થ એવો કાંઈ નથી. કે–ઘટતી રીતે રચનાત્મક આવશ્યક કાંઇપણ ન કરવું. તે કોઈ પણ પ્રકારના પ્રવાહમાં દોરાયા વિના પરંપરાગત બાબતો સાથે તુલના કરીને ઘટતું અને આવશ્યક જરૂર કરવું. પણ તે ક્ષણિક ઉત્સાહમાં આવી જઇને નહિ કરવું. એટલો સંયમ જરૂર કેળવવો જોઈએ. બીજા લોકોને જૈનધર્મમાં લાવીને નાંખવા કરતાં પણ વધારે અગત્ય અને હિત આપણે શાસનની પરંપરાગત શિસ્ત અને મર્યાદા ટકાવી રાખીએ, એમાં છે. કોઇ પણ લાલચમાં ન ન પડવું તે આજે વધુમાં વધુ રક્ષણ છે.

આજનું ઉથલપાથલીયું જગત જ્યારે પણ શાંત થશે, ત્યારે આત્મવાદનું વિશ્વકેન્દ્ર જૈનશાસન પ્રાણ-

વંત અને દીર્ઘજીવી તરીકે સ્ફુરાયમાન હશે. અને બીજા ધર્મનું રક્ષણ પણ તેની સાથે જોડાયેલું છે.

આપણે અનુમોદના કરવી જોઇએ, કે- વચલા કાળમાં પૂર્વાચાર્યોના નમુના જેવા દીર્ઘદૃષ્ટિ ધરાવતા આચાર્ય મહારાજાઓ પોતાની પહેલાના અને સમકાલીન કપરા સંજોગોમાં પણ-જૈનશાસનનાં પરંપરાગત અનુશાસન શક્તિ ટકાવી શકયા છે. જે આપણને વારસામાં મળ્યા છે. તેને જેમ બને તેમ તેવા ને તેવા ટકાવી રાખવાની આપણી અને આપણા ઉત્તરાધિકારીઓની અનન્ય ફરજ છે. તેથી આપણે આજે એવી જાતની પરિસ્થિતિ ટકાવી રાખી વારસામાં આપવી જોઇએ, કે- જેથી ભવિષ્યના ઉત્તરાધિકારીઓ સહેલાઇથી અનુશાસન સામર્થ્ય ટકાવી અને ચલાવી શકે.

આજે આપણે પરમાત્માની શાસન સંસ્થા તરફ મન કેન્દ્રિત કરવાની આવશ્યકતા છે. કારણ કે-તે જ મુખ્ય વસ્તુ છે.

૧ શાસન સંસ્થા.

૨ ઉદ્દેશ:શાશ્વત ધર્મ લોકોનાં જીવનમાં ઉતારવો.

૩ સંચાલક-તીર્થંકરની આજ્ઞા મુજબ શ્રમણ-પ્રધાન ચતુર્વિધ સંઘ.

૪ માર્ગદર્શક નિયમો વગેરે દ્વાદશાંગી અને તેને અનુસરતા શાસ્ત્રો.

૫ શાસનના વ્યાવહારિક સાધનો અને દ્રવ્ય વ્યવસ્થા, પાંચ દ્રવ્યો, સાત ક્ષેત્રો, ૧૨ ધર્મદ્રવ્યો અને તેને અનુસરતા બીજા અનેક ખાતાંઓ તેની દ્રવ્ય-સંપત્તિ છે, અનુયાયિઓની સંખ્યા દ્રવ્ય-સંપત્તિઓ છે પાત્રોમાં રત્નત્રયીની યોગ્યતા ભાવસંપત્તિ છે.

૬ સ્થાપક- છેલ્લા શાસનના સ્થાપક શ્રી મહાવીર દેવ, તીર્થંકર પ્રભુ છે.

૭ સ્થાપના- આજથી ૨૫૧૪ વર્ષ પહેલાં વૈશાખ શુદિ ૧૧ ને દિવસે પહેલી પૌરુષીમાં સ્થાપના કરી છે.

૮ સ્થાપના સ્થળ- **અપાપાપુરી** પાસેના **મહસેન વનમાં** સ્થાપના બાર પર્ષદા સમક્ષ કરી છે.

૯ માતંગ યક્ષ અને સિદ્ધાયિકા દેવી શાસન-રક્ષિકા છે.

૧૦- શ્રી ગૌતમ ઇંદ્રભૂતિ પહેલા ગણધર, શ્રીમતી ચંદનબાળા પ્રથમ મહાઆર્યા-સાધ્વી, ૩ શંખ શ્રાવક, ૪ જયંતી શ્રાવિકા.

૧૧- શ્રી સુધર્માસ્વામીની દ્વાદશાંગી પરંપરાગત ચાલી આવે છે, વિશેષ માટે પટ્ટાવલી જોવી. પટ્ટાવલીઓ સુવ્યવસ્થિત કરાવી લેવી જોઇએ.

આ ઉપરાંત ચાર પુરુષાર્થ-શુદ્ધ આર્ય માનવ-વંશની પરંપરા વગેરે ટકાવવા-શોધવા-જ્ઞાનક્રિયા ચાલુ રાખવી વગેરે ઘણી જવાબદારીઓ છે.

આ પ્રમાણે દરેક ધર્મો પોતપોતાની મૂળભૂત શિસ્તોમાં કેન્દ્રિત થાય, તે માટે આપણે તે સર્વને માર્ગદર્શન અને ઘટતો સહકાર આપવામાં દરેક ધર્મનું અને એકંદરે ધર્મને માનનારા માનવોનું અને એકંદરે માનવ જાતનું અને પ્રાણી માત્રનું હિત છે. માટે તે જાતના પણ પ્રયાસો આપણી ફરજોમાં સમાયેલા છે, તથા તે સાધવામાં ત્યાગ અને આધ્યાત્મિક બળ, શુદ્ધ સંયમી આજ્ઞાપ્રધાન જીવન જીવીને, મેળવવા તરફ એકાગ્ર થવું, એજ સાચો ઉપાય છે.

આ વાત આપ સર્વના હૃદયમાં રુચિકર થઇ હોય તો આ વસ્તુને આપણે ભવિષ્યને માટે કઇ રીતે સુસ્થિર કરી શકીએ,? તેની વિચારણા કરી યોગ્ય માર્ગ લઇએ. તેમાં સર્વના સહકારની અપેક્ષા રાખવી, એ વધારે પડતું નથી,

કલ્યાણ માસિક વાર્ષિક લવાજમ રૂા. ૫-૮-૦ પોસ્ટેજ સાથે

# વિદ્વત્તાની વિટંબના

## પૂ૦ મુનિરાજ શ્રી મૃગેન્દ્રમુનિજી મહારાજ

[ લેખાંક : બીજો ]

**પોતાની સામે દેખાતી વસ્તુ પણ સ્પષ્ટ જોવાની જેની શક્તિ નથી, કે વિવેકપૂર્વક કશું સમજવાની શક્તિ નથી. એવા લોકોએ જૈનશાસનની ભયંકર કુસેવા કરી છે. થોડું અહિંતહિંનું જ્ઞાન મેળવી અનધિકારપણે યથેચ્છ લખવું કે બોલવું એ આવા લોકોને વળગેલો ચેપી રોગ હોય છે. આવા પ્રકારના વિકૃત માનસને વશ થઈને જૈન દર્શનને માટે અને તેનાં સર્વજ્ઞ જિનેશ્વર દેવો માટે પં. શ્રી બેચરદાસ દોશીએ 'મહાવીરવાણી' પુસ્તિકામાં જે મનઘડંત આક્ષેપો કર્યા છે, તેનો ટુંકો મર્મસ્પર્શી પ્રતિકાર પૂ૦ મુનિરાજશ્રીએ પોતાની લેખમાળામાં કર્યો છે.**

**તા. ૧૫-૨-૫૮ ના અંકનાં પેજ ૮૨૧ પર આ લેખનો પ્રથમ હપ્તો 'કલ્યાણ'માં પ્રસિદ્ધ થયો છે, તેનો આ છેલ્લો લેખાંક આજે પ્રસિદ્ધ થાય છે. આ લેખોને વાંચતાં સ્પષ્ટ સમજી શકાય છે કે, પોતાની તૂટી-ફૂટી વિદ્વત્તાના મદથી શ્રી જિનેશ્વરદેવનાં ત્રિકાલાબાધ્ય શાસ્ત્રવચનોમાં સુધારો વધારો કરવાની બાલિશ વાત કરવાની ધૃષ્ટતા સેવવા તૈયાર થયેલા પંડિત શ્રી બેચરદાસ દોશીનું માનસ જૈનશાસન પ્રત્યે કેટકેટલું નિષ્ઠાશૂન્ય, શ્રદ્ધાશૂન્ય તથા વફાદારીશૂન્ય છે! કેવળ હિતદૃષ્ટિપૂર્વક તથા સમાજના શ્રદ્ધાળુ વર્ગને ચેતવણી આપવાની શુભ બુદ્ધિથી આ લેખાંકોને અમે શુદ્ધિ-વૃદ્ધિપૂર્વક અહિં પ્રસિદ્ધ કરી રહ્યા છીએ. સર્વ કોઇ સહૃદય વાચકો આ જ એક આશયને સમજીને વાંચે, અને વિચારે!**

★

આગમ વચનને સંપૂર્ણ વફાદાર રહેવું એ સાચા પંડિતનું લક્ષણ અને, કર્તવ્ય છે. ભાઇ બેચરદાસ દોશીએ જો શાસ્ત્ર એટલે કે આગમ-વચનનાં હાર્દને સમજવા થોડી વધુ મહેનત લીધી હોત તો આવું ગેરસમજભર્યું કદી ન લખી બેસત. શાસ્ત્રને જો ગુરુગમ દ્વારા વિવેકપૂર્વક સમજવામાં ન આવે અને તેનો યથેચ્છ ઉપયોગ કરાય તો એ જ શાસ્ત્ર તેના આત્મા માટે શસ્ત્રનું કાર્ય કરે છે.

શાસ્ત્રકારના આશયને પામવા દરેક સહૃદય અભ્યાસીએ જીજ્ઞાસાવૃત્તિ રાખવી જ ઘટે. માત્ર શાસ્ત્ર-વચનોનાં અવતરણો ટાંકી આપમતિ મુજબ તેનો અર્થ કરવાથી ઉત્સૂત્ર પ્રરૂપણાના પાપથી આત્મા ભારે બને છે. તે સિવાય ભોળી જનતા ઉન્માર્ગે દોરાય તે જુદું. ભૂલ થવી છદ્મસ્થ-સુલભ છે. પણ તેને સમજી કે સમજાયા પછી તેનો ત્યાગ ન કરાય અને ભૂલને જળોની જેમ વળગી રહેવાય તો એ આત્મા કદાપિ અનર્થ-પરંપરાઓમાંથી ઉગરી શકતો નથી. પછી તો તેનું અધઃપતન પણ ભારે થાય છે. પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજશ્રીના શબ્દોમાં કહીએ તો—

मनो वत्सो युक्तिगवीं मध्यस्थस्याऽनुधावति ।
तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनःकपिः ॥१॥

(જ્ઞાનસાર)

અર્થાત્-મધ્યસ્થ માનવનું મનરૂપી વાછરડું યુક્તિરૂપી ગાયને અનુસરે છે. તેને આપમતિની ખેંચ-તાણ હોતી નથી. જ્યારે તુચ્છ આગ્રહી જનનું મનરૂપી માંકડું તે યુક્તિરૂપી ગાયને પૂંછડાથી ખેંચે છે. એટલે કે યુક્તિપૂર્ણ વાતને પણ ખંડન કિંવા અન્યથા પ્રરૂપણ કરવા દ્વારા તેની ક્રૂર મશ્કરી કરતાં પણ અચકાતું નથી. પ્રસ્તુત મુદ્દા માટે આટલી ભૂમિકા બસ છે. લેખક મહાશયે જે બૃહત્કલ્પનો પાઠ ટાંકી, તેની સાથે પોતાના ભેજાના કેટલાક વિકૃત વિચારોનું બળજબરીથી અનુસંધાન કરી કેટલું અઘટિત પગલું ભર્યું છે. તે જોતાં જણાઇ આવે છે.

यावतः पदार्थान् श्रुतकेवली भाषते तावत एव केवल्यपि, ये तु श्रुतज्ञानस्य अविषयभूता भावाः केवलिनाऽवगम्यन्ते तेषामप्रज्ञापनीयतया केवलिनापि वक्तुमशक्यत्वात्। आह कियन्तः

प्रज्ञापनीयाः कियन्तो वा अप्रज्ञापनीयाः ?

पन्नवणिज्जा भावा, अणंतभागो उ अणभिलप्पाणं।
पन्नवणिज्जाणं पुण। अणंतभागो सुअ-निबद्धो ॥

ભાવ-'જેટલા નિર્વચનીય ભાવો શ્રુતકેવલી-સમગ્રશ્રુતને ધારણ કરનાર કહી શકે છે, તેટલા જ ભાવોને કેવલીભગવંત પણ કહે છે. ઉપરાંત જે જ્ઞેય ભાવો-આગતો શ્રુતશાસ્ત્રથી અપ્રત્યક્ષ છે તે સમગ્ર ભાવોને સર્વજ્ઞ ભગવંત જાણે છે. અને જુએ છે. પણ ભાવોની અનિર્વચનીયતાના કારણે ખુદ કેવલી ભગવંત પણ કહેવા અસમર્થ છે. આટલા ટૂંકા વિસ્તાર પછી શાસ્ત્રકારોએ પ્રજ્ઞાપનીય (કહી શકાય તેવા) અને અપ્રજ્ઞાપનીય (કહેવાને અશક્ય) એમ બે વિભાગમાં સંપૂર્ણ ભાવોની વહેંચણી કરી એ ફલિત કર્યું છે કે 'નિર્વચનીય ભાવો અનિર્વચનીય ભાવો-(અનભિલાપ્ય) નાં અનંતમે ભાગે રહ્યા છે. એટલે કે અનિર્વચનીય ભાવોની સંખ્યા ઘણી જ મોટી છે. જ્યારે નિર્વચનીય ભાવો તેનાથી ઘણી જુજ સંખ્યામાં છે.

વળી સમગ્ર નિર્વચનીય ભાવોને તો શબ્દરૂપમાં ઉતારી શકાતા જ નથી, એનો અનંતમો ભાગ જ સૂત્રગત થઇ શકે છે. સારાંશ એ નીકળે છે કે ઉપર્યુક્ત પાઠ જ્ઞેય પદાર્થો-ભાવોની અનંતતા (Perpetuity) સિદ્ધ કરે છે. તે પછી એ અનંત જ્ઞેય પદાર્થોનું પ્રજ્ઞાપનીય અને અપ્રજ્ઞાપનીય એમ બેમાં વિભાગીકરણ કરી પ્રજ્ઞાપનીય ભાવોનો અનંતમો ભાગ જ શાસ્ત્રમાં આવ્યો છે, એમ કહેવામાં આવ્યું છે. ને તે બરોબર જ છે. પણ એજ વાતને વિપરીતપણે રજુ કરી શાસ્ત્રકારના આશય ઉપર કૂચડો ફેરવનાર ભાઇ દોશી પોતાના મનઘડંત વાત કઈ રીતે લખે છે, આ રહ્યા તેમના શબ્દો. તેઓ લખે છે કે:-

"આ રીતે વિચારતા ભગવાન મહાવીર દ્વારા આપણને જે જ્ઞાનવારસો મળ્યો છે, તે પૂર્ણ ન કહેવાય. તેથી જ તેને કસવાની જરૂર છે. અને સંશોધન તથા જાત અનુભવ દ્વારા તેમાં વધઘટ કે ફેરફાર કરવાનોય ઘણો અવકાશ છે." (મહાવીરવાણી પૃષ્ઠ ૬૪.)

લેખક મહાશય શાસ્ત્રનાં રહસ્યને કેવું



ભયંકર રીતે વિકૃત કરે છે. આવા દુરાગ્રહી પંડિત નામ ધારી ભાઈ બેચરદાસ પર ખરેખર દયા આવે છે, તેમણે જાણવું જોઇએ કે, મોક્ષમાર્ગની સાધના માટે જિનશાસન એ સત્ય નીતરતો પૂર્ણ જ્ઞાનવારસો છે. બાકી લેખકને મન જો એમ હોય કે 'ભગવાન જેટલું જાણતા હતા તે તો સંપૂર્ણ કહી શકયા નથી,' એમ શાસ્ત્ર જ સાક્ષી પૂરે છે, માટે તેને ચકાસી વધઘટ કરવાનો ઘણો અવકાશ છે. પણ એમ લખવાની ધૃષ્ટતા કરી તેઓ જૈનદર્શન માટે મોટી ગેરસમજ ફેલાવે છે. અને જૈનશાસનની ખરેખર તેઓ ઘોર આશાતના કરે છે.

આટલા શક્તિશાલી અને અનંત જ્ઞાની એ પણ જ્યારે જ્ઞાનનો અનંતમો ભાગ જ પ્રરૂપી શકયા, તો આપણે કઇ વાડીના મૂળા ? એમનાથી વધુ નવું બીજું શું કહી શકવા શક્તિમાન છીએ ? જ્યારે પ્રજ્ઞાપનીય ભાવોના અનંતમે ભાગે રહેલી શાસ્ત્રની વાતોને પણ આપણે સંપૂર્ણ જાણી શકતા નથી, અને જાણેલા પૈકી સંપૂર્ણ અવધારી નથી શકતા તો 'સર્વજ્ઞે નહિ પ્રરૂપેલા તે શિવાયના બીજી નવા ભાવોને અમે કહી શકીએ છીએ.' એમ જે તેમણે તારવ્યું છે, તે માટે તેમની પાસે શો પૂરાવો છે ? એ મહાશયને મારો પ્રશ્ન છે કે 'જે જ્ઞાનવારસો છે તેમાં વધઘટ કરવાની કે સંશોધનની શી જરૂરીયાત છે ?' કારણ જે જ્ઞાનનો વારસો મળ્યો છે, તે તો તદ્દન પૂર્ણ જ છે. તેમાં આપણા જેવા અલ્પજ્ઞને ફેરફાર કરવાનો કશોય અધિકાર કિંવા અવકાશ હોઇ જ ન શકે. જે સર્વજ્ઞપ્રભુએ પોતાના કેવળજ્ઞાનરૂપી કસોટીએ કસીને જે સત્યો આપણી સમક્ષ રજુ કર્યાં, તેને પણ હજી પોતાના જાત અનુભવ દ્વારા ચકાસવાની જેને જરૂરીઆત જણાતી હોય, અને જેને પીઠ પાછળનું દેખાતું નથી, આંખે નહિ દેખાતી વસ્તુ માટે ચશ્માની જરૂર પડે છે, તેવા તે મહાશયને માટે કહેવું પડે કે તેમને સર્વજ્ઞ વિષે ભારોભાર અજ્ઞાન છે. સર્વજ્ઞ પ્રવચનની અસાધારણતા તેમને સમજાઈ જ નથી. હા ! શાસ્ત્રકાર તો કહે છે, કે-શ્રદ્ધા અને સમજણથી સત્યને પારખતા શીખો. પણ એમાં વિવેકદૃષ્ટિ અને જિજ્ઞાસાવૃત્તિ ચૂકાવી ન જોઈએ.

(II) બીજું મહાવીરવાણીના સંપાદક, લેખક એ પોતે જ પોતાના પુસ્તકનો સર્વહક્ક સ્વાધીન રાખે છે. જે પુસ્તકના શબ્દે શબ્દનો કબજો પોતાના હાથમાં રાખતા હોય છે, તે જ વ્યક્તિ જો પરવાનગી વિના બિન હકકે સર્વજ્ઞના જ્ઞાન-વારસામાં સુધારો કરે તો તે કેટલી ગુનેગાર ગણાવી જોઈએ.

(III)' जो एगं जाणइ सो सव्वं जाणइ' એ શાસ્ત્ર વચનથી એ મહાનુભાવ વાકેફ તો હશે જ ને? જે માત્ર એકજ પરિપૂર્ણ સત્ય સમજે છે તે સંપૂર્ણ સત્યને જાણે છે. એક જ પૂર્ણ સત્ય અનેક મહાસત્યોને જન્માવે છે. આ વાત આપણે ભગવાને આપેલી 'માત્રત્રિપદી (उपन्ने इ वा विग मे इ वा धु-वे इवा)'માંથી શ્રી ગૌતમસ્વામીજી આદિ ગણધરોએ રચેલી દ્વાદશાંગીથી જાણી શકીએ છીએ. સર્વજ્ઞપ્રરૂપિત એક જ શબ્દ કિંવા એક જ પદને પૂર્ણ જાણવાથી આત્મા તેમના જેવી સંપૂર્ણ સ્થિતિને પહોંચી શકે છે. જો સર્વજ્ઞપ્રભુનો જ્ઞાનવારસો અપૂર્ણ હોત તો તેમના આગમ-પ્રવચન દ્વારા કોઇ પણ આત્મા સર્વજ્ઞતા ન મેળવી શકત.

લેખક સર્વજ્ઞ જિનેશ્વરદેવનાં ધર્મશાસન માટે યથેચ્છ પ્રલાપ કર્યા બાદ અટકતા નથી, પણ પોતાનાં ડહાપણને વધુ છૂટું મૂકતાં તેઓ જણાવે છે કે, (જે ડહાપણ કેવળ ગાંડપણ પૂરવાર થયું છે.) વર્તમાનમાં તો જ્ઞાનવિજ્ઞાનના બીજાં ઘણાં સાધનો વધતાં જાય છે. તથા ઘણા ખંતીલા અને કેવળ વિજ્ઞાનને માટે જ આપભોગ આપનારા શોધકો પણ પાકતા જાય છે. તેથી આપણે પણ એ સાધનો અને શોધકોના સહકારથી આપણને વારસામાં મળેલા એ જ્ઞાન-ભંડારને ચકાસવો જોઈએ. એનું તમામ રીતે પરીક્ષણ કરવું જોઇએ. અને તેમ કરતાં તેમાં જ્યાં જ્યાં ફેરવવું યા વધઘટ કરવી પડે તે બધું ઘણા વિશાળ મનથી કરવું જોઈએ. આમ કરવાથી તે જ્ઞાનવારસો વધશે. અને સુરક્ષિત રહેશે. બંધીયાર જ્ઞાન વા વિદ્યા નકામી બને છે. વિશ્વસ્ત મનાતી નથી. અને છેવટે તેનો કોઇ આદર પણ કરતું નથી." (મહાવીરવાણી પૃષ્ઠ. ૬૪.)

મજકૂર શબ્દમાં લેખકે શોધક એટલે કે સુધારક વર્ગમાં પોતાની ગણત્રી કરી, પોતાને કે એ શોધકવર્ગને સમાજનો દરેક રીતે ટેકો કેમ વધુ મળે એવી ભાવના બતાવી આજે સમાજને અમારા જેવા શોધકવર્ગની કેટલી જરૂર છે એ ઠસાવવા ફોગટ પ્રયત્ન કર્યો છે. આવું તેઓ જો આજના કોઈ રાજમાન્ય પુરૂષનાં વચનને માટે પણ લખે તો તેમને ખબર પડી જાય. ઉપર કહેલી વાતનો ટુંકમાં એક જ સ્પષ્ટ પ્રત્યુત્તર છે કે શ્રી સર્વજ્ઞદેવનાં જ્ઞાનવારસામાં એક કાનો માત્ર પણ વધઘટની કશી આવશ્યકતા નથી. એ તો નિઃશંક છે કે, હાલમાં આપણને જેટલો જ્ઞાનવારસો ઉપલબ્ધ છે. તે તો સર્વજ્ઞમૂલક હોઈ તદ્દન સત્ય જ છે આથી નાનીશી ક્ષતિની સંભાવના ન જ હોઈ શકે. આ વાતને આપણે અન્વય-વ્યતિરેક દ્વારા સિદ્ધ કરી શકીએ છીએ. પછી પણ તેમાં જેને વધઘટની જરૂર જણાતી હોય કે તેમાં પોતાનું ડહાપણ ડહોળવાનું મન થતું હોય તો ખરેખર તેની કમનશીબીજ ગણાય. શ્રી કલિકાલ સર્વજ્ઞના શબ્દોમાં કહીયે તો-

तद्‌दु:षमाकालखलायितं वा
पचेलिमं कर्मभवानुकुलम् ।
उपेक्षते यत्तव शासनार्थ-
मयं जनो विप्रतिपद्यते वा ॥

(હે ભગવન્!) જે તારા શાસનની (તારા પ્રરૂપિત પ્રવચનની) ઉપેક્ષા કરે છે અથવા તો તેનો અસ્વીકાર કરે છે. (વિપરીતપણે સ્વીકારે છે.) તેનું કારણ પંચમકાલનું ચેષ્ટિત છે, અથવા તેના અશુભકર્મનો ઉદય છે.

સુંઠના ગાંગડે ગાંધી થનારા ભાઇ બેચરદાસ દોશી જેવા વર્તમાનકાલીન વિદ્વાનોની માફક જો આવી રીતે સર્વજ્ઞપ્રવચનમાં કોઇને કોઈ હસ્તક્ષેપ કરતું જ આવ્યું હોત તો બેશક એ પ્રવચન અવિશ્વસનીય અને મોક્ષસાધના માટે અયોગ્ય બનત. આજ સુધી જે જે આચાર્યો ગીતાર્થો થઇ ગયા. તેઓ જ્યાં શાસ્ત્રની પંક્તિ સમજી ન શકયા કે જ્યાં શંકાસ્થાન જણાયું ત્યાં શાસ્ત્રની નાનીશી વાતને પણ અસત્ય ન ઠરાવી. કિંવા તેનું અન્યથા ચિત્રણ પણ ન કર્યું. તેઓએ માત્ર ત્યાં એટલું જ કહ્યું કે, 'तत्त्वं केवलीगम्यम्' આ બ્યવ-

રેથા જ સર્વજ્ઞ પ્રવચનની વિશ્વસનીયતાને પુષ્ટિ આપે છે જ્યારે પોતાની જાતને વિદ્વાન માનતા ભાઇ બેચરદાસ કહે છે કે, 'જ્ઞાનવારસાને લોકમાન્ય કરવા તેમાં ઘણા વિશાળ મને વધઘટ થવી જોઇએ. જાણે એ મહાશયે જૈનપ્રવચનને 'બોડીબામણીનું ખેતર દીઠું' કેટલી હદની ધૃષ્ટતા! જ્ઞાન–વારસાને વિશ્વસ્ત બનાવવાની કેવી ક્ષણિક અને પોકળ લાગણી: મને તો લાગે છે કે આ બ્હાને પોતાના આગ્રહી વિકૃત વિચારોને જૈન પ્રવચનમાં સ્થાન કેમ મળે એ અંગત સ્વાર્થની રજુઆત મહાશયે ઘણી જ સીફતથી કરી છે. આમાં સત્યાગ્રહી દૃષ્ટિજ ક્યાં દેખાય છે? જ્યાં—પોતાના વિચારોને અનુકુળ શાસ્ત્ર બનાવવાની ઉંડે ઉંડે ભાવના ભરી હોય ત્યાં પરીક્ષણ તો કેમ જ થઈ શકે. પરીક્ષણ કરવાનો હક્ક તેને જ છે કે 'સાચું એ મારૂં' એવો જેનો અફર નિર્ણય હોય. તટસ્થ અને સત્યાગ્રહી દૃષ્ટિએ બન્ને બાજુ જોનારો હોય. આર્થિક, સામાજિક, કે રાજકીય વગેરે કોઇ પણ પ્રકારનું પ્રલોભન જેને ડગાવી ન શકતું હોય, માત્ર એક સત્યનો જ ગવેષક અને મોક્ષાર્થી હોય તે સાચા–ખોટાનો યથાર્થ નિર્ણય કરી શકે છે. મજકૂર શરતોનું પાલન આત્મશ્રદ્ધાથી જે કરી નથી શકતો તેણે પરીક્ષણનું કાર્ય બાજુએ રાખી પોતાના વિચારો આગમને અનુકૂળ છે કે નહિ! તે તપાસવા. **શાસ્ત્રને પોતાની બુદ્ધિની શરાણે ન ચઢાવતાં પોતાના વિચારો, પોતાની બુદ્ધિ સર્વજ્ઞભાષિત પ્રવચનને કેટલાં અનુસરે છે. એ જોતા શિખવું હિતાવહ છે.**

છેલ્લે જણાવીશ કે, ભાઇ બેચરદાસ દોશીએ એ ન ભૂલવું જોઇએ કે 'ભૌતિક વારસા કરતાં જ્ઞાન-વારસો અને તે પણ સર્વજ્ઞનો, તે તો ઘણો જ મૂલ્યવાન છે. જેને તેને એ ન સોંપાય. એને જેણે જેમ જેમ વધુ હસ્તગત–આત્મગત કરવો હશે તેણે આત્મિક યોગ્યતા પણ તેટલી જ કેળવવી પડશે. આ જ જ્ઞાન-વારસાને સુરક્ષિત રાખવાનો સર્વોત્તમ ઉપાય છે. નગ્ન સત્ય કહું તો સુરક્ષિત રાખવાની હિમાયત કરનારા વિકૃત માનસ ધરાવનારાઓ જ એ વારસાને સુરક્ષિત રહેવા દેતા નથી. તેવાઓજ શાસ્ત્રવચનને વિકૃતરૂપે સમાજ આગળ ધરે છે, અને પોતેજ તે શાસ્ત્ર–વારસાના પાયાને હચમચાવી મૂકે છે. એવાઓએ જ આજે ખુદ ભગવાન મહાવીરદેવ અને તેમના અનુયાયી શ્રમણવર્ગ ઉપર માંસાહારનું તહોમત ચઢાવ્યું છે. અને તે પાછું આગમશબ્દના આધારે. અનધિકારી પણે અને અયોગ્ય રીતિએ મેળવેલા જ્ઞાનનું એ ભયંકર દુષ્ટ પરિણામ છે!

યોગ્યતાની ખીલવટ વિના પોથી પુસ્તકો દ્વારા મેળવેલું જ્ઞાન સર્વોદય કરતું નથી, અભ્યુદય પણ તેનાથી નથી થતો બીજી પણ કેટલીક બાબતો તેઓએ લખી છે, જે યોગ્ય નિરાકરણની જરૂર રાખે છે. એ બધું અવસર પર રાખી આ લેખની પૂર્ણાહુતિ કરવા સાથે મારૂં નિવેદન છે કે આમાં કાંઇ શ્રી જિનાજ્ઞા-વિરૂદ્ધ મતિદોષથી લખાયું હોય તેની ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું.


## 'કલ્યાણ' માસિકની ફાઈલો

**'કલ્યાણ' ને આજે ચૌદ વર્ષ પુરાં થયાં છે. તેમાં પહેલા ત્રણ વર્ષની ફાઇલો મળતી નથી. બાકીના વર્ષની ફાઇલો પણ જુજ છે. પાછળથી વધુ કિંમત ખર્ચતાં પણ મળવી મુશ્કેલ છે.**

**દરેક ફાઇલમાં ધાર્મિક કથા–વાર્તાઓ, શંકા–સમાધાન, જ્ઞાન–ગોચરી, મધપૂડો, વહેતાં વહેણો, સમયનાં ક્ષીર–નીર વગેરે વિભાગોથી સમૃદ્ધ અવનવું સાહિત્ય પીરસવામાં આવ્યું છે. હાથમાં લીધા પછી નીચે મૂકવાનું મન નહિ થાય.**

**દરેક બાઇન્ડીંગ કરેલી ફાઇલના રૂ. પાંચ. પોસ્ટેજ અલગ. જે ફાઇલો હશે તેજ રવાના થશે.**

કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

# મધપૂડો

સં. શ્રીમધુર

## તમે વિજળીમાં માનો છો?

પશ્ચિમ બંગાળના વડાપ્રધાન ડૉ૦ બી. સી. રૉયની હાજરજવાબી તીવ્ર છે. એક વખત રશીયાના એલચી તેમને મલ્યા. અને તેમને પૂછ્યું; 'મી. રૉય! તમે ઈશ્વરમાં માનો છો?' ડૉકટર રૉયે જવાબ આપ્યો. 'હા, જરૂર.'

એટલે એલચીએ ફરી પૂછ્યું 'શા માટે? તમે તેને શું જોઈ શકો છો?' રૉયે જવાબ આપ્યો; 'શું તમે ઇલેકટ્રીકમાં માનો છો? તમે તેને જોઈ શકો છો?'

રશીયન એલચી આ રોકડા જવાબથી ડઘાઇ ગયા.

## વિરોધપક્ષની બેઠક ક્યાં?

થોડા વર્ષ અગાઉ એક પ્રવાસી મંડળ રશીયાની મુલાકાતે ગયેલું, તે વેળા ભોમીઆએ તે બધાને લેનીનની કબર, મોસ્કો વિદ્યાપીઠ, કારખાનાં અને સોવિયેટ સંઘની ધારાસભા વગેરે બતાવ્યું. આવેલા પ્રવાસીઓએ પૂછ્યું; ધારાસભામાં વિરોધપક્ષની બેઠકો ક્યાં રહે છે?' ત્યારે પેલા ભોમીઆએ ધારાસભાની બારી સામે આંગળી કરી, ત્યાંથી સામે દેખાતા કબ્રસ્તાન તરફ સૌની દૃષ્ટિ ખીંચી—અર્થાત્ તેણે મૂકવાણીમાં જવબ આપ્યો કે 'રશીયામાં વિરોધપક્ષની બેઠકો કબ્રસ્તાનમાં રહે છે.'

## તમે ક્યાંથી બોલો છો?

ઈંગ્લેંડના પહેલા વિશ્વયુધ્ધ વખતના વડાપ્રધાન શ્રી લોઈડ જ્યોર્જ કાંઈક કામ અંગે ગાંડાની હૉસ્પીટાલ તરફ જઇ રહ્યા હતા. તેમને વચ્ચે કાંઇક યાદ આવ્યું, એટલે પોતાની કાર થંભાવી, હૉસ્પીટલમાં જઈ, ટેલીફોન હાથમાં લઇ પોતાના મંત્રીને ફોન કર્યો, મંત્રી ત્યાં હાજર ન હતો. નવો કલાર્ક ત્યાં હતો, તેણે ફોન લીધો ને પૂછ્યું; 'હેલાવ! તમે કોણ છો?,

લોઈડે જવાબ આપ્યો: 'હું લોઇડ જ્યોર્જ ઈંગ્લેંડનો વડોપ્રધાન.'

કલાર્કે પૂછ્યું: 'વારૂ, તમે કયાંથી બોલો છો?'

'ગાંડાની હૉસ્પીટાલમાંથી' ઈંગ્લેંડના વડાપ્રધાને જવાબ આપ્યો.

એટલે કલાર્કે જવાબ આપ્યો; 'વારૂ. તમે જ્યાં છો તે સ્થાને તો એવા વડાપ્રધાનો, નેપોલીયનો ને એડવર્ડોનો કાંઈ પાર નથી. તમે કેટલામા નંબરના જ્યોર્જ છો! ફરી હવે આમ ટેલીફોન ખખડાવતા નહિ, નહિતર બીજે કયાંક તમને ધકેલી દેવા પડશે.

ઈંગ્લેંડના વડાપ્રધાન લોઇડ જ્યોર્જ આ સાંભળતાં ત્યાં ને ત્યાં જ થીજી ગયા.

## ના, એ નામ નહિ ચાલે!

અકસ્માતમાં સંડોવાયેલા એક ગૃહસ્થની મોટર થોભાવી પોલીસે તેમનું નામ પૂછ્યું, એટલે પેલા મોટર માલિકે પોતાનું નામ કહ્યું: 'મકનજી નથ્થુભાઈ' એટલે પોલીસે જાણે પોતે ભારે હોશિયાર છે, તેમ બતાવવા કહ્યું: 'એમ

મને નહિ બનાવાય, તમારૂં ખરૂં નામ આપો, મિસ્ટર ! આ કોંગ્રેસનું રાજ્ય છે."

પેલા ગૃહસ્થે વિચાર કરીને જવાબ આપ્યો 'લો ત્યારે લખો; ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી'

'હં, હવે બરાબર, ત્યારે પહેલાંથી જ કહેવું હતું ને ?' પોલીસે ખુશ થઇ તે નામ પોતાની ડાયરીમાં નોંધી લીધું.

**બાવન જણ ઠગાયા !**

એ દિવસના વર્તમાનપત્રમાં કાંઇ સણસણતા ખબરો નહોતા. છતાં કોઇપણ પ્રકારે છાપું ખપાવવું હતું, એટલે ફેરીઓ ભર બજારમાંથી બૂમ પાડતો નીકળ્યો : 'ગામમાં વધી પડેલો ઠગોનો ઉપદ્રવ, ૫૧ જણ ઠગાયા' આવા સનસનાટી ભર્યા ખબર સાંભલી એક રાહદારીએ છાપુ ફેરીયા પાસેથી ખરીદ્યું : પણ ઠગોને લગતી કોઈ ખબર છાપામાં ન જોઇ, આથી તે રાતો પીળો થઇ ગયો. ત્યાં થોડે દૂર એજ ફેરીયો ફરી બૂમ પાડતો સંભળાયો 'ગામમાં વધી પડેલો ઠગોનો ઉપદ્રવ બાવન જણ ઠગાયા'.

# ❋ વેરાયેલાં ફુલો ❋

( પૂ૦ ત્યાગી મુનિરાજોનાં વ્યાખ્યાનોમાંથી વીણીને સંગૃહીત કરેલાં )

**સં૦ શ્રી રમણલાલ ભોગીલાલ પારેખ ખંભાત.**

**સં**તાનોમાં સમ્યગ્ આચારો ન હોય તો તેના કારણો શોધવાં અને દૂર કરવા પ્રયત્ન કરવો.

**સં**પત્તિ આંખને આંજે છે. સદ્ભાવ હૈયાને.

**શ્ર**દ્ધાશીલ આત્મા કોઈનું અપવિત્ર નહિ કરે.

**લા**ખ કામ છોડીને ધર્મ કરવો.

**વ્યા**ખ્યાન એટલે જ્ઞાન, દર્શન ચારિત્રની આરાધનાનું પર્વ.

**પહે**રવામાં અને ઓઢવામાં અસંયમી આત્માઓ પોતાના સંયમને સાચવી શકતા નથી.

**પા**પથી મેળવેલી લક્ષ્મી મેળવનારને દુઃખી કરે છે.

**આ**ત્મામાં રહેલી તાકાતને પ્રગટાવવા માટે માનવદેહ શરણ છે.

**દુ**નિયાનાં તત્ત્વોને જાણવા માટે સુદેવ સુગુરુ અને સુધર્મ એ ત્રણ તત્ત્વો ચાવીરૂપ છે.

**ધ**નના કારણે ધર્મના કાર્યો શિથિલ થયાં નથી, પણ મનના કારણે થઇ રહ્યાં છે.

**જૈ**ન સાધુ સાચી પેઢી ચાલુ રાખે છે. કુળ અજવાળે છે; ગામ, નામ, ઠામને વર્ષો સુધી યાદ રખાવે છે.

**ગં**ભીરતા ગુણ છે. ગૂઢતા દોષ છે.

**જે**નો આત્મા ઉંઘે છે, તેના શરીરના વર્ષો ગણો, પણ જેનો આત્મા જાગે છે, તેના આત્માના વર્ષો ગણો.

**સં**યોગ કરતાં વિયોગ ઝડપી છે.

**વ્યા**વહારિક કેળવણી ઝેર છે અને તેનું વારણ ધાર્મિક સંસ્કારો છે.

**અ**જ્ઞાન, લોભ અને કદાગ્રહથી પાપ બંધાય છે.

**હે** પ્રભુ ! અમારામાં રહેલા પશુભાવને કાઢીને, માનવભાવને પ્રગટાવ. જેથી દિવ્યભાવ તરફ અમે ડગ માંડીએ !

જગતની ખામીઓને કાઢવા માટે ઝાડુ લઇને ફરનાર, પોતાની ખામીઓને પ્રથમ વિચારે.

# અ મી ઝ ર ણાં

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

શાસ્ત્રને અમાન્ય કરનારા સંઘને જે માને તે પણ ડૂબે છે.

સત્યના વિરોધથી મુંઝાવું નહિ, ખામી હોય તો સુધારવી અને સત્યની સેવામાં મક્કમપણે મંડ્યા રહેવું. એમાં જ આપણું કલ્યાણ છે.

દુનિયા સારા કહે એથી કાંઇ મુક્તિ નથી અને દુનિયા ખોટા કહે એથી કાંઈ લાંછન નથી. એમ સમજી કલ્યાણના અર્થી આત્માઓએ પોતાની શાસ્ત્રસિદ્ધ મર્યાદાઓને સંપૂર્ણ રીતે વળગી રહેવું જોઇએ.

શાંતિ–પૂર્વક શાસનસેવામાં મચ્યા રહેનારનો વિજય નક્કી છે.

જન્મવું–મરવું એ સંસારમાં સનાતન છે.

તીર્થંકરોનાં જીવન એ જ્ઞાનીનાં જીવન છે. એ મુજબ અજ્ઞાની વર્તે તો માર્યા જાય, અને અજ્ઞાનીએ તો જ્ઞાની કહે તે મુજબ વર્તવું જોઇએ.

આ રજોહરણ પ્રત્યે શ્રદ્ધા નહિ એ સાચો શ્રાવક નહિ. જેને ગમે નહિ અને વિરોધ કરવાનું મન થાય એ પરિણામે દુર્લભબોધિ થાય, સ્વયં ડૂબે અને બીજાને ડૂબાડે.

જૈનત્વ નહિ પામેલા જૈન નામ ધરાવનારાઓએજ ઈતરની દૃષ્ટિમાં જૈનશાસનને હલકું પાડ્યું છે.

ખરી વાત છે કે પુણ્યવાન આત્માઓ માટે જેટલાં મોક્ષના સાધન તેટલાંજ પાપાત્મા માટે દુર્ગતિનાં સાધન છે.

ઉત્તમ આત્મા માટે જેટલાં ઉન્નતિનાં સાધન તેટલાં જ અધમ આત્માઓ માટે અવનતિના સાધન છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિ નહિ ત્યાં સંસાર નહિ. સંસાર હોય ત્યાં આ ત્રણ હોય. આધિ વ્યાધિથી પણ ભૂંડી તો ઉપાધિ.

ઉપાધિ ન મૂકો તો આધિ વ્યાધિ પણ તમને નહિ મુકે. આ આગમ ઉપાધિમાંથી છુટવા માટે છે. આધિ-વ્યાધિના ભોગ તમે ન બનો એજ એક જ્ઞાની પુરુષોનો ઈરાદો છે.

જેનું ભવિષ્ય ભૂંડું એનો વર્તમાન સારો હોય તો એ ખોટો. જેનું ભવિષ્ય સુંદર એનો વર્તમાન દેખાવમાં ખરાબ લાગતો હોય તો પણ સારો.

અરેખર દુનિયા એ સ્વાર્થની પૂજારી છે.

અંકુશ વિનાના જાનવરો જે હાનિ ન કરે એ હાનિ અંકુશ વિનાના માનવી કરે છે.

મનુષ્ય ઉપકારી બનતો હોય તો કેવળ એના સમ્યગ્જ્ઞાનના પ્રતાપે. વિષધર પણ મણિયોગે વિષહર બને છે, તેમ મનુષ્ય ભયંકર પણ આગમની આજ્ઞાના યોગે મનોહર.

પાપથી ડરનારો. હિંસા, મૃષાવાદ, ચોરી, વ્યભિચાર, લક્ષ્મીની મમતા આદિ દોષોથી દૂર ભાગનારો અને પ્રાણિમાત્રનું ભલું જ ઈચ્છનારો એ સાચો સદ્‌ગૃહસ્થ કહેવાય છે.

શારીરિક, વાચિક, માનસિક બળનો આધાર સંયમ ઉપર છે.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં હોય તે શ્રી સંઘ અને જે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને ન માને તે સર્પ સમાન ભયંકર છે.

દુનિયાના જીવો પાસે અર્થકામની વાતો કરવી તે ક્ષત ઉપર ક્ષાર નાંખવા જેવું છે.

મુનિની ધર્મદેશનામાં સર્વવિરતિનો રસ અખંડ હોય છે.

ભવાભિનંદી આત્મા જરૂર માને એના ઉપર ધર્મનો આધાર નથી. ધર્મનો આધાર તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા ઉપર છે.

આજ્ઞા કરનાર પર પ્રેમ હોય તો આજ્ઞા પતિતને પણ તારનારી છે.

શ્રી જિનેશ્વરદેવ અને તેમની આજ્ઞા ઉપરની શ્રધ્ધાને અંધશ્રધ્ધા તરીકે ઓળખાવી તેની અવગણના કરનારા ખરેખર શ્રી જિનેશ્વરદેવને પિછાનતા જ નથી.

જેની અંદરની સુંદરતા ત્યાં બહારની અસુંદરતા મારનારી નથી, તારનારી છે. પણ જેની અંદર અસુંદરતા ત્યાં બહારની સુંદરતા મારનારી છે. એ ભૂલો નહિ.

આત્માને જ્ઞાન એવું મળવું જોઇએ કે જેના યોગે આત્મા સ્વયમેવ દિવસે–દિવસે પાપારંભથી મુક્ત બનતો જાય.

સાચી દયા ત્યારેજ આવશે કે જ્યારે જ્ઞાનીએ કહેલી વસ્તુપર રાગ થશે.

વારાંગનાની સુંદરતા વખાણવી હોય તો એનાથી થતી હાનિઓ પણ બતાવવી જોઇએ.

ગુણનો રાગી તે ગુણને પ્રશંસે કે જેમાં દોષની છાયાએ ન હોય.

ખુદ ભગવાનને હેરાન કરનારા દુનિયામાં હોઈ શકે છે, તો સામાન્ય ધર્માત્માઓને હેરાન કરનારા હોય તેમાં નવાઈ શું?

સત્યને કોઇ સંસારનો પિપાસુ, દુર્ભવી આત્મા દબાવવા માંગતો હોય તો એના ડરથી સત્યને છુપાવાય નહિ.

પ્રશંસા કરવા યોગ્ય હોય તે નિયમા અનુમોદના કરવા યોગ્ય છે. પણ અનુમોદના કરવા યોગ્ય હોય તે પ્રશંસા કરવા યોગ્ય હોય પણ ખરા અને ન પણ હોય.

શ્રી જિનેશ્વરનાં વચનો, ત્યાગી થયા વિના સારી રીતે સમજી શકાતા નથી, માટે ત્યાગી જ બીજાને સમજાવી શકે છે, અને સાંભળનાર જેટલી જેટલી પોતામાં ત્યાગની રુચિ એટલું સમજી શકે છે.

ખ્યાતિ, પ્રસિદ્ધિ અને માનપાન કે પૂજા માટે જો આગળ ભણીએ તો એ અજ્ઞાન છે, જ્ઞાન નથી.

પોતાના આત્માની જેને દયા આવે એને પારકાની આવે, પારકાની હિંસા કરવાથી પારકો તો મરે કે ન પણ મરે પણ પોતે તો નિયમા મરે.

જેનાથી હું તરૂં, જે મને તારે, એનો નાશ થતો હોય ને હું છતી શક્તિએ બેસી રહું તો એ વસ્તુનો હું સેવક નથી.

દુનિયાના અનુભવનો અહિં શુધ્ધ અને સદ્‌ભાવભર્યો ઉપયોગ કરો તો આજે શાસન જયવંતુ થાય.

ધર્મી નિરભિમાની હોય, પણ ધર્માભિમાન તો તેનામાં હોવું જ જોઇએ.

સામો પોતાની ફરજમાં મક્કમ રહે એની કદર કરનારા જ સાચા પરીક્ષકો છે.

વિરોધની સામે ધર્મીએ મક્કમ થવું એજ વિરોધને ઢીલો કરવાનું સાધન છે.

રાજાની એક આંખમાં ભયંકરતા હોય અને બીજી આંખમાં મનોહરતા હોય.

# જૈનદર્શનનો કર્મવાદ

[ સ્થિતિબંધનું સ્વરૂપ-ચાલુ ]

શ્રી ખુબચંદ કેશવલાલ શાહ શિરોહી

કર્મના સ્થિતિબંધમાં પણ અબાધાકાળ અને ભોગ્યકાળ નિયત હોય છે. 'જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ બંધાય તેના તેટલા સો વર્ષનો અબાધાકાળ હોય છે. જેમકે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ બંધાતી હોવાથી તેનો સાત હજાર વરસનો અબાધાકાળ હોય છે. એ પ્રમાણે દરેક કર્મ અંગે સમજવું. સ્થિતિબંધ જેમ ઉત્કૃષ્ટ અને જઘન્ય બે પ્રકારે કહ્યો તેમ અબાધાકાળ પણ*ઉત્કૃષ્ટ અને જઘન્ય બે પ્રકારે સમજવો. ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્કૃષ્ટ અબાધાકાળ અને જઘન્ય સ્થિતિએ જઘન્ય અબાધાકાળ હોય છે. દરેક કર્મના જઘન્ય સ્થિતિબંધે જઘન્ય અબાધાકાળ અંતર્મુહૂર્ત્તનો હોય છે.

ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિબંધના અબાધાકાળનું ધોરણ ઉપર મુજબ છે. પણ અનેક જીવો છે, તેમાં કોઇ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે, કોઈ એક સમય ન્યૂન બાંધે છે, કોઇ બે સમય ન્યૂન બાંધે, યાવત્ કોઇ પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન બાંધે છે, કોઈ તેનાથી પણ ન્યૂન બાંધે છે, તો ત્યાં અબાધાકાળનો નિયમ શો ? ત્યાં એમ સમજવું કે, ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે ત્યારે ઉત્કૃષ્ટ અબાધા, એક સમય ન્યૂન કરે ત્યારે પણ ઉત્કૃષ્ટ અબાધા, બે સમય ન્યૂન બંધ કરે ત્યારે પણ ઉત્કૃષ્ટ અબાધા, યાવત્ જ્યાં સુધી પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન બંધ ન કરે ત્યાં સુધી ઉત્કૃષ્ટ અબાધા પડે, પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન બંધ કરે ત્યારે એક સમય ન્યૂન ઉત્કૃષ્ટ અબાધા પડે, તે બીજીવાર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય ત્યારે બે સમય ન્યૂન ઉત્કૃષ્ટ અબાધા પડે. એ પ્રમાણે પ્રત્યેક પલ્યોપમના અસંખ્યાતમા ભાગે અબાધાનો એક એક સમય ન્યૂન કરતાં એક બાજુ જઘન્ય સ્થિતિબંધ અને બીજી બાજુ જઘન્ય અબાધા આવે. અથવા જઘન્ય સ્થિતિબંધે અંતર્મુહૂર્તનો અબાધાકાળ, સમયાધિક જઘન્ય સ્થિતિબંધથી માંડી યાવત્ પલ્યોપમના અસંખ્ય ભાગાધિક બંધથી આરંભી બીજો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પૂર્ણ થાય ત્યાં સુધી બે સમયાધિક અંતર્મુહૂર્તનો અબાધાકાળ પડે. એમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગાધિક બંધે સમય સમયનો અબાધાકાળ વધારતાં પૂર્ણ કોડાકોડી સાગરોપમના બંધે સો વરસનો અબાધાકાળ હોય. એ રીતે એક બાજુ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અને બીજી બાજુ ઉત્કૃષ્ટ અબાધા આવે.

ઘણા જીવોને એક સરખી સ્થિતિ બંધાયા છતાં ભિન્ન ભિન્ન ક્ષેત્ર–કાળ અને અનુભાગાદિવડે થયેલી અધ્યવસાયોની વિચિત્રતાના કારણે સરખી સ્થિતિ બાંધનાર તે સઘળા જીવો તે કર્મને એક જ ક્ષેત્રમાં, એક જ કાળમાં કે એક જ પ્રકારના સરખા સંયોગોમાં જ અનુભવતા નથી. કારણ કે અમુક સ્થિતિબંધ થવામાં અમુક જ અધ્યવસાય કારણરૂપ છે, એવું નથી. એક સરખો સ્થિતિબંધ થવામાં અનેક અધ્યવસાયોરૂપ અનેક કારણો છે, જેટલો સ્િ તિબંધ અમુક અધ્યવસાયોથી થાય છે, તેટલો જ સ્થિતિબંધ બીજા અનેક અધ્યવસાયોથી પણ થઈ શકે છે.

એટલે ભિન્ન ભિન્ન જીવોમાં ભિન્ન ભિન્ન અધ્યવસાયોથી થયેલો સ્થિતિબંધ સરખો હોવા છતાં પણ તે દરેક જીવો ભિન્ન ભિન્ન ક્ષેત્રકાળાદિ અને ભિન્ન ભિન્ન સંયોગોમાં અનુભવે છે. તે ભિન્ન ભિન્ન સંયોગોમાં અનુભવવામાં ભિન્ન ભિન્ન અધ્યવસાયો કારણરૂપ છે. ભિન્ન ભિન્ન દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ આદિ અનેક કારણોની આત્મા પર થતી અસરને લઇને જ અધ્યવસાયોની ભિન્નતા થાય છે.

આયુષકર્મ સિવાય સાતે કર્મના અબાધાકાળનું પ્રમાણ ઉપર કહ્યા મુજબ ચોક્કસ હોવાથી તે સાતે કર્મનો અબાધાકાળ અને ભોગકાળ બન્ને મળીને સ્થિતિકાળની ગણત્રી કહી છે, એટલે જેમકે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોડાકોડી સાગરોપમની કહી છે, તેમાં સાત હજાર વર્ષ અનુદયકાળનાં અને સાત હજાર વર્ષ ન્યૂન સિત્તેર કોડાકોડી સાગરોપમ (ભોગ્ય) કાળનાં એમ અબાધાકાળ અને નિષેકકાળ બન્ને મળીને સીત્તેર કોડાકોડી સાગરોપમની ગણત્રીએ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો છે. એ રીતે શેષ છ કર્મના સ્થિતિબંધને અંગે પણ સમજવું.

આયુઃકર્મના અબાધાકાળનું પ્રમાણ નિયત નહિ હોવાથી તે કર્મનો સ્થિતિબંધ અબાધાકાળ રહિત કહ્યો છે. આયુકર્મ અંગે કહેલી સ્થિતિબંધની ગણત્રી આયુ ભોગવટાના પ્રારંભથી પૂર્ણતા થતાં સુધીની સમજવી. ઉદયકાળ સિવાયની ગણત્રી આયુના સ્થિતિબંધમાં નથી. એટલે આયુઃકર્મનો અબાધાકાળ ઉપરોક્ત ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ સાથે જોડયો નથી.

વર્તમાન કાળે ભોગવાતા આયુષ્યના સમયે બંધાયેલ પરભવના આયુનો અબાધાકાળ, તે વર્તમાન આયુ જેટલું શેષ રહે તેટલો સમજવો. તેમાં અંતર્મુહૂર્તના આયુવાળો પરભવનું આયુ અંતર્મુહૂર્ત પ્રમાણ બાંધનારના હિસાબે આયુનો બંધ અને તેનો અબાધાકાળ બન્ને જઘન્ય હોય છે.

અંતર્મુહૂર્તના આયુવાળો તંદુલીયો મત્સ્ય તે તેત્રીસ સાગરોપમ પ્રમાણ સ્થિતિવાળું સાતમી નારકીનું આયુ બાંધે, તે હિસાબે આયુનો સ્થિતિબંધ ઉત્કૃષ્ટ અને અબાધા જઘન્ય હોય છે. પૂર્વકોટિ વર્ષના આયુવાળો પોતાના તે આયુના ભોગવટાની ત્રીજા ભાગની શરૂઆતમાં પરભવનું આયુ અંતર્મુહૂર્ત સ્થિતિ પ્રમાણ બાંધે તે હિસાબે સ્થિતિબંધ જઘન્ય અને અબાધાકાળ ઉત્કૃષ્ટ હોય છે.

પૂર્વકોટિ વર્ષના આયુવાળો પોતાના આયુના ભોગવટાની ત્રીજા ભાગની શરૂઆતમાં તેત્રીસ સાગરોપમ પ્રમાણવાળું દેવ કે નારકીનું પરભવનું આયુ બાંધવાના હિસાબે તે સ્થિતિબંધ અને અબાધા બન્ને ઉત્કૃષ્ટ હોય છે.

આ રીતે બધ્યમાન આયુની અબાધા ભોગવાતા આયુને આધીન છે. પણ બંધાતા આયુને આધીન નથી, જ્યારે આયુ સિવાય શેષ સાત કર્મની અબાધા બંધાતા કર્મને આધીન હોવાથી તે કર્મોમાં અબાધા બંધાતા કર્મની સત્તાના વિષયભૂત કહેવાય છે. જેથી અપવર્ત્તના વડે તે કર્મોની અબાધા ઉડાડી પણ શકાય છે, યા તો બંધાતા કર્મની સ્વજાતીય પ્રકૃતિનો તે સમયે જો ઉદય હોય તો બંધાવલિકા ગયા બાદ ઉદીરણા વડે તેનો ઉદય પણ થઇ શકે છે. આયુમાં તેમ બની શકતું નથી. કારણ કે બધ્યમાન આયુની અબાધા તે બંધાતા આયુની સત્તાના વિષયભૂત કહેવાતી નથી. આયુનો સ્વભાવ એવો છે કે અનુભવાતા ભવનું આયુ જ્યાં સુધી ઉદયમાં વર્તે છે,

ત્યાં સુધી બંધાતા ભવનું આયુ સર્વથા-પ્રદેશોદય કે રસોદયથી ઉદયમાં આવતું નથી. પરંતુ અનુભવાતા ભવનું આયુ પૂર્ણ થયા પછી જ અવશ્ય ઉદયમાં આવે.

દરેક કર્મના સ્થિતિબંધની જ્યેષ્ઠ સ્થિતિ ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ અધ્યવસાયરૂપ અશુદ્ધ કારણે બંધાતી હોવાથી શુભ અથવા અશુભ સઘળી કર્મપ્રકૃતિઓની (દેવ-મનુષ્ય અને તિર્યંચાયુ સિવાય) ઉત્કૃષ્ટ સ્થિતિ અશુભ કહેવાય છે. શુભ કે અશુભ કર્મપ્રકૃતિઓ પૈકી જે જે પ્રકૃતિના બંધમાં જે જે સંક્લેશ હેતુભૂત હોય તે તે સંક્લેશની વૃદ્ધિએ તે તે પ્રકૃતિની સ્થિતિ વધુ બંધાય, અને સંક્લેશ ઘટવાથી ઓછી બંધાય છે.

અશુભ પ્રકૃતિઓના તો રસબંધ અંગે પણ તેવી જ રીતે સમજવું, પણ શુભ પ્રકૃતિના રસબંધ અંગે સ્વયોગ્ય ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામરૂપે બંધાતી ઉત્કૃષ્ટ સ્થિતિમાં રસ અત્યંત અલ્પ હોય છે. જેથી શુભ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ રસ કાઢી લીધેલી શેલડી જેવી નિરસ હોવાથી અશુભ કહેવાય છે. દેવ-મનુષ્ય અને તિર્યંચાયુનો જ્યેષ્ઠ બંધ અશુભ કહેવાતો નથી. કારણ કે ત્રણ આયુનો ક્રમ અન્ય શુભ પ્રકૃતિઓની હકીકતથી વિપરીત રીતે છે.

ઘોલના પરિણામે થતા આયુબંધમાં તે તે આયુ બંધાઈ શકે તેટલા પૂરતા જ સર્વ સંક્લેશ કે સર્વ વિશુદ્ધ પરિણામ લેવાના હોઈ તે ત્રણ આયુ બાંધનારા જીવોમાં જે સર્વ સંક્લિષ્ટ પરિણામવાળા હોય છે તે જીવો બંધાતા આયુની સ્થિતિ જઘન્ય બાંધે છે. અને જે સર્વ વિશુદ્ધ પરિણામવાળા હોય છે તે બંધાતા આયુની સ્થિતિ ઉત્કૃષ્ટ બાંધે છે. વળી તેમાં રસની હાનિ-વૃદ્ધિ પણ સ્થિતિની હાનિ-વૃદ્ધિએ જ સમજવી. એટલે અલ્પ સ્થિતિબંધે રસબંધ પણ અલ્પ અને દીર્ઘસ્થિતિબંધે રસબંધ પણ વધુ બંધાય છે. (ચાલુ)

□

ચોમાસું હતું. ઘરમાં બહુ જ ચુતું હતું, એટલે એક ગરીબ માણસ પોતે છાપરા ઉપર ચડી ચુવા કરતો હતો. બિચારાનો પગ લપસી ગયો અને છાપરા પરથી રસ્તા પર પડયો. નીચે એક ફક્કડ પુરુષ રસ્તે ચાલ્યો જતો હતો. તેના જ ઉપર એ બિચારો ઓચિંતો પડયો. ફક્કડ પુરુષને સહેજ વાગ્યું ખરૂં પણ તેથી ય વધારે તો તેનાં કપડાં બગડી ગયાં, ફક્કડથી તે આવું કેમ સહેવાય ? તેણે ન્યાયાધીશ પાસે જઇને ફરીયાદ કરી, ન્યાયાધીશે પેલા ફક્કડ પુરુષને કહ્યું. 'આ ગરીબ માણસને પણ વાગ્યું જ છે, એને ક્ષમા કર.' ફક્કડે રોફમાં કહ્યું. 'આ ન્યાયની કચેરી છે, અહીં હું ધર્મનો ઉપદેશ સાંભળવા નથી આવ્યો. મારે તો ન્યાય જોઈએ છે.'

ન્યાયાધીશે ગંભીર મુદ્રા કરી ચૂકાદો લખી આપ્યો. 'ગરીબ માણસ ગુન્હેગાર છે તેને સજા થવી જ જોઇએ, માટે હું ફરમાવું છું કે-ફક્કડે પોતાના ઘરના છાપરા પરથી નીચે આ ગરીબ માણસ ઉપર પડવું. સંભવ છે કે, ફક્કડનું ઘર બહુ ઉંચું હોવાથી ગરીબ માણસને વધારે લાગી જાય. તેમ થાય તો તેનો ફરી ચુકાદો આપવો પડે માટે ફક્કડે સાવચેતીથી પડવું.'

( બીજમાંથી )

શ્રી કાકા-કાલેલકર

▦

# એક મનનીય ઉપનય શ્રી 'મુમુક્ષુ'

કોઈ એક અટવીમાં એક માણસ રસ્તો ભૂલી ગયો. રસ્તો શોધવાના તેના બધા પ્રયાસો નિષ્ફળ ગયા. મધ્યાહ્ન થયો. સૂર્યનો તાપ વધવા લાગ્યો. તે પુરુષને તૃષા ખૂબ જ પીડવા લાગી. ચારે તરફ નજર ફેરવતાં તેને પાણીનું સ્થાન ક્યાંય પણ દેખાયું નહીં. અકસ્માત્ તે એવી જમીન ઉપર આવી ચડયો કે જ્યાં ખાડો ખોદવામાં આવે તો પાણી અવશ્ય નીકળે. તે ખાડો ખોદવા લાગ્યો. ખોદતાં ખોદતાં તેની તૃષા વધવા લાગી પરિશ્રમથી શરીર પર પરસેવો ફરી વળ્યો. કેટલીક ધૂળ પણ દેહપર ઊડી. તેની કાયા ધૂળ અને પરસેવાથી મલિન બની ગઇ. અકસ્માત્ થોડું પાણી તે ખાડામાંથી બહાર આવ્યું. તે પાણી વડે તેની તૃષા થોડીક શાંત થઈ. તેણે અધિક પ્રયત્ન કર્યો.

હવે પાણી ખૂબ વેગપૂર્વક ઉપર આવવા લાગ્યું. તેના આનંદનો તો હવે પાર જ રહ્યો નહિં. શીતળ અને સ્વચ્છ જળથી તેની તૃષા સંપૂર્ણ શાંત બની. પછી તેણે પોતાના શરીરને સાફ કર્યું. ખાડો ખોદવા પૂર્વે તેનાં દેહ પર જે મેલ હતો તે દૂર થઇ ગયો. ખાડો ખોદતી વખતે જે ધૂળ અને પરસેવો ભેગાં થયાં હતાં તે પણ ચલ્યાં ગયાં. તેનું શરીર નિર્મળ બન્યું તેને નવી તાઝગી મળી. પુણ્યોદયથી રસ્તો બતાવનાર કોઇ માણસ તેને મળ્યો. તે રસ્તે લાગ્યો.

મોક્ષમાર્ગથી દૂર રહેલો જીવ આવી જ રીતે ભવ-અટવીમાં રઝળી રહ્યો છે. વિષય-તૃષ્ણા તેને પીડી રહી છે. પાપરૂપ મેલનાં થરનાં થર તેના આત્મ-દેહપર બાઝી ગયા છે. કષાય સૂર્યના ભીષણ તાપથી તે તપી રહ્યો છે. મહાન ભાગ્યોદયથી તેને વિવેકભૂમિની પ્રાપ્તિ થાય છે. તે દ્રવ્યસ્તવ (પુષ્પ વગેરે વડે જિન-પૂજાદિ) રૂપ ખાડો ખોદે છે. પૂજામાં તેને શ્રમ પડે છે. સ્નાન, પુષ્પ વગેરેમાં જે અલ્પ આરંભ થાય છે તે ધૂળનાં સ્થાને સમજવો. દ્રવ્યસ્તવ રૂપ ખાડામાંથી તેને શુભ ભાવરૂપ જલની પ્રાપ્તિ થાય છે.

ભાવરૂપ જલની પ્રાપ્તિથી તેનો આનંદ ત્રણે ભુવનમાં માતો નથી. આવો આનંદ તેને પૂર્વે આ ભવચક્રમાં કદી પણ થયો ન હતો. તેથી તેની વિષયતૃષ્ણા શાંત બને છે. પૂર્વ-સંચિત કર્મરૂપ મેલ ઓછો થવા લાગે છે. પુષ્પાદિમાં થયેલ આરંભ રૂપ ધૂળ, ભાવ રૂપ જલના પ્રવાહમાં વહી જાય છે.

દ્રવ્યસ્તવના અચિંત્ય પ્રભાવથી ખેંચાઇ આવેલા સુસાધુઓનો તેનો સંગ થાય છે. દેશના-રૂપ પુષ્કરાવર્ત મેઘની વર્ષાથી કષાય સૂર્યે આપેલો તેનો તાપ શમી જાય છે. તેની બુદ્ધિ નિર્મલ બને છે. તે દાનાદિ ધર્મોનું યથાશક્તિ સેવન કરે છે તેથી તેનો પાપમલ અધિક અધિક ખરી પડે છે, તે શ્રાવક ધર્મના પરિ-પાલન માટે યોગ્ય બને છે. અનુક્રમે મુનિ-જીવન જીવવાનાં કોડ તેના મનમાં જાગે છે, અને તે મોક્ષમાર્ગપર આગળ વધે છે.

---


## ભેટ મળશે

જેઓએ શ્રી વર્ધમાનતપની ૫૦ થી અધિક ઓળીનું આરાધન કર્યું હોય તેઓને અમદાવાદ નિવાસી **શેઠ શ્રી જેચંદભાઇ કેવળદાસ** તરફથી **શ્રી વર્ધમાન તપ માહાત્મ્ય** નામનું ૪૦૦ પાનાનું પુસ્તક ભેટ મળશે. સીરનામું તથા ઓળી કેટલામી છે, તે જણાવવું જરૂરી છે.

**કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા**

# હે તારક ! મને કોણ બચાવે ?

પૂ૦ મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજ

હે અનંત દયાના સાગર ! દેવાધિદેવ ! હાથની અંજલીમાં રહેલા પાણીની જેમ ક્ષણે ક્ષણે આયુષ્ય ઓછું થાય છે, એ ચોકખું સમજાય છે. આ ભવની મુદત ગઇ એટલી હવે બાકી નથી, એ દીવા જેવું દેખાય છે. સંસારની સ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે એવો સ્પષ્ટ અનુભવ થાય છે, છતાં પણ આ પામર જીવને, વિષયનો પ્રેમ, અને આરંભ-પરિગ્રહનો રસ જરાય ઓછો થતો નથી, એનું શું કારણ હશે ? શું આ જીવને ભવમાં હજુ બહુ ભટકવાનું હશે ? શું ભવિતવ્યતા સુંદર નહિ હોય ? શું કર્મ આત્માને બાધક થતા હશે ? કે પુરૂષાર્થમાં ખામી હશે ?

જ્યારે આપના શાસન દ્વારા મળેલી કાંઇક સમજણ વડે વિચાર કરૂં છું ત્યારે મને મારા પુરૂષાર્થની જ ખામી જણાય છે.

જીંદગી સુધી અવળો પુરૂષાર્થ કર્યો છે અને હજુ એજ ચાલુ છે. ઉંમર વધતી જાય છે, અને આયુષ્યની પરિસમાપ્તિ નજીક આવતી જણાય છે, તો પણ વિષયના રસમાં, અને પરિગ્રહના મમત્વમાં જરાય ફરક પડતો નથી, પણ એ બધું વધતું જતું અનુભવાય છે ! શું મારો આ ભવ આવી જ વિટંબણામાં પસાર થવાનો છે ? ક્રોડો ભવોમાં પણ દુર્લભ એવી ઉત્તમોત્તમ સામગ્રી પામીને હું સ્હેજ બહારથી ધર્મ કરી, ઉપર ઉપરથી થોડો દેખાવનો ધર્મ કરી, અજ્ઞાની અને સ્વાર્થી લોકો પાસેથી મળેલા, ધર્મીપણાના ખિરૂદથી અભિમાનમાં મસ્ત બનીને જ આ જીવન પૂરૂં કરીશ ?

સાચી આત્મ-વિચારણા, પ્રબળ આત્મ—ચિંતા, ઉંડી વિવેકદષ્ટિ, પ્રખર વૈરાગ્ય, સુંદર ત્યાગ, ઉત્તમોત્તમ અનુષ્ઠાન વગેરે વસ્તુઓ આ જીવનમાં શું હું નહિ પામી શકું ?

હે સ્વામિન્ ! આ જીવને વાસ્તવિક ધર્મ ન થઇ શકયો એનો ખેદ થતો નથી, અવસરે કોઇ આરંભાદિ મહાપાપથી ભરેલું સાંસારિક કાર્ય ન થઇ શકયું એનો ખેદ થઈ આવે છે. **"ધર્મકાર્યમાં સંતોષ અને મહાપાપમય દુનિયાદારીમાં અસંતોષ"** આવી વિચિત્ર મનોદશામાં હું મ્હાણી રહ્યો છું. આગળ વધવાની શક્તિ નથી, એમ કેમ કહેવાય ?

સંસારસુખની વાસનામાં તરબોળ થયેલો, આ હઠીલો જીવડો, છતાં-સાધને આગળ વધવાનો વિચાર કરતો નથી. આ ભવમાંથી ગયા પછી તત્ત્વદૃષ્ટિ પામવાના, આત્મપરિણતિ નિર્મળ બનાવવાના સંયોગો કયારે મળશે ? એ કહી શકાય તેમ નથી, છતાં હું મૂઢ બનીને, આત્માને ભૂલીને, પાપના રસમાં અધિક અધિક ડૂબતો જાઉં છું. હે તારક ! મને કોણ બચાવે ? ભર-બજારમાં છતી પોલીસે લુંટાઉં છું. હે પરમ-કરૂણા-નિધાન ! ક્ષણે ક્ષણે તમારા ઉપદેશ-વચનો હૈયામાં વસતા રહે અને સર્વ અવસ્થામાં તમારૂં જ ધ્યાન રહે, એજ મારી માગણી છે.

# જૈનદર્શનની અણમોલ ભેટ–સ્યાદ્વાદ:

શ્રી એન. એમ. શાહ

જૈનદર્શનની અહિંસા સ્યાદ્વાદ, અને સમ્યગદર્શન આ ત્રણ અનુપમ ભેટ છે, એ વિષે કોઇપણ ના કહી શકે એમ નથી. મહાન વૈજ્ઞાનિકે "સાપેક્ષવાદ" the theory of relativity ખોળી કાઢી, અને એ વિષય ઉપર અનેકાનેક પુસ્તકો લખાયાં, છતાં આઇન્સ્ટાઇને કહ્યું છે મારી theory-(થીયેરી) જગતમાં માત્ર દસ જણા જ સમજી શકે છે;" પરંતુ જૈનદર્શનનો આ સ્યાદ્વાદ, અનેકાંતવાદ કે સાપેક્ષવાદ તો ખરેખર સમજવા જેવો છે. એની યથાર્થ સમજણ આવે, તો ખરેખર સાંસારિક કલહ, કંકાસ, ઈત્યાદિ જરૂર નષ્ટ થાય.

આજે જગતમાં અનેક વાદો, સમાજવાદ, સામ્યવાદ, શાહીવાદ, નાઝીવાદ વગેરે ચારે તરફ દેખાય છે. "સત્ય કોઈ અમુક વાદમાં બંધાતું નથી, પણ આ તો દરેક વાદો પોતાના 'વાડા' બાંધી, પોતાનું શ્રેષ્ઠત્વ સાબીત કરવા માટે જગતમાં ઝગડયા કરે છે, અને ઝગડામાં શાંતિ કયાંથી હોય?

અનેકાંતવાદ–કોઇપણ એક વસ્તુમાં અનંત ધર્મો છે, અને તેનું અનેક રીતે સમર્થન કરી શકાય છે; અથવા વધુ સારી રીતે કહેવું હોય તો વસ્તુમાત્રમાં અનંત ગુણો છે. દા. ત. "આત્મા" અનંત ગુણોનો ભંડાર છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર ઈત્યાદિ.

"હે સ્યાદ્વાદ! ધન્ય છે તને, તેં અમારા ચક્ષુઓ ખોલ્યાં છે"

કોઇ એક ગામમાં હાથી આવ્યો હતો, ત્યાં સાત આંધળાઓ તેની પરીક્ષા કરતાં, દરેક જણ જુદા જુદા અવયવોને અડકીને તે તે રીતે કહે છે, "આ તો થાંભલો છે: આ દોરડું છે" ઇત્યાદિ, આમ એક જ વસ્તુને અપેક્ષાએ જોઈ શકાય છે, માટે તેને 'સાપેક્ષવાદ' પણ કહેવાય છે.

દા. ત. એક જ વ્યક્તિ પુત્રની દૃષ્ટિએ પિતા છે, પત્નીની દૃષ્ટિએ પતિ છે, માતાની દૃષ્ટિએ પુત્ર છે, મામાની દૃષ્ટિએ ભાણેજ છે, ઇત્યાદિ. આમ એક એક વ્યક્તિ અપેક્ષાએ મામા, પુત્ર, પિતા, ભાણેજ, પતિ ઇત્યાદિ હોય છે, એ જ અનેકાંતવાદને બહુ સારી રીતે સમજાવે છે. જગતમાં અનેક ધર્મો છે, અનેક સંપ્રદાયો છે, અનેક ગ્રંથો છે, અનેક સંતો છે, આ બધા જો અનેકાંતવાદથી તત્ત્વનું પ્રતિપાદન કરે તો તે બધા યથાર્થ બને છે.

"સમ્યગ દર્શન"ને નિર્મળ કરવા માટે માનવીએ આ અનેકાંતવાદનો અવશ્ય અભ્યાસ કરવો જોઈએ.

"સ્યાદ્વાદ"નો વિષય અત્યંત ગહન છે, પણ જો એકવાર એ ઉચિત રીતે સમજાઇ જાય, તો ખરેખર શ્રેય થયા વિના રહે નહિ. અનેક પ્રશ્નો, પછી તે રાજકીય, સામાજિક, આર્થિક કે ધાર્મિક હોય, પણ એની ગૂંચો સરળતાથી ઉકેલી શકાય. એ કોઇ અમુક 'વાદ' કે 'સંપ્રદાય' ને અમુક રીતે સમજાવતો નથી, પરંતુ "સત્ય" શું છે, તેનું અનેક દૃષ્ટિએ, અનેકોની દૃષ્ટિમાં, તેને ખોળી કાઢવામાં સહાયક છે. જૈનદર્શન અપૂર્વ છે, અને તેમાં આવા તત્ત્વજ્ઞાનની શોધમાં અત્યંત સહાયક 'તત્ત્વ' સ્યાદ્વાદ છે, એમાં બે મત નથી. એને જ્ઞાનીઓએ પ્રશસ્યો છે, અને અજ્ઞાનીઓનાં નેત્ર ખોલ્યાં

છે. એ વિષય ઉપર અનેક પ્રકારના પુસ્તકો, લેખો, ઇત્યાદિ લખાયેલા છે, પરંતુ આપણે તો સંક્ષિપ્તમાં જ એનો "અભ્યાસ" કરીશું.

જૈનધર્મ–કોઇ પણ "ધર્મ" ને શબ્દોમાં સમજવો કઠીન છે, વ્યાખ્યાઓ પણ તેને પૂરો સમજાવી શકે, છતાં "સ્યાદ્વાદ" તે સમજવામાં સહાય કરી શકે એમ છે, એની ના પડાય નહિ.

જડ અને ચેતનનું ભિન્નત્વ સમજવામાં સ્યાદ્વાદ અત્યંત સહાયક છે. પ્રાણીમાત્રના અંતર્ગત ગુણો સમાન છે.

દુનિઆમાં કોઈ પણ વચન સાપેક્ષ નયવાદથી વિચારવામાં આવે તો અસત્ય નથી, કારણ કે કોઈ પણ નયની અપેક્ષાએ કોઇ પણ વચન સત્ય હોય છે. જેટલા વચનના માર્ગ હોય છે તેટલા નયવાદો છે, અને જેટલા નયવાદો છે તે પરસ્પર એક બીજાની સાપેક્ષતાની સાંકળવડે જોડાએલા છે, તો જ તે સુનય બની શકે છે.

"નય" એ વસ્તુમાત્રને સમજવાની ઉપયોગી ચાવી છે. કોઇપણ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ જોવું હોય તો સર્વ નયોની અપેક્ષાવડે જોવું જોઇએ. એમાં મુખ્યત: સાત નયો છે, અને તેમાંથી સમ્યગ્જ્ઞાનીને સમ્યક્પ્રકારે સર્વ બાબતોનું જ્ઞાન થાય છે.

"નય" એટલે શું ? નયો કેટલા પ્રકારના છે ? અને વાસ્તવિક રોજિંદા જીવનમાં તે કેવી રીતે અમલમાં મૂકી શકાય ?" જ્ઞાનીઓએ આ પ્રશ્નનો અત્યંત સૂક્ષ્મ અભ્યાસ કર્યો છે, તે ખરેખર પ્રશસ્ય છે. આધુનિક કાળમાં પણ એનો ઉપયોગ માનવમાત્રને ઉપયોગી અને તારનાર છે, એ વિષે પણ કોઇ શક નથી.

"સ્યાદ્વાદ" જીવને સમ્યગદર્શન પ્રત્યે લઈ જાય છે. જગતના કોઇ પણ પદાર્થને અપેક્ષાથી સમજવામાં આવે છે, તે 'નય' છે. આ નયોના આમ તો ઘણા પ્રકાર છે, પણ એના મુખ્ય સાત ભેદ છે, અને તે સાતે, બે મુખ્ય વ્યવહાર અને નિશ્ચયનયમાં વહેંચાઇ જાય છે. જે વસ્તુ સત્ છે, તે સત્ છે, ત્રિકાળ સત્ છે, એમ વસ્તુના મૂળગત સ્વાભાવિક 'ગુણો' ને લક્ષીને જે સમજાવે તે 'નિશ્ચયનય' છે. દા. ત:

નિશ્ચયનયની દૃષ્ટિથી દરેક આત્મામાં અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય ઈત્યાદિ ગુણો રહેલા છે.

પરંતુ વ્યવહારનયના ભેદે, જુદાં જુદાં પ્રકારના કર્મોને લઇ, જુદાં જુદાં પ્રકારના 'જીવો' વર્તમાનમાં પણ છે.

આ 'બન્ને નયો' સાત પ્રકારમાં વહેંચાઇ જાય છે.

આ નયદૃષ્ટિ સ્યાદ્‌વાદને સમજવાની ચાવી છે.


## જૈન દહેરાસરો માટે ઉત્તમ

નવા અગર જીર્ણોદ્ધાર થતા દહેરાસરોમાં વાપરવા માટેનો ઉત્તમ સફેદ પત્થર છે.

o

જે મુંબઈ, અમદાવાદ, સુરેન્દ્રનગર, કડી, કલોલ, મહેસાણા, વીસનગર વગેરે ગામોના દહેરાસરોમાં વર્ષોથી વપરાય છે.

o

વિશેષ વિગત તેમ જ ભાવતાલ માટે પૂછાવો

**શાહ માણેકચંદ લાલચંદ**

પત્થરના વેપારી

સ્ટેશન રોડ **મોરબી** (સૌરાષ્ટ્ર)

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા........

# રાજદુલારી



લેખક: વૈદરાજ શ્રી. મોહનલાલ ચુનીલાલ ધામી

**વહી ગયેલી વાર્તા :** રાજા શંખસેનની મહારાણી બનેલ કલાવતી ગર્ભવતી બને છે, ત્યારે દેવશાલથી વિજયસેન રાજા પોતાની પુત્રીને પિતૃગૃહે બોલાવવા પોતાના વિશ્વાસુ માણસોને શંખપુર મોકલે છે. શંખપુર આવીને તે પરિવાર રાજા શંખને મલે છે. ને દેવસાલ નગરથી યુવરાજ જયસેને પોતની બહેન માટે મોકલેલ વજ્ર કંકણ મહારાણી કલાવતીને આપે છે. ભાઇના પ્રેમને યાદ કરી બહેન જે નિખાલસ પ્રેમભર્યા શબ્દો ઉચ્ચારે છે, તે પાછળ ખંડમાં બેઠેલ શંખસેન રાજાનાં અંતરમાં વ્હેમનો અંગારો સળગાવે છે. પોતાની પ્રાણપ્રિયા મહારાણીનું અનિષ્ટ કરવા રાજા મનમાં યોજના ઘડે છે. પોતે વનવિહાર માટે નીકળી પડે છે, ને પાછળથી એ બહાને રાણી કલાવતીને વનમાં ધકેલી દેવાનો સંકલ્પ કરે છે: હવે વાંચો આગળ:

## પ્રકરણ ૧૯ મું

## રાત આવી પડી ?

માનવીની આશા, ભાવના અને ઊર્મિ અનેક રંગો વડે રંગાતી જ હોય છે અને જેવા જેવા રંગ પ્રગટે છે તેવાં તેવાં રંગીન ચિત્રો માનસ પટમાં રમતાં થાય છે.

સ્વામી વનવિહાર માટે સ્થળ નક્કી કરવા ગયા છે અને સ્થળ નક્કી કર્યા પછી તરત જ તેડાવી લેશે. આવી આશામાં રમતી રાજદુલારીને એક એક પળ યુગ યુગ સમી જણાવા માંડી.

તેના પ્રાણમાં તો થતું હતું કે સ્વામીના હૃદયમાં પોતે જ અજોડ સ્થાન મેળવી શકી છે અને સ્વામીનો પવિત્ર પ્રેમ પ્રાપ્ત કરી શકી છે... એ પ્રેમને વશ બનીને જ સ્વામી મારા આ સગર્ભાવસ્થાના દિવસો આનંદમાં જાય એટલા ખાતર વનવિહારનું આયોજન કરવા માટે ગયા છે.

કલાવતીના પ્રાણમાં કેટલો વિશ્વાસ, કેટલી શ્રદ્ધા અને કેટલો પ્રેમ છલકતો હતો ?

એ તો વાટ જ જોતી હતી. હમણાં રથ તેડવા આવશે... સવારે આવશે... સાંજે આવશે...

પણ રથ આવ્યો જ નહિં.

બે ચાર દિવસે માત્ર સમાચાર આવતા કે મહારાજને હજી સુધી યોગ્ય સ્થળ મળ્યું નથી. તેઓ અતિ સુંદર અને રમણીય સ્થળ શોધી રહ્યા છે !

અને કલાવતીના ચિત્તમાં આશાનો રંગ ચમકી ઉઠતો... નવી ચમક સાથે... નવાં ગીત સાથે.

આશાના ગીત મનની અને સંસારની મોટામાં મોટી પળોજણ છે. આશાના ગીત જ્યાં સુધી ગવાતાં હોય છે ત્યાં સુધી માનવી બીજા પ્રશ્નો વિચારી શકતો નથી અને આશાનાં ગીતમાં જ ગુંગળાયેલો રહે છે.

કલાવતી આશાના દોર પર રમતી હતી... આ રમતમાં ને રમતમાં દોઢ મહિનો ચાલ્યો ગયો.

પણ એને કલ્પના ય નહોતી કે વહેમના વિષથી માનવતા ગુમાવી બેઠેલો સ્વામી કેવી કેવી યોજનાઓ વિચારી રહેલ છે... ?

આ તરફ વિષદગ્ધ બનેલો રાજા શંખ પોતાના રસાલા સાથે વિધવિધ વનપ્રદેશ અને ગ્રામપ્રદેશમાં ઘુમી રહ્યો હતો. રાજા શંખનો આ રઝળપાટ મનની શાંતિ માટેનો હતો, મનને અન્યત્ર વાળવાનો હતો... પરંતુ મન એવી વિચિત્ર વસ્તુ છે કે મનને ગમતી વસ્તુ ભૂલવાનો પ્રયત્ન કરીએ તેટલું મન વધુ ને વધુ તે વસ્તુને વળગતું રહે.

રાજા શંખે મનમાં એક યોજના ઘડી રાખી હતી... પણ તે યોજના અમલમાં કેવી રીતે મૂકવી તે પ્રશ્ન તેને ખૂબ જ મુંઝવી રહ્યો હતો.

આ યોજનામાં સલાહ લઇ શકાય એવો શ્રીદત્ત પણ હાજર નહોતો. એટલે મનની વરાળ ઠાલવવાનું ઠેકાણું રહ્યું નહોતું.

માનવીના મનની વરાળ ઠાલવવાનાં સ્થળો જ્યાં બંધ થાય છે અથવા દૂર ઠેલાય છે ત્યારે માનવીનો નિર્ણય ઘણીવાર માનવતા વિહોણો બની જાય છે.

બીજા પંદર દિવસ ચાલ્યા ગયા.

સાતમો મહીનો પુરો થઇ ગયો. કલાવતી દૌહદયિની બની ગઈ. હવે તો પ્રવાસે જવું એ પણ વિચારણીય બની ગયું.

અને એક દિવસ સંધ્યા પછી મહારાજનો સંદેશ અને મુદ્રિકા લઈને એક માણુસ રથ સાથે આવી પહોંચ્યો.

રાજા શંખે સંદેશ પાઠવ્યો હતો કે: "તારૂં ચિત્ત પ્રસન્ન રહે એવું સ્થળ મળી ગયું છે... બબ્બે માસના અથાગ શ્રમ પછી પ્રકૃતિના પારણા જેવું મનોહર અને નયનમધુર સ્થળ મળી ગયું છે તને લેવા માટે મારો વિશ્વાસુ દાસ આવ્યો છે તેની સાથે જ આવજે. કોઈ દાસીને સાથે લાવવાની જરૂર નથી. કારણુ કે અહીં તારા સ્વાગત માટે બધી વ્યવસ્થા કરી છે અને સ્થળ એવું સુંદર છે કે તું ને હું જીવનની કવિતા ગુંથીને આનંદપૂર્વક રહી શકીશું, માટે વિલંબ વગર તરત નીકળી જજે. વિશ્વાસ માટે મારી મુદ્રિકા આપી છે."

સ્વામીનો સંદેશ જોઇને કલાવતી પ્રસન્ન થઇ ગઇ. સતી સ્ત્રીઓ સ્વામીના સંદેશથી કદી અપ્રસન્ન બનતી નથી. કલાવતી સમજતી હતી કે અત્યારે આઠમા માસે પ્રવાસ કરવો તે ઉચિત નથી, છતાં સ્વામીની આજ્ઞા, સ્વામીનો હર્ષ અને સ્વામીએ પાઠવેલો સંદેશ એને માટે મહાન બની ગયો.

તેના મનમાં એમ હતું કે એક પરિચારિકાને સાથે લઈ લેવી. પણ સ્વામી ઇચ્છતા નથી માટે એમ ન કરવું જોઇએ.

કલાવતીએ રાતોરાત પ્રવાસની તૈયારી કરી લીધી, વસ્ત્રોની એક પેટિકા લીધી. હીરક વલય તો તેણે પહેર્યા જ હતાં. બીજા પણ કેટલાક અલંકારો લઇ લીધા અને વળતેજ દિવસે તે સ્વામીએ મોકલેલા વિશ્વાસુ દૂત સાથે રથમાં બેસીને વનવિહાર માટે નીકળી પડી.

રથની રક્ષા માટે બે સશસ્ત્ર સૈનિકો પણ સાથે આવેલા હતા.

આર્ય સન્નારી સ્વામીના આનંદ ખાતર અને સ્વામીની પ્રસન્નતા ખાતર પોતાનાં અનેક સુખો કે દુઃખોની કલ્પના પણ કરવા તૈયાર રહેતી નથી. નારીનો આ સર્વ શ્રેષ્ઠ અર્પણ ભાવ છે. નારી પુરુષની ગુલામ છે અથવા પુરુષના ચરણુની દાસી છે એમ નથી પરંતુ નારીએ પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હોવાથી તે પોતાને સ્વામીનું જ એક અંગ માની રહેલી છે.

કલાવતીના પ્રાણમાં કોઇ પણ પળે સ્વામી સિવાય અન્ય કોઇ પુરુષની કલ્પના સરખીયે આવી નહોતી. તેણે પોતાના સુખ દુઃખની સમગ્ર ભાવના સ્વામીમાં જ સ્થિર કરી હતી. તે સમજતી હતી કે સંસાર કોઈ કાળે હિતાવહ નથી... કેવળ અગ્નિના કુંડ સમો છે... જો આ અગ્નિ કુંડ વચ્ચે રહીને પણ દાઝવું ન હોય તો સ્ત્રીએ પોતાની ત્યાગ ભાવનાનાં જરાયે આંચ ન આવવા દેવી જોઇએ. જેને પોતે અર્પણ થઇ ચૂકી છે... મનથી, વચનથી અને કર્મથી જેને પોતાના પ્રાણુ સ્વરૂપ માનેલ છે તેની જ પ્રસન્નતામાં પ્રસન્ન રહેવાનું તપ હર્ષ પૂર્વક આદરવું જોઈએ.

આ તપ એ નારીના મનની સંકુચિત સ્થિતિ નથી... પણ એના મહાપ્રાણુની જીવંત પ્રતિતિ છે.

એથી જ કલાવતી રથમાં બેસીને વહેલી સવારે વિદાય થઈ ગઈ.

સાથે કોઇ દાસી ન હતી, હા, અંતરમાં સ્વામીના દર્શનની એક માત્ર આશા હતી... તમન્ના હતી... ભાવના હતી.

દિવસનો બીજો પ્રહર પુરો થવા આવ્યો ત્યારે આશાના સ્વપ્ન ગુંથી રહેલી કલાવતીએ સારથીને પ્રશ્ન કર્યો: 'સારથી, હજી કેટલે દૂર છે?"

"મહાદેવી, હજી દૂર છે .. સંધ્યા પહેલાં આપણે પહોંચી જઈશું. અહીં એક જળાશય આવે છે ત્યાં થોડીવાર વિરામ કરી લ્યો."

"નહિં સારથી, મહારાજ મારા આગમનની

પ્રતીક્ષા કરતા હશે... વિરામની કોઇ જરૂર નથી." કલાવતીએ કહ્યું.

"મહાદેવી, અશ્વોને થોડો આરામ જરૂરી છે... આપ પણ થોડું પાથેય જમી લો..." સારથીએ કહ્યું.

કલાવતીને થયું કે સંધ્યા સુધી અશ્વો કેવી રીતે દોડી શકે અને માણસ પણ ભુખ્યા કેમ રહી શકે? તે બોલી "સારું... ઉત્તમ સ્થળે રથ ઉભો રાખજો."

એમ જ થયું.

એક સુંદર જળાશય પાસે વૃક્ષની ઘટા વચ્ચે રથ ઉભો રહ્યો.

પાથેયના બે દાબડા રથમાં મૂકયા હતા. કલાવતીએ થોડું ભોજન કર્યું... બે સૈનિકો અને સારથીએ પણ ભાતું વાપર્યું. અશ્વોને પણ આસપાસના હરિયાળા પ્રદેશમાંથી ઘાસ લાવીને નીર્યું.

ત્રણેક ઘટિકા પછી પ્રવાસ પુનઃ શરૂ થયો... કલાવતી જોઇ શકી કે રથ કોઈ અજાણ્યા વનમાં જઇ રહ્યો છે... શું આ સુંદર જણાતા વનમાં સ્વામીએ પડાવ નાખ્યો હશે? તેણે સારથીને પ્રશ્ન કર્યો: "મહારાજ આ વનમાં બિરાજે છે?"

"ના મહાદેવીજી..."

"તો..."

"હજી દૂરના વનમાં છે."

"સંધ્યા પહેલાં તો આપણે પહોંચી જઇશું ને?"

"હા, મહાદેવી,"

રથ તીવ્રગતિએ જઈ રહ્યો હતો. અશ્વો વનમાર્ગના અનુભવીઓ તેજસ્વી હતા. રથ પણ ઉત્તમ હતો. છતાં કોઇ કોઇ વાર કલાવતીને આંચકા લાગતા હતા. પરંતુ સ્વામીના દર્શનની તીવ્ર આશામાં તે થડકાઓથી થતું દુઃખ સાવ વિસરી ગઈ હતી.

આશાભર્યા નયને રાજદુલારી પશ્ચિમ ગગન તરફ અવાર-નવાર જોતી હતી.

વન ઘણું ભયંકર અને ગાઢ જણાતું હતું.

સૂર્ય અસ્તાચલ તરફ જઇ રહ્યો હતો. ગાઢ વનને કારણે ધીરે ધીરે અંધકાર છવાતો જતો હતો.

કયારે સ્વામીનો પડાવ આવશે?

કયારે પ્રિયાને નિરખવા માટે આતુર બનેલ નયનોની ચમક નિહાળી શકાશે?

અધીર બનેલી કલાવતીએ સારથી સામે જોઈને કહ્યું:" પડાવ કેટલે દૂર છે?

"હમણા જ આવશે...હવે બહુ દૂર નથી."

કલાવતીએ ચારે તરફ નજર કરી. કયાંય પડાવ દેખાતો નહોતો... ગાઢવન...! વિધવિધ પ્રકારનાં વિરાટ વૃક્ષો...! પંખીઓનું સાયં ગાન!

અને અર્ધઘટિકાની તીવ્ર અધીરાઈ વચ્ચે રથ એક નદી કિનારે ઉભો રહી ગયો.

સારથીએ કહ્યું: "મહાદેવી, પડાવ આવી ગયો છે.."

હર્ષ ભર્યા નયને ચારે તરફ જોતાં કલાવતી બોલી:" કયાં છે? મહારાજ કે એનો રસાલો કશું દેખાતું નથી..."

સારથીએ વિનયભર્યા સ્વરે કહ્યું: "મહાદેવી, પડાવ મહારાજનો નહિં પણ આપનો આવી ગયો છે."

આ શબ્દો સાંભળીને કલાવતી એકદમ ચમકી ઉઠી, બોલી:" સારથી, તરા કથનનો અર્થ મારાથી સમજાયો નહિં."

"મહાદેવી, સૌથી પ્રથમ હું આપની ક્ષમા માગી લઉ છું. મહારાજની આજ્ઞાનું પાલન કરવું એ મારો ધર્મ છે...એટલે આપને આવા નિર્જન અને ભયંકર સ્થલે લાવ્યો છું. મહારાજે મને આજ્ઞા કરી છે કે મહાદેવીને નિર્જન અને ગાઢ વનમાં દૂર દૂર ઉતારવાં અને કહેવું કે..."

કલાવતીના પ્રાણમાં ભારે ઉથલપાથલ મચવામાંડી હતી. ને ધ્રૂજતા સ્વરે બોલી: "કહો..."

"મહાદેવી, કહેતાં મારૂં હૃદય કંપી ઉઠે છે... પણ કહ્યા વગર ચાલે તેમ નથી, "

નિઃસંકોચ કહો. મારા સ્વામીનો જે કંઈ સંદેશો હશે તે હું હસતા હૈયે મસ્તકે ચડાવીશ."

મહાદેવી, મહારાજે મને આજ્ઞા કરી છે કે આપના બંને હાથનાં કાંડા હીરકવલય સાથે કાપીને મારે મહારાજને આપવા અને આપને ગાઢ વનમાં છોડીને ચાલ્યા આવવું.'' સારથીએ કહ્યું.

કલાવતી વિચારમાં પડી ગઇ. પોતાનો એવો કયો અપરાધ હશે કે મહારાજે આવી આજ્ઞા કરી છે?

તે સ્વસ્થ મનથી બોલી! ''મારો કંઇ અપરાધ જણાવ્યો છે?''

''ના...પરંતુ...''

''આપને આપવાનો એક પત્ર આપેલો છે.''

''તો મને એ પત્ર સત્વર આપ...અંધકાર ગાઢ બને તે પહેલાં વાંચી લઉં.''

સારથીએ કમરબંધમાં રાખેલો એક પત્ર કાઢીને મહાદેવીના હાથમાં ધ્રૂજતા હાથે મૂકયો.

કલાવતી ખૂબ જ સ્વસ્થ અને નિર્ભય જણાતી હતી. તેણે તરત સ્વામીનો પત્ર ખોલ્યો...

સંધ્યાના અંતિમ અજવાળા પણ વિદાયની તૈયારીમાં પડયાં હતાં.

કલાવતીને પત્રમાં લખ્યું હતું :–

''કલાવતી, નારી એ પાપ, પ્રપંચ અને છલનાની જ પ્રતિમા છે એવું મેં સ્વપ્ને પણ માન્યું નહોતું... પરંતુ તારા રૂપ પાછળ એક કુલટા નારીનું હૃદય ધબકતું હશે એનો પરિચય મને ઘણો મોડો થયો. તારા દુરાચારનું ફળ તને મળવું જોઇએ... એ જ નારીના વિશ્વાસથી છેતરાયેલો રાજા શંખ.''

કલાવતી ત્રણ ચાર વાર પત્ર વાંચી ગઇ, પોતે શું કુલટા છે! શું દુરાચારિણી છે? છલનામયી છે?... આહ!

એકાએક હવાનો એક હિલોળો આવ્યો અને કલાવતીના કંપતા હાથમાં રહેલો પત્ર એ હવા સાથે ઉડયો...

કલાવતી ચમકી... માત્ર એક જ ક્ષણ... વળતી જ ક્ષણે તેના મનમાં વિચાર આવ્યો... ઓહ, મહારાજનો કોઇ દોષ નથી... મારા જ કોઇ દુષ્કર્મનું પરિણામ છે. જ્ઞાની પુરુષોએ સત્ય કહ્યું છે કે સંસારમાં સુખ છે જ નહિ... કેવળ દુઃખ આપનારા સુખોનો આભાસ માત્ર છે!

ઉડી ગયેલો કાગળ પકડવા માટે એક સૈનિક દોડયો હતો પણ તે નિરાશ થઇને પાછો આવ્યો.

કલાવતીએ સ્થિર ગંભીર સ્વરે કહ્યું: ''સારથી, મારા સ્વામીની આજ્ઞાનું પાલન કરવા તૈયાર થા.''

સારથીએ કહ્યું: ''મહાદેવી, આપને કંઇ સંદેશો આપવો છે?''

''ના... મારા કપાયેલા કાંડાને જે કંઈ કહેવું હશે તે મહારાજને કહેશે.''

મહાદેવીની આવી નિર્ભયતા જોઈને સારથીનું હૃદય કમકમી ઉઠયું.

પણ તે ચાકર હતો.

કલાવતી નદી કિનારે પડેલા એક પત્થર પર પોતાના બંને હાથ મૂકીને બોલી ''સારથી, એક પળનો યે વિલંબ ન કરીશ. મહારાજની આજ્ઞાના પાલનમાં જેટલો વિલંબ થશે તેટલું જ મને વધારે દુઃખ થશે.''

સારથી રાજા શંખનો વફાદાર દાસ હતો... રાજા શંખની કોઇ પણ આજ્ઞાનું પાલન કરતાં તે કદી અચકાતો નહોતો નહોતો. પણ આજ તેનું હૃદય ખળભળવા માંડયું. તેના મનમાં એમ જ થયું કે મહારાજના અંતરમાં આવો કઠોર અને નિર્દય ભાવ કેમ જાગ્યો હશે? આવી નિર્મળ, પવિત્ર અને પ્રેમાળ પત્નીના કાંડા કાપવાની ભયંકર આજ્ઞા શા માટે કરી હશે? મહારાજે એવો કયો દોષ જોયો હશે? મહાદેવી તો સતી સાધ્વી સન્નારી છે... સૂર્યમાં દોષ હોય... ચંદ્રમાં કલંક હોય... સાગરમાં વિષ હોય... પણ મહાદેવીના અંતરમાં એક નાનું સરખું યે પાપ ન હોય!

મહાદેવીએ ફરીવાર કહ્યું: ''સારથી, વિચાર શું કરે છે? મારા સ્વામીની આજ્ઞા મારું મસ્તક કાપવાની હોય અને તું માત્ર કાંડા કાપવાનું તો નથી કહેતો ને?

''મહાદેવી, મને ક્ષમા કરો... આપને છોડીને જ

ચાલ્યો જાઉં છું."

"સારથી..."

સારથી હાથ જોડીને ઉભો રહ્યો.

મહાદેવીએ કહ્યું: "મારા સ્વામીને મારા બંને કાંડાની જરૂર છે. એમ કરવામાં એમના મનને સંતોષ મળતો હોય તો મારો પણ એક ધર્મ છે. તું સંકોચ રાખ્યા વગર મહારાજની આજ્ઞાનું પાલન કર .."

સારથીએ ધ્રૂજતા સ્વરે કહ્યું: "મહાદેવી... મહાદેવી... આપ સગર્ભા છો... પુરા દિવસે છો... કાંડા કપાયા પછી..."

"સારથી, એ પ્રશ્ન મારે વિચારવાનો છે... તું ચિંતા ન કર... મહારાજની આજ્ઞાનું પાલન કર..."

સારથી મહાદેવીનું તેજ જોઇને સમજી ગયો કે મહારાજ પોતાના જીવનને જ દગો દઈ રહ્યા છે... જીવનમાં મોટામાં મોટો અન્યાય કરી રહ્યા છે!

પણ સારથી માટે બીજો કોઇ રસ્તો ન હતો. તેણે ફરસી બહાર કાઢી.

કલાવતીએ આંખો બંધ કરીને નવકારમંત્રનું સ્મરણ કરવા માંડયું.

અને થોડી જ પળોમાં ફરસીના એક જ ઝાટકા સાથે રાજદુલારીના બંને કોમળ કાંડાઓ કપાઈ ગયાં... રક્તની ધારા વહેવા માંડી.

અંધકારમાં ચમકી રહેલાં તામ્રચૂડના બંને શાપિત કંકણ કપાયેલા કાંડામાં અગ્નિ માફક ચમકી રહ્યાં હતાં.

સારથીએ તરત મહાદેવીના બન્ને કપાયેલા હાથ પર કોઇ ઔષધીના પાન વાટીને લેપ માફક લગાવી બાંધી દીધાં. રક્તસ્રાવ બંધ થઇ ગયો.

અત્યાર સુધી સ્થિરભાવે રહેલી કલાવતી ત્યાં ને ત્યાં મૂર્છિત થઇ ગઇ.

અને સારથી મહાદેવીને ભયંકર વનમાં મૂકીને બે સૈનિકો સાથે રથ લઇને ચાલ્યો ગયો.

જતાં પહેલાં તેણે રથમાં પડેલો મહાદેવીનો સઘળો સામાન નીચે ઉતારી જ્યાં કલાવતી મૂર્છિત થઇને પડી હતી ત્યાં મૂકી દીધો હતો.

રથ ચાલ્યો ગયો.

સારથી ચાલ્યો ગયો આંસુ ભીના હૃદયે.

અને બંને રક્ષકો પણ રડતા નયને ચાલ્યા ગયા.

અંધારી રાત ઉતરી રહી હતી.

વનના હિંસક પ્રાણિઓ જાગૃત બનીને હુંકાર કરી રહ્યા હતા.

વાયુની પ્રચંડ લહરીઓ વનના વૃક્ષોને પણ જાણયે કંપાયમાન કરી રહી હતી.

અને વનની નાનીશી સરિતા કલ કલ ધ્વનિથી જાણે પ્રકૃતિનું અધૂરૂં ગીત પુરૂં કરવા મથી રહી હતી.

રાજદુલારી!

માતા પિતાની લાડકવાયી કન્યા...જેણે કદી ધરતીપર પગ મૂકયો નથી...એક સુંદર અને વીર પુરૂષની પત્ની કલાવતી જેણે કદી દુઃખનો પડછાયો પણ નિહાળ્યો નથી.

તે આજે પુરૂષના અંતરમાં સંચિત થયેલા વહેમના વિષનો ભોગ બનીને ધરતી પર મૂર્છિતદશામાં પડી હતી.

એના બંને કાંડા... હિરકવલયના અગ્નિથી મઢેલાં બંને કોમળ હાથના ટૂકડા એક થાળમાં પડયા પડયા પુરૂષ જાતિની નિર્દયતા પર જાણયે હસી રહ્યા હતા...રથમાં બેઠેલો સારથી એ બંને હાથ સામે નજર કરવાનું પણ સાહસ કરી શકતો નહોતો.

સારથીના અંતરમાં એમ જ થતું હતું કે મહારાજને શું પોતાના આ ભયંકર અન્યાયનો પસ્તાવો નહીં થાય? આ બંને કાંડા નિહાળીને શું મહારાજની છાતીના ધબકારામાંથી ક્રંદનની ધારા નહિં વહે?

અંધારી રાત જામતી જતી હતી અને સૂર્યોદય પહેલાં સારથીને મહારાજ પાસે પહોંચવું હતું. આખો દિવસ ચાલેલા અશ્વો થાકી ગયા હતા...છતાં તેજસ્વી અશ્વો વનની નિરવતાનું ખંડન કરતા કરતા જઇ રહ્યા હતા.

અને મહાદેવી...?

# ✱ કુલનું મહત્ત્વ શા માટે? ✱

## શ્રી ભવાનભાઇ પી. સંઘવી.

**આ** આધુનિક જગતમાં કુલ અથવા તો કુલીનતા તરફ આંખમીંચામણાં થઇ રહ્યાં છે પરંતુ કુલ એટલે મનુષ્યની યોગ્યતાની પરીક્ષા માટેનો આદિપંથ જેટલો કાંટા ભર્યો છે તેટલો જ રક્ષક, પ્રેરક અને નીતિ માર્ગ છે. તે પંથ પરીક્ષા માટેના સામાન્ય માર્ગો માંહેનો સર્વોત્કૃષ્ટ માર્ગ છે. ઊંચ કુળમાં કોલસા કે નીચ કુળમાં રત્નો હોઇ શકે, પણ અપવાદ તો ન્યાયને પણ હોય છે. પરંતુ આ તો પરીક્ષાનો સામાન્ય પન્થ છે.

જેમ જેમ માનવ જાતિ કુળ પ્રત્યે આંખમીંચામણા કરતી ગઈ છે, તેમ તેમ નીતિ, ધર્મ કે રાષ્ટ્રદ્રોહીઓ, વર્ણશંકરો કે વ્યભિચારીઓના ભારથી ધરતી દબાતી જાય છે. ખાનદાની એટલે કુલીનતા આ સાદો અર્થ છે. હવે કુલીનતા એટલે શું ? તો શાસ્ત્રો કહે છે કે “સદાચાર.” જ્યાં શુધ્ધ સદાચાર આચરવામાં આવે છે તેવા સજ્જનોને કુલીન કહેવાય છે. અથવા ખાનદાન કહેવામાં છે. આપણા પૂર્વજોએ કુળ તરફ અંગુલીનિર્દેશ કર્યો છે તેમાં કેટલું તથ્ય અને પથ્ય ભર્યું છે, તે આપણે જ્યારથી પશ્ચિમની ઢબનું અનુકરણ કરવા લાગ્યાં છીએ ત્યારથી ભૂલાઇ ગયું છે. અત્યારે સમાજ નાસ્તિકવાદ તરફ ઘસડાઇ રહ્યો છે, તેના કારણોનાં મૂળમાં તપાસ કરતાં સમજી શકાશે કે મૂળમાં-વાવેતરમાં જ ખામી રહેલી છે.

પહેલાના સમયમાં પુત્રીની સગાઈ કરવી હોય તો દશ દશ પેઢીની કુલીનતા (ખાનદાની) જોવાતી હતી. કારણ કે એ તો પેઢીઓનો સંબંધ બાંધવાનો છે, એવી દ્રઢ માન્યતા હતી, જે ઘણે અંશે સાચી હતી, અત્યારે આપણે સગા-સંબંધીઓમાં અસંતોષ, કલેશ અને અસદ્‌ભાવના જોવામાં આવે છે, તેના કારણમાં “બાવળ ઉપર કેરી ક્યાંથી નીપજે” એજ છે, એમ કહીએ તો ખોટું નથી. અત્યારે રૂપ-મોહીની વધી પડી છે, બહારના આકર્ષણો વધી પડયાં છે, અર્થતંત્ર એક મહાન મંત્ર રૂપ બન્યું છે, પૈસાની સામે કુલીનતાનાં મૂલ્યો કોડીના થઈ રહ્યા છે અને જુનું જીવન તૂટી રહ્યું છે.

અકુલીનતા કે કુલીનતા પારખવાના તોલમાપ બદલાઈ ગયા છે જેથી કોઇના દિલમાં સ્નેહભાવ જોઇ શકાતો નથી. એવાં બધાય દુઃખદ પ્રસંગોના મૂળમાં કુલ કે કુલીનના જેવી વસ્તુને આપણે નકારતા થયા તે છે. એટલે જ કહી શકાય કે કુલીનતાની ભાવના એ શુધ્ધ સોનુ છે. તેને ટીપી ટીપીને આપણાં વડિલોએ ઇજ્જતનાં ઘરેણાં બનાવ્યાં છે, ખાનદાની મુખ્યત્વે જ્યાં સદાચરણનિષ્ઠા હોય ત્યાંજ વસે છે, સદાચાર એ વસ્તુ સુવર્ણની અંગુઠીમાં અમૂલ્ય રત્ન સમાન છે પ્રકાશવંતુ અમૂલ્ય રત્ન આંગળામાંની અંગુઠીને દીપાવે છે, તે રીતે મનુષ્ય સદાચારી બની પોતાનું જીવન ધર્મનિષ્ઠામય બનાવે તો કુલીનતા આપ મેળે જાગૃત થશે-ખાનદાનીનો આધાર ગરીબાઇ કે શ્રીમંતાઈ ઉપર નથી, તેમ સદાચારનિષ્ઠાનો આધાર પંડિ-

---

આકાશમાં ઉગેલા તારાઓ રાજરાણીની મૂર્છિત કાયા પર જાણે એક નજરે ચોકી કરી રહ્યા હતા...

મૂર્છા ક્યારે વળશે ?

આવતી કાલે મા બનનારી એક સતી નારીની આ મૂર્છા શું કદી નહિં વળે ?

તાઇ કે મૂઢતા ઉપર નથી હોતો, અને જ્ઞાન જેમ જીવનવ્યાપી છે, સામર્થ્યનો આત્મવિશ્વાસ જેમ જીવનવ્યાપી છે, તેમ ખાનદાનીની ખુમારી પણ જીવનવ્યાપી છે. તે રીતે પશ્ચિમની ઢબનું આપણે અનુકરણ કરવા લાગ્યા છીએ ત્યારથી કુલીનતા અને ધર્મને આપણે તિલાંજલી આપી રહ્યા છીએ.

આપણા આર્યાવર્તમાં વિજ્ઞાનનો નિવાસ થયાં પહેલાંના આપણા પૂર્વજોના જીવનની સીધી સડક પર કેટલાએક અંતરાયો ખડકાણાં છે જે માટે લેખિની વધુ કાંઇ નહીં પણ એટલું જ કહેવા માગે છે કે, કુલ તરફ આંખમીંચામણા કરી આંધળુકિયા કરી કુટુંબ સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિ સાધવાના સ્વપ્નાઓ સિધ્ધ કરવાની આશા નિષ્ફળ છે. દાખલા તરીકે પહેલાના રાજાઓ અમીર કુટુંબના જ પ્રધાનોને શા માટે "વારસાગત" ગાદી પર બેસાડતા હતા ? તેમજ જવાબદારીભરી જગ્યાઓ આપવા માટે ખાનદાન વ્યક્તિ તરફ કેમ આકર્ષણ વધારે હતું ? તો તેનો જવાબ એટલો જ કે "શીર જાયે તો ભલે જાય પણ ખાનદાની નહી જ જાય" આવું ધ્યેય એ કુલીન માનવીનું હતું. હજુ પણ આપણે સમજીએ કે ધનની પૂજા કરવાની અપેક્ષા છોડી કુલીનતા દ્વારા ગુણપૂજક બનીએ તો જ એક દિવસ આપણા આ ભારતમાં જે ઉન્નતિની આશા રાખીએ છીએ તેમાં કદાચ સફળ બનીએ.


અનુભવીઓના હાથે સ્વર્ગભૂમિ સમા સૌંદર્ય ધામ

મુંબઇથી રવાના તા. ૧૭-૫-૫૮ | **કાશ્મીરનો** યોજાયેલ **ખાસ પ્રવાસ** | પાછા આવવાની તા. ૧૦-૬-૫૮

સાથે અમૃતસર-નાંગલ-ડેમ-દિલ્હી મથુરા-આગ્રા વ. સ્થળો જોવાની તક ★ ૨૯ દિવસનો પ્રવાસ રેલ્વે-ભોજન-વાહનવ્યવહાર સાથે ટિકીટના દર:

થર્ડ કલાસ રૂા. ૨૯૯ ફર્સ્ટ કલાસ ૪૫૦ ❀ થર્ડ કલાસ વિદ્યાર્થી માટે રૂા. ૨૭૫

—:૦ હમારા યોજીત બીજો પ્રવાસ ૦: –

મે મહિનાની રજાઓના દિવસોમાં ઓછામાંઓછા ખર્ચે મહાન યાત્રાસ્થળો અને શહેરો જોવાનો શુભ અવસર

# જૈન યાત્રા ફર્સ્ટ કલાસ સ્પેશીયલ ટ્રેન

અમદાવાદથી ઉપડવાની તા. ૨૩-૫-૫૮ ★ ૨૩ દિવસનો પ્રવાસ

રાણકપુર-આબુજી-કેશરીયાજી-ફલોધી પાર્શ્વનાથ-સુવર્ણગિરિ-ગિરનાર શેત્રુંજા જેવા મહાન તીર્થો ઉપરાંત બીજા અનેક યાત્રા સ્થળો તેમજ ઉદેપુર-જોધપુર, રાજકોટ-જુનાગઢ ભાવનગર જેવા મહત્ત્વનાં શહેરોનો સમાવેશ.

રેલ્વે-મોટર-ભોજન ખર્ચ સાથે ટિકિટના દર: રૂા. ૨૩૫ ★ ફર્સ્ટ કલાસ થર્ડ સર્વન્ટ રૂા.૧૩૫

વધુ વિગત માટે મલો અગર લખો:
**અંબાલાલ લક્ષ્મીચંદ સ્પેશ્યલ ટ્રેનવાલા**
ઘડીયાલીની પોળ, પીપલા શેરી, વડોદરા

**હિંદુસ્તાન ટ્રાવેલ સરવીસ**
રહેમાન બીલ્ડીંગ, ૧ લે માળે ૨૪, ચર્ચગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ-૧. ટે. નં. ૨૫૪૯૯૦

# " જનતાને યથાયોગ્ય રીતે ઢંઢોળવી એ પણ વિવેકીની ફરજ છે "

શ્રી ઉજમશી જુઠાભાઈ અમદાવાદ.

આપણી રાષ્ટ્રિય સરકારનું લક્ષ્યબિંદુ ભૌતિકવાદ ભણી કેંદ્રિત થયેલું છે. તે કોઇ–વેળા આધ્યાત્મિક ઉચ્ચારણ કરતી હશે. છતાં તેની પાસે અધ્યાત્મવાદ પ્રત્યે શ્રધ્ધા કે સાચી સમજણ નથી. રાજ્યતંત્રનો જે વર્તાવ પાશ્ચાત્ય ઢંગથી ચાલે છે, તે તેની સાબિતિ છે.

સરકાર પાશ્ચાત્ય રંગે રંગાયેલી હોઈ, જીવોના કલ્યાણના કારણરૂપ અને આર્ય–સંસ્કૃતિના પ્રાણરૂપ જે શીલ અને દયા તેને પણ અવિચારી કાનૂનો દ્વારા પાયામાંથી તે ઢીલા કરી રહી છે. અને જનતાને ઉંધે રાહે ઘસડી રહી છે.

જનતાનો પણ તેમાં દોષ છે. જનતા વસ્તુનો વિવેકજ કેળવતી નથી.

વિશ્વના જીવોના કલ્યાણ અર્થે આર્ય સંસ્કૃતિએ જે વિધાનો ઘડયા છે, તેની વિરૂધ્ધ આજે જે ઘોર વર્તાવ થઇ રહ્યો છે, તેથી ભારે અનર્થો સર્જાયા છે, અને સમાજનું સત્યાનાશ વળી રહ્યું છે.

હેય–ઉપાદેયનો વિવેક કરનારાઓ; ઝડપભેર ફેલાતાં જતાં એ અનર્થો ભણી જો ઉપેક્ષાવૃત્તિ સેવશે, તો તેના માઠાં ફળ તેઓને પણ ચાખવાં પડશે. અને કદાચ એવું બનશે કે, એ અનર્થો તે વિવેકીના વિવેકને ઢાંકીને અંધાપો ઉભો કરશે.

તો વિવેકીઓ જાગૃત રહે. આર્ય સંસ્કૃતિના વિધાનોને યથા–તથા સમજે. બીજાને સમજાવે. બૂરાં તત્ત્વોને વિવેકયુક્ત રીતે પ્રતિકાર કરે. અને આર્ય સંસ્કૃતિના ટોચના આદર્શને આંબવા તેઓ પ્રયત્ન કરે.

જનતાને યથાયોગ્ય માર્ગે દોરનાર સુયોગ્ય વ્યક્તિઓની આજે જે ભારે કમીના છે, અને જનતામાં જે ખરી કદરદાની નષ્ટ થઈ છે, તેનું પરિણામ એ આવ્યું છે કે, ભૌતિકવાદનું પ્રાધાન્ય સ્થપાયું છે.

આર્ય–સંસ્કૃતિના એ કલ્યાણકારી વિધાનોની મર્યાદાઓ તોડવામાં જેઓ આજે પહેલ કરે છે, તેઓનું સમાજમાં વર્ચસ્વ જામતું જાય છે, અને તેઓને અગ્રસ્થાન મળે છે.

લોક–માનસ એ રીતે, જ્યારે સમૂળગું ઊંધે રાહે ઢળી રહ્યું છે, ત્યારે વિવેકીઓ ગાફેલ રહેશે, કે પોતાની ફરજ ચૂકશે, તો સમાજપર ભયંકર દુઃખના ઓળા ઉતરશે.

સૂક્ષ્મ બુધ્ધિ છતાં જેઓની સમજણ ઉંધી છે તે જીવો પર(અવર) ને પોતાનું સમજી જાતીયવૃત્તિને પોતાનો સ્વભાવ સમજી બેસે છે. આત્મ–સ્વભાવનું તેમને ખરૂં ભાન હોતું નથી તેથી તેઓ ભૌતિકસુખમાં જ રચ્યા–પચ્યા રહે છે, અને ભયંકર તોફાનો મચાવે છે. સુખાભાસને તેઓ સુખ માની બેસે છે.

વિવેક–ચક્ષુ સાંપડે, અને સ્વ–પરનું ખરૂં ભાન થાય તો જ તે ઉંધી સમજણ ટળે. તે વિના નહિ.

ઊંધી સમજણથી, જીવ જન્મ–મરણના ચકરાવામાં અટવાયા કરે છે. જીવનું ભ્રમણ સાચી સમજણ વિના કોઇકાળે ટળતું નથી.

" આત્મિક પુરુષાર્થના બળે, જીવ જાતી-

# ० નવાં પ્રકાશનો: સાભાર સ્વીકાર: ०

(૧) **સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનમ્: 'સિદ્ધહેમ સરસ્વતી'** (શ્લોકબધ્ધ) **વૃત્તિ વિભૂષિતમ્**: (પંચાધ્યાયાત્મક: પ્રથમ ખંડ:) વૃત્તિકાર: પંન્યાસ શ્રી ધુરંધરવિજય ગણિપ્રવર: પ્રકાશિકા: શ્રી જૈન સાહિત્યવર્ધક સભા. મૂલ્ય: રૂા. ૫. ક્રા. ૧૬ પેજી ૪૨૪+ ૮ પેજ:

(૨) **ઉપદેશ પ્રાસાદ** (વિભાગ ૨) હિંદી ભાષાનુવાદ પ્રકાશક: પં૦ શ્રી મંગલવિજયજી ગણિવરશ્રીની પ્રેરણાથી શ્રી વર્ધમાન જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક વિદ્યાલય શિવગંજ: (રાજસ્થાન) અનુવાદક: કુ૦ સુમિત્રસિંહ લોઢા. વ્યાખ્યાન ૬૨ થી ૧૩૦; મૂલ્ય ૪ રૂા. ક્રા. ૧૬ પેજી ૧૨+૫૦૮.

(૩) **રેખાવિજ્ઞાન શાસ્ત્ર**: લે૦ તથા પ્રકા૦ ડો. પી. પી. ટાપર. ઠે. મેન રોડ. મુ. નાસિક (સેંટ્રલ રેલ્વે) મૂ. ૧૦ રૂા. ડેમી ૮ પેજી ૧૪+૨૪૪ પેજ, અનેક ત્રિરંગી એકરંગી ચિત્રો સહિત.

(૪) Mahavir: (ઇંગ્લીશ) ક્રા. ૧૬ પેજી ૪+૪૪ પેજ મૂ. ૪ આના.

(૫) Jainism: (ઇંગ્લીશ) ક્રા. ૧૬ પેજી ૪+૯૨ પેજ મૂ. ૮ આના.

ઉપરોક્ત પ્રકાશનો (૪-૫ નંબર) ના પ્રકા૦ શ્રી વલ્લભસૂરિ સ્મારક નીધિ. ૮૯, તાંબાકાંટા, મુંબઇ-૩.

(૬) **સ્યાદ્વાદ** (હીંદી) લે૦ શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા. પ્રકા૦ મનુભાઈ શંકરલાલ કાપડીયા. ૧૬૫, બજાર ગેટ સ્ટ્રીટ. કોટ, મુંબઇ. ૧. મૂ૦ ૧૨ આના અનુવાદક: ચંદનમલજી લસોડ ક્રા૦ ૧૬ પેજી ૧૬+૮૮ પેજ.

(૭) **ચૂંટેલા પુષ્પ** (સ્તવન સંગ્રહ) પ્રકા૦ શ્રી સુમતિજિન સંગીત મંડળ. મહેસાણા ક્રા૦ ૧૬ પેજી ૧૦×૪૪ પેજ

(૮) **આત્મનિદર્શન**: લે૦ પૂ૦ આ૦ મ૦. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ પ્રકાશક: નટવરલાલ ચુનીલાલ કાપડીયા. વ્ય૦ શ્રી ભુવનતિલકસૂરીશ્વર જૈન ગ્રંથમાલા. છાણી (વા૦ વડોદરા) અમૂલ્ય: ક્રા૦ ૧૬ પેજી ૮+૮૮ પેજ

(૯) **ચૈતન્યવંતો ચમત્કાર: યાને નમસ્કાર મણિની અણિ ઉપર** (ઐતિહાસિક ત્રિઅંકી નાટિકા) લે૦ બાલમુનિરાજ શ્રી રાજેંદ્રવિજયજી મ૦ (શ્રી રાજેશ) પ્રાપ્તિસ્થાન: જૈન પાઠશાળા પાવડ. (પો૦ થરાદ) (બનાસકાંઠા) મૂ૦ ૨૦ ન૦ પૈસા ક્રા૦ ૧૬ પેજી ૩૦+૪

(૧૦) **જિનેંદ્ર ગીતાંજલી.** (પ્રથમ ભાગ) રચયિતા-શાંતિલાલ સુરાણા. પ્રકા૦ શાંતિપ્રકાશન ઈંદોર (હિંદી) મૂ૦ ૪ આના. ક્રા૦ ૩૨ પેજી પેજ ૪૮.

(૧૧) „ (દુસરા ભાગ) રચયિતા તથા પ્રકા૦ ઉપર મુજબ. મૂ૦ ૩ આના. ક્રા૦ ૩૨ પેજી ૩૨ પેજ.

(૧૨) **ચૌદ નિયમ ધારવાની બુક**: પ્રયો૦ મુનિરાજ શ્રી જિનેંદ્રવિજયજી મ૦ પ્રકા૦ શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા લાખાબા-

---

યવૃત્તિથી પર બની, આત્મસ્વભાવમાં સ્થિર થાય છે. અને આત્માનું શુધ્ધ સ્વરૂપ પ્રગટ કરી શાશ્વત સુખ પ્રાપ્ત કરે છે. પછી તેને જન્મ મરણ રહેતા નથી." તેમ જેઓ શ્રધ્ધાપૂર્વક સમજે છે, તેઓનો વિકાસ થાય છે. બાકી એવું જેઓ સમજતા નથી તેમનું જીવન એળે જાય છે.

વળ (હાલાર) મૂ૦ ૩ આના ક્રા૦ ૩૨ પેજી પેજ ૬૪.

(૧૩) **દિગંબર જૈન** (હિંદી–ગુજરાતી માસિક) **સુવર્ણ જયંતિ અંક:** સંપા૦ પ્રકા૦ મૂલચંદ કિસનદાસ, કાપડીયા ખપાટી ચકલા, ચંદાવાડી સુરત, ક્રા૦ ૮ પેજી પેજ ૧૦૪ : મૂલ્ય, ૨ રૂ૦

(૧૪) **સંક્ષિપ્ત પરિચય** : શ્રી મહાવીર જૈનસભા માંડવલા, (રાજસ્થાન) ક્રા૦ ૮ પેજી ૨૨ પેજ.

(૧૫) **શ્રીમદ્ રાજેંદ્રસૂરીશ્વરજી મહારાજ સ્વર્ગારોહણ**–અર્ધ શતાબ્દિ મહોત્સવકા વિવરણ ઔર રીપોર્ટ : અર્ધશતાબ્દિ મહોત્સવ સર્વાધિકાર સમિતિ દ્વારા પ્રકાશિત. નિંબાહેડા (રાજસ્થાન) ક્રા૦ ૮ પેજી ૪૦+૨૮ પેજ.

**છ કર્મગ્રંથ સાર્થ:** પ્રકાશક શ્રી અમૃતલાલ પુરસોતમ ઠે, ડોશીવાડાની પોળ અમદાવાદ, કર્મગ્રંથ ૧ થી ૬ સુધી અર્થ સહિત છે. અભ્યાસકોને ઉપયોગી છે. તૈયાર કરવામાં મહેનત સારી લીધી છે. આ છેલ્લું પ્રકાશન તૈયાર કરી પંડિત અમૃતલાલ ભાઈ વૈશાખ મહિનામાં સ્વર્ગસ્થ થયા છે. પંડિતજી શ્રદ્ધાળુ અને એક ધર્મનિષ્ઠ શ્રાવક હતા. ક્રાઉન સોળ પેજી ૬૦૦ પેજ મૂલ્ય : ૭–૦–૦

**સાધનાની પગદંડીએ:** લેખક: શ્રી વજપાણિ. પ્રકાશક: શેઠ વસંતલાલ જીવાભાઈ ૧૪, ધનજી સ્ટ્રીટ રીફાયનરી બિલ્ડીંગ ૪ થે માળે, મુંબઈ–૩. ફુલસકેપ ૧૮૦ પેજ, મૂલ્ય છપાયું નથી.

**નવકાર મહિમા ગીત:** સંશોધક: મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ. પ્રકાશક: શ્રી શૌરિલાલ નાહર બ્યાવર. ક્રાઉન બત્રીસ પેજી ૨૪ પેજ. મૂલ્ય છપાયું નથી.

**નવકાર મહિમા:** સંશોધક તથા પ્રકાશક ઉપર મુજબ. ક્રાઉન બત્રીસ પેજી ૬૦ પેજ. મૂલ્ય છપાયું નથી.

**ઉર્મિ ગીતમાળા:** રચયિતા શ્રી ઈશ્વરલાલ મંગળદાસ રૂપાલ. પ્રાપ્તિસ્થાન: શાહ મંગળદાસ ગુલાબચંદ, વાયા તલોદ, રૂપાલ (સાબરકાંઠા) ક્રાઉન સોળ પેજી ૫૮ પેજ. મૂલ્ય આઠ આના.

**જિનભક્તિ સુવાસમાળા:** પ્રસિદ્ધ કર્તા મોદી જયંતિલાલ નાગરદાસ મુંબઈ. ક્રાઉન સોળ પેજી ૨૫૪ પેજ. મૂલ્ય ૨–૮–૦.

**તપ–જપનાં તેજ:** સં. મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મહારાજ. પ્રકાશક: શ્રી હીરાલાલ મણિલાલ કાપડીઆ ગીરધરનગર અમદાવાદ. ક્રાઉન સોળ પેજી ૩૨ પેજ. મૂલ્ય છપાયું નથી.

**કલ્યાણ કુશળ કર્તવ્ય:** સં. મુનિરાજ શ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ પ્રકાશક: શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી જ્ઞાનમંદિર બોટાદ. ક્રાઉન સોળ પેજી ૧૩૬ પેજ. મૂલ્ય છપાયું નથી.

ઉપરોક્ત પ્રકાશનો અમને સમાલોચનાર્થે મલ્યા છે, જેનો અમે સાભાર સ્વીકાર કરીએ છીએ. તા–૨૫–૪–૫૮ :

**જરૂરીયાત છે**

ધાર્મિક સંસ્થાઓમાં રહેલા, અનુભવી, કેળવાયેલા, સેવાભાવિ કારકુનોની જરૂર છે. પગાર લાયકાત મુજબ. રૂબરૂ મળી શકે એવાઓએ જ અરજી કરવી.

નિવેદક

**શ્રી જીરાવલા પાર્શ્વનાથજી જૈન પેઢી**

પોસ્ટ રેવદર, વાયા. આબુરોડ **જીરાવલા**

# આતમનાં અજવાળાં (લેખાંક-૨)

**'દક્ષિણમાં દિવ્ય પ્રકાશ' ગ્રંથમાં અનેકાનેક જે પ્રાસંગિક તાત્ત્વિક ચર્ચા રજુ થઇ છે, તેમાંની આત્મા તથા તેની સ્વાભાવિક ચૈતન્ય શક્તિ પર પ્રકાશ પાડતો આ લેખ અહિં પ્રસિદ્ધ થાય છે. ગતાંક તા. ૧૫-૪-૫૮ ના પેજ ૧૩ પર પ્રગટ થયેલ લેખના અનુસંધાનમાં આ લેખ આગળ વધે છે.**

❀

## અસાધારણ ફેરના કારણો.

તેમણે થોડી વાર વિચાર કરીને કહ્યું: 'પ્રથમ યંત્ર જડ છે અને બીજું યંત્ર ચેતનાવાળું છે; તેના લીધે આવો અસાધારણ ફેર જણાય છે.

મેં કહ્યું; 'તો આપ જડ અને ચૈતન્ય એવા બે પ્રકારના પદાર્થોનો સ્વીકાર કરો છો ને ?'

તેમણે કહ્યું: 'જરૂર, અમે લાકડા, લોઢા, પત્થર, કાચ વગેરેને જડ માનીએ છીએ. અને મનુષ્ય, પશુ, પક્ષી, જંતુઓ વગેરેને ચેતનાવાળા માનીએ છીએ, જે વસ્તુ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ હોય તેને માનવાનો ઇનકાર શા માટે કરીએ ?'

મેં કહ્યું: 'તે શક્તિ મનુષ્ય-પશુ-પક્ષી વગેરેમાં જણાય છે, અને બીજામાં કેમ જણાતી નથી ?'

તેમણે કહ્યું: 'જ્યાં તેની ઉત્પત્તિ થતી હોય ત્યાં જણાય, બીજે કયાંથી જણાય ?'

મેં કહ્યું: 'કૃપા કરીને એ જણાવશો કે ચેતનાની ઉત્પત્તિ કેવી રીતે થાય છે ?

તેમણે કહ્યું: 'અમુક તત્ત્વો મળે એટલે ચેતનાની ઉત્પત્તિ થાય છે.'

## જીવંત પ્રાણીઓ બનાવી શકાય ખરાં ?

મેં કહ્યું: 'જો વસ્તુસ્થિતિ એવી જ હોય તો કાપડ, લોખંડ અને બીજી વસ્તુઓના કારખાનાની જેમ ગાય, ભેંસ, હાથી, ઘોડો મનુષ્ય વગેરે અનેક જીવંત પ્રાણીઓ બનાવવાનાં કારખાનાં કાઢી શકાય. અને તેમને મનગમતો આકાર પણ આપી શકાય. શું કોઇ વૈજ્ઞાનિકે આવો પ્રયોગ કરી બતાવ્યો છે ખરો ? અને તેની કોઇ નિશ્ચિત ફોર્મ્યુલા ઘડી છે ખરી ?'

અહીં મારા વિદ્વાન મિત્ર વિચારમાં પડયા. તેમણે અનેક વૈજ્ઞાનિકોનાં નામ યાદ કર્યાં પણ તેમાં કોઇએ તત્ત્વસંયોજનથી ચેતના ઉત્પન્ન કરી હોય અને જીવંત પ્રાણીઓ બનાવ્યાં હોય તેવું યાદ આવ્યું નહિ, તેમની આ મૂંઝવણ તરત જ મારા સમજવામાં આવી ગઇ, એટલે મેં કહ્યું: 'મુરબ્બી ! જીવંત પ્રાણીઓ બનાવવાનું તો દૂર રહ્યું પણ સ્વયં કામ કરી શકે તેવું મગજ કે સ્વયં જોઇ શકે તેવી આંખ હજી સુધી કોઇએ બનાવી છે ખરી ? અરે ! તે વાત પણ જવા દો ! તેમાં જે સ્નાયુઓ અને પડદા છે, ગ્રંથીઓ અને શિરાઓ છે, તેના જેવા જીવંત સ્નાયુઓ અને પડદાઓ કે જીવંત ગ્રંથીઓ હોય તો જગત પર રહેલા મનુષ્યો કે પશુ-પક્ષીઓને મૃત્યુનાં મુખમાં જતાં જરૂર બચાવી શકાય, કારણ કે તેમનામાં જે અંગ, અવયવ કે શક્તિની ખામી હોય તે આ સાધનોથી પૂરી પાડી શકાય અને એ રીતે તેમનું શરીરયંત્ર ચાલતું રાખી શકાય, પણ હજી સુધી કોઇ વૈજ્ઞાનિક મૃત્યુને ખાળી શકયો નથી કે પોતાના આયુષ્યમાં બસો-પાંચસો વર્ષનો ઉમેરો કરીને અતિ દીર્ઘાયુ થયો નથી એ શું બતાવે છે ?'

## વિષાદ તથા હર્ષની મિશ્ર લાગણી.

મારા વિદ્વાન મિત્ર મારૂં આ વક્તવ્ય એક ચિત્તે સાંભળી રહ્યા હતા, પરંતુ તેમના મુખ પર વિષાદ તથા હર્ષની મિશ્રિત લાગણીઓ વારંવાર તરી આવતી હતી, એ હું સ્પષ્ટપણે જોઇ શકતો હતો. તેમને વિષાદની લાગણી થવાનું મુખ્ય કારણ એ હતું કે પોતે આજ સુધી અનેક પુસ્તકો વાંચ્યાં હતાં. અનેક માસિકો ને સાપ્તાહિકોનું અવલોકન કર્યું હતું. અનેક નામાંકિત ગણાતા પ્રોફેસરોની વ્યાખ્યાનમાળાઓમાં પણ હાજરી આપી હતી, આ રીતે તેમણે જે જ્ઞાન મેળવ્યું તેને તેઓ એક કિંમતી ખજાનો

ગણતા હતા, પરંતુ આજે તેમણે જોયું કે એ ખજાનામાં સાચા સિક્કા દાખલ થવાને બદલે સંખ્યાબંધ ખોટાં સિક્કાઓ દાખલ થઇ ગયા હતા, અને ખજાનાની કિંમત નહિવત્ થઇ ગઈ હતી. તેમને હર્ષની લાગણી થવાનું કારણ એ હતું કે આજે એક નવી જ વસ્તુની–નવી જ દૃષ્ટિની પ્રાપ્તિ થઇ રહી હતી. કે જેનું મૂલ્ય કોઇ પાર્થિવ પદાર્થથી થઇ શકે તેવું ન હતું.

## પદાર્થ સંયોજનથી ચેતના બનતી નથી

મેં કહ્યું: 'આપ તો વિદ્વાન્ છો, દરેક વસ્તુનો તટસ્થતાપૂર્વક વિચાર કરી શકો તેવા છો, તેથી એ વિચારવું જોઇએ કે, એ પદાર્થસંયોજનથી ચેતના ઉત્પન્ન થતી હોય તો કારખાનામાં બનેલા માલની માફક બધામાં તે એક જ પ્રકારની હોવી જોઇએ અને તેનું પરિણામ પણ સરખું જ આવવું જોઇએ. એટલે એક મનુષ્ય અતિ ચપળ અને બીજો મંદ, એક મનુષ્ય અત્યંત કાર્યશીલ અને બીજો નિર્માલ્ય, એક મનુષ્ય બહુ બુદ્ધિશાળી અને બીજો મૂર્ખ એમ બનવું ન જોઈએ. તે જ રીતે હાથી, ઘોડા, ઊંટ, વાનર, માછલા, સાપ અને મનુષ્ય વગેરેની શક્તિમાં પણ ફેર ન પડવો જોઇએ. કારણ કે તે બધા ચેતના નામથી એક જ પ્રકારની શક્તિથી જીવંત બનેલા છે. પરંતુ આપણે જોઈએ છીએ કે તે બધાયની શક્તિમાં, વિકાસમાં અને સ્વરૂપમાં ફેર દેખાય છે. તો તેનું કારણ શું? આવા તો બીજા પણ સંખ્યાબંધ પ્રશ્નો વિચારવા યોગ્ય છે કે જેનો ખુલાસો આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ માન્યા વિના થતો નથી, તે માટે જ્ઞાની પુરુષોએ જે છ સિદ્ધાંતોની પ્રરૂપણા કરી છે, તે તમારે ખાસ જાણવા જેવી છે.

મારા વિદ્વાન્ મિત્રે કહ્યું: 'જો એમ જ હોય તો મને એ સિદ્ધાંતો જરૂર જણાવો. હું તેનું ચિંતન–મનન કરીને આનંદ પામીશ.'

## આત્મવાદના છ સિદ્ધાંતો

મેં કહ્યું: 'જ્ઞાનીઓએ પ્રરૂપેલા છ સિદ્ધાંતોમાંનો પ્રથમ સિદ્ધાંત એ છે કે 'ચૈતન્ય એ આત્માનું લક્ષણ છે. એટલે જ્યાં જ્યાં ચૈતન્ય દેખાય ત્યાં ત્યાં આત્મા અવશ્ય છે, બીજો સિદ્ધાંત એ છે કે 'આત્મા અનાદિ છે એટલે કોઈએ તેને બનાવેલો નથી, અને અવિનાશી છે, એટલે કોઈ કાળે નાશ પામતો નથી.' ત્રીજો સિદ્ધાંત એ છે કે: 'આત્મા જ કર્મનો કર્તા છે એટલે તેને જે કર્મબંધન પ્રાપ્ત થયેલું છે, તેની જવાબદારી તેની પોતાની છે.' ચોથો સિદ્ધાંત એ છે કે આત્મા જ કર્મનો ભોક્તા છે એટલે જે કર્મો તેણે બાંધેલાં છે, તેનાં ફળો તેને ભોગવવાં જ પડે છે. 'પાંચમો સિદ્ધાંત એ છે કે, 'આત્મા પુરૂષાર્થના યોગે આ કર્મોનો નાશ કરી શકે છે. અને તેનાં બંધનમાંથી સર્વથા મુક્ત થઇ પોતાનાં મૂળ સ્વરૂપમાં પ્રકાશી શકે છે.' અને છઠ્ઠો તથા છેલ્લો સિદ્ધાંત એ છે કે, 'એવો પુરૂષાર્થ કરવાની સર્વ સામગ્રી વિશ્વમાં વિદ્યમાન છે.

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે મારા વિદ્વાન મિત્રે આ છએ સિદ્ધાંતો અક્ષરશઃ પોતાની નોંધપોથીમાં ઉતારી લીધા અને મારા પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરતાં જણાવ્યું કે, 'મિ. શાહ! તમે આજે એવી વસ્તુની ભેટ કરી છે કે જે હું જિંદગી પર્યંત ભૂલી શકીશ નહિ. પરંતુ એ તો જણાવો કે તમે મને પ્રથમ જે પ્રશ્ન પૂછયો હતો તેનું ખરૂં રહસ્ય શું છે?'

## દિવ્ય પ્રકાશનો આધ્યાત્મિક અર્થ

મેં કહ્યું: 'તમને પ્રશ્ન અધ્યાત્મનો પૂછયો હતો, એટલે એનો અર્થ આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારવો જોઇએ, પણ તમે તો શરીરશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને પદાર્થવિજ્ઞાનનાં ધોરણે તેનો અર્થ કર્યો. એટલે તેનું મૂળ રહસ્ય હાથ લાગ્યું નહિ પણ એક રીતે તે ઠીક જ થયું કે, અન્યથા આ ચર્ચા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાત નહિ, આધ્યાત્મિક દૃષ્ટિ અજ્ઞાન અને મોહને અંધકાર માને છે, અને સમ્યગ્જ્ઞાનને પ્રકાશ માને છે, હૃદયગુહા કે અંતઃકરણ શબ્દથી તે આપણી અંતર્ગત સૃષ્ટિનો નિર્દેશ કરે છે, કે જેમાં અનેક પ્રકારની સૂક્ષ્મ ક્રિયાઓ ચાલી રહી છે. આપણી હૃદયગુહા કે અંતઃકરણમાં અંધકાર ભરાઈ બેઠો છે,

એનો અર્થ એ છે કે આપણે અજ્ઞાન અને મોહને વશ થઇને ન કરવાના અનેક કાર્યો કરી રહ્યા છીએ અને કરવા યોગ્ય કાર્યો કરતા નથી, આપણો જીવન-વ્યવહાર જુઓ ! આપણી પ્રવૃત્તિઓ જૂઓ ! એમાં પ્રકાશના દર્શન ક્યાં થાય છે ?

આપણે હિંસા અને અસત્યનો આશ્રય પગલે પગલે લઇએ છીએ અનેક પ્રકારની ચોરીઓ કરીએ છીએ. અને પાછા પ્રામાણિક-પુરુષોમાં ખપવાનો પ્રયત્ન કરીએ છીએ ! આપણી વિષય-ભોગની વૃત્તિને મર્યાદા નથી, સાચું પૂછો તો એક પશુ કરતાં પણ બદતર જીવન જીવીએ છીએ. અને આપણી લોભવૃત્તિને છેડો જ ક્યાં છે? સંતોષ તો શોધ્યોયે જડતો નથી, આજીવિકાનાં ફાંફાં મારનારને પણ ચપટી વગાડતાં લખપતિ-ક્રોડપતિ થઇ જવું છે ! ધર્મ શું ? ન્યાય શું ? નીતિ શું ? મનુષ્ય તરીકે આપણું કર્તવ્ય શું ? તેનો ગંભીર વિચાર નથી ! પૂજા-પાઠને આપણે વિસારી મૂકયો છે, વ્રત-નિયમને આઘા ઠેલ્યા છે અને સંપ કે તપશ્ચર્યાને હમ્બક માની તેને નવ ગજના નમસ્કાર કર્યા છે. આપણને સ્તવન-સ્વાધ્યાય કે ભજન-કીર્તન ગમતાં નથી, પણ ફિલ્મી ગાયનોની રેકર્ડો સાંભળવી વધારે ગમે છે ! આપણને સંત-સાધુનો સમાગમ કરવો ગમતો નથી. તેના કરતાં સિનેમામાં જઇ એકાદ ફિલ્મ જોવાનું વધારે પસંદ કરીએ છીએ. મારા વિદ્વાન મિત્ર ! તમે કહો કે, અંતઃકરણમાં અંધકાર ભરાઇ પેઠા સિવાય આપણે આવું જીવન જીવીએ ખરા ? જીવનની આ રીતરસમ કેમ બદલાય ? તે ઉન્નતિના રાહ પર કેવી રીતે આવી શકે? એ જાણવાના હેતુથી જ મેં તમને ઉપરનો પ્રશ્ન પૂછયો હતો.

## દિવ્ય પ્રકાશ કોણ આપી શકે ?

વળી મેં કહ્યું ; 'થોડા દિવસ પહેલાં મેં એક શિક્ષણ સંસ્થાની મુલાકાત લીધી હતી, ત્યાંનું વાતાવરણ સુંદર હતું. સર્વત્ર સુઘડતા અને વ્યવસ્થા નજરે પડતી હતી. દીવાલો પર ચિત્રો અને સૂત્રો લગાડેલા હતાં. તેમાં એક સૂત્ર મોટા અક્ષરે લખેલું હતું:-

'સા વિદ્યા યા વિમુક્તયે' એટલે સ્વાભાવિક રીતે જ તેનો અર્થ પૂછવાનું મન થયું અને ઉપરનાં ધોરણના વિદ્યાર્થીઓને અર્થ પૂછયો, ત્યારે એકે કહ્યું, 'તેજ વિદ્યા સાચી છે કે જે આપણને આર્થિક શોષણમાંથી મુક્ત કરે છે ? બીજાએ કહ્યું ; 'તેનું નામ જ વિદ્યા કે જે મનુષ્યને વિદેશીઓની ગુલામીમાંથી મુક્ત કરે છે ! ત્રીજાએ કહ્યું, 'જે અરસ-પરસના ઝઘડામાંથી મુક્તિ અપાવે તે વિદ્યા' પરંતુ કોઈ વિદ્યાર્થીએ તેનો અર્થ રાગદ્વેષમાંથી મુક્તિ, સર્વ દુઃખોમાંથી મુક્તિ, કે સકલકર્મબંધનમાંથી મુક્તિ એવો ન કર્યો. કારણ કે તેમને શિક્ષકોએ એવો અર્થ શીખવ્યો જ ન હતો. હવે વિચાર કરો કે જેને જ્ઞાનની પરબો કહેવામાં આવે છે, પ્રકાશના ધામ કહેવામાં આવે છે, ત્યાં કેવી સ્થિતિ પ્રવર્તી રહી છે ! સૂત્ર-સિદ્ધાંતરૂપ વાકયોનો પણ મનસ્વી અર્થ કરવામાં આવે છે, ને તેમાં ભૂલે-ચૂકે આત્માનું તત્ત્વ આવી ન જાય કે ધાર્મિક છાયા પડી ન જાય તેની પૂરેપૂરી તકેદારી રાખવામાં આવે છે ? આવી સ્થિતિમાં તેમની પાસેથી કેવા પ્રકાશની આશા રાખી શકાય ?

'સાહિત્યકારોની સૃષ્ટિમાં પણ લગભગ એવી જ સ્થિતિ પ્રવર્તી છે, કથા, વાર્તા, ઉપન્યાસ, નિબંધ જે કાંઈ જુઓ તે મોટા ભાગે મનોરંજન માટે જ લખાય છે અને તેમાં પણ કેટલુંક લખાણ તો ઘણું હલકું હોય છે, અને લોકોની મલિન વૃત્તિને ઉશ્કેરવા પૂરતું જ લખાયેલું હોય છે, કોઈપણ સામાન્ય બુક સ્ટોલ પર જઇને ઉભા રહો અને કેવી જાતનાં પુસ્તકો તથા અઠવાડિકો-માસિકો વેચાય છે તે જુઓ, એટલે એ વાતની ખાતરી થશે. જે સાહિત્યકારો કંઇક ઊંચા ગણાય છે, તેમની અક્કડાઇનો પાર નથી ! તેઓ પોતે જે કાંઈ સમજ્યા તેજ સાચું છે, એમ માનીને બીજાનાં મંતવ્યો પર નિરંકુશ ટીકાઓ કરે છે અને સ્વાર્થવૃત્તિથી પ્રેરાઇને 'રજનું ગજ' કે 'રાઈનો પર્વત' કરતાં જરાય અચકાતા નથી. મતલબ કે તેમાં સત્યનો પ્રકાશ કરનારા અને તેને માટે ઝુઝનારા બહુ ઓછા હોય છે, એટલે તેમની પાસેથી પણ પ્રકાશની પ્રાપ્તિ થવી ઘણી મુશ્કેલ છે.

'જેમના હાથમાં જનતાનો દોર છે, અને જેઓ ધારે તો ઘણું ઘણું કરી શકે તેમ છે, તેઓ પણ

મોટા ભાગે ભૌતિકવાદથી જ રંગાયેલા છે અને એક પછી એક એવાં પગલાં ભરે છે કે જેથી લોકોના ધાર્મિક સંસ્કારો ઓછા થાય અને થોડા વર્ષમાં બધા એક જ સપાટીએ આવીને ઉભા રહે ! તેમાંના કેટલાક અહિંસા અને સત્યની વાતો કરે છે, પણ તે સગવડ પૂરતી જ ! પ્રસંગ આવે તેઓ ગમે તેવી હિંસાનો આશ્રય લેતા અચકાતા નથી કે ફેરવી તોળવામાં જરાયે શરમ અનુભવતા નથી, એ વખતે તેઓ એમ કહે છે કે, રાજકારણમાં એમ કર્યા વિના છૂટકો નથી. સત્ય હકીકત એ છે કે, રાજકારણનો તખતો કૂડ-કપટ, છળ-પ્રપંચ અને કાવતરાથી ભરેલો હોય છે, અને તેમાં ત્યાગ કે સમર્પણ કરતાં સત્તા અને સ્વાર્થની માત્રા અધિક હોય છે, તેથી તેમની પાસેથી આપણે જે જાતનો પ્રકાશ જોઈએ છે, તેવા પ્રકાશની આશા રાખી શકતા નથી.

'બાકી રહ્યા ધર્મગુરુઓ, તેમાં પણ બે પ્રકારો છે. એક ધર્મનાં નામે લોકોનાં ભોળપણ અને અજ્ઞાનનો લાભ લે છે, તેમની પાસેથી પૈસા પડાવે છે અને અમન-ચમન ઉડાવી દિવસો પૂરા કરે છે, જે પોતે જ આવી રીતે અજ્ઞાન અને મોહમાં સબડતા હોય અને અમૂલ્ય માનવજીવનને વેડફી નાખતા હોય, તે આપણું ભલું શું કરે ? બીજા ધર્મને પોતાના પ્રાણ સમો ગણે છે અને તેની આરાધનામાં અપૂર્વ આનંદ માણે છે તેમને નથી હોતી કોઈ સ્વાર્થની ભાવના કે નથી હોતી કોઇ સત્તાની ખેવના ! સ્વ અને પરનું કલ્યાણ કરવું એજ એમનાં જીવનનો મુખ્ય ઉદ્દેશ હોય છે અને તે અનુસારની સર્વ પ્રવૃત્તિઓ ચાલતી હોય છે.'

આ શબ્દો સાંભળતાં જ મારા વિદ્વાન મિત્ર બોલી ઉઠ્યા : 'આપણે જે દિવ્ય પ્રકાશની ઝંખના કરીએ છીએ તે આમ સદ્‌ગુરુઓ પાસેથી જ સાંપડી શકે !

### સદ્‌ગુરુને નમસ્કાર

મારો અભિપ્રાય પણ એજ હતો, એટલે મેં તેમાં સંમતિનો સૂર પૂરાવ્યો અને બંનેએ સાથે મળીને સદ્‌ગુરુની પ્રાર્થના કરી.

*

## ........નૂતન વર્ષનાં માંગલ્ય પ્રભાતે........

અભિનવ વર્ષની સુવર્ણાંકિત ઉઘડતી વિકસતી રજનીના તમને અપહરી ઉષાદેવી ઝળહળતી રહો. જગજ્જનની નિદ્રાદેવીને લુપ્ત કરી, દિવ્યભાવો વ્યક્ત કરતું, અણમોલું જનકલ્યાણની અભિપ્સાયુક્ત કલ્યાણનું પ્રભાત પ્રતિદિન વિકસ્વર બનો....

દુન્યવી પદાર્થનું જ્ઞાન કરાવતું, આત્મજ્ઞાન રેલાવતું, અનન્તર આનંદ અને પરંપરાએ મુક્તિલક્ષ્મીને અપાવતું 'કલ્યાણ' બાલ, વૃદ્ધ, યુવાન, હરકોઈનું નેત્રવલ્લભ થાઓ.

દિન પર દિન સાહિત્યશોખીન વાંચકવર્ગની ઉત્સુકતા ઉચ્ચ પ્રકારના વાંચનો પ્રતિ ઢળી રહી છે. "કલ્યાણ" પ્રેક્ષકોની પિપાસા તૃપ્ત કરે છે........અભિધાન પરે ગુણાવલોકન કરાવી જૈન સમાજને ઉન્નતિદાયક બન્યું છે...........

પંદરમા વર્ષમાં પનોતા પગલાં માંડતું કલ્યાણ નૂતન વર્ષના માંગલ્ય પ્રભાતે ઉત્કર્ષતાને સાધી........ પૂર્ણ દિગ્વિજયી ઉજ્જવળ બને એ જ દિવ્યેચ્છા........

—સૂર્યશિશુ.

# અતિ મુત્સદ્દી પંડિતજી અને ભોળા બ્રાહ્મણની
# ❁ સમજવા જેવી વાર્તા ❁

## શ્રી ગુણવંતરાય આચાર્ય

**મુંબઇ સરકારના ખોરાકખાતાના પ્રધાને ચાલુ વર્ષના જાન્યુ૰ માસમાં ઘઉંના રેશનીંગ કાર્ડ લેવાની જાહેરાત કરેલી. તે પ્રસંગને આંખ સામે રાખી કોંગ્રેસી તંત્રમાં આજ કાલ ચાલી રહેલી રીત-રસમની સામે હળવી શૈલીમાં વેધક ~~જબાનથી~~ લેખક જે કાંઇ જણાવી જાય છે, તે સર્વ કોઇએ વાંચી જવા જેવું છે.**

એક બ્રાહ્મણ હતો. બાપડો બહુ દરિદ્ર ને એમાં વળી ખાનારાં ઘણાં. ખૂબ ત્રાસી ગયો. એટલે પોતાની મૂંઝવણમાંથી માર્ગ કાઢવા ને દુઃખનો ભાર હળવો થાય એ ઉમેદથી એ ગામના એક શાણા માણસ પાસે ગયો.

બે હાથ જોડી વિનંતિ કરી, 'પંડિતજી! હું બહુ દુઃખી દુઃખી છું. ખાનારાનો પાર નથી, ને ખાવાનું કાંઇ નથી. દરિદ્રતા મને પજવે છે. બહાર ઉઘરાણીવાળાઓ જંપવા દેતા નથી. ઘેર બાળકો કાગારોળ કરે છે, પંડિતજી! આ દુઃખીજનને કાંઈક રાહ બતાવો'

પંડિતજીએ કહ્યું; એમાં શું મોટી વાત છે? સંકટ નિવારણનો માર્ગ બતાવું. એમ કરો. તમે એક ગાય રાખો.'

બ્રાહ્મણે તો ગાય રાખી. બ્રાહ્મણને ઘેર ખાવાનો જોગ નહિ એટલે ગાય રઝળુ થઇ ગઈ. જેના તેના ખેતરમાં ઘુસી જાય. જેના તેના કૂળિયામાં પેસીને દાણા ખાઈ જાય. કયારેક છોકરાંને પણ ચડાવે. આમ રોજ બહારના કજીયાઓ ઉભા થાય, ઘરમાં બાઈડી કજીયો કરે, ને સાંજ પડે બ્રાહ્મણ બાપડો ગાયને શોધવા જાય તે મોડી રાતે આવે. કમાણી મુદ્દલ નહિ ને એમાં છાશવારે ડબાદંડ ભરવા પડે. ખેડુ સાથે કજીયા થાય.

બ્રાહ્મણ તો હેરાન હેરાન થઈ ગયો.

ફરીને પંડિતજી પાસે ગયો. કહ્યું; 'પંડિતજી મૂળે હું દુઃખી હતો, એમાં વળી આ ગાયે તો મને કાયર કાયર કર્યો છે. હવે તો કાંઇ માર્ગ બતાવો.'

'હા, રે એમાં શું? વાત એમ છે કે તમારી ગાય જાણે સોબત વગર મુંઝાય છે. બાપડીને એકલું કેમ ગમે? શું માણસ કે શું પશુ એને એકાદ પણ સોબત તો જોઇએને! એટલે તમે એમ કરો એક બકરી રાખો બકરી'

બ્રાહ્મણને આ વાત ઠીક લાગી. ગાયને એકલું લાગેને એ હરવાઇ થઈ હોય પણ ખરી. એટલે બ્રાહ્મણે બકરી બાંધી.

બકરીએ તો બ્રાહ્મણને કાયરકાયર કરી નાંખ્યો. ગમે તેના ઘરમાં ઘૂસી જાય ને દાણા ખાઇ જાય. કોઇના બાગમાં જઇને રોપા ને વેલા ખાઈ જાય. આડોશ-પાડોશમાં બ્રાહ્મણની બકરીએ રોજ નવ દશ કજીયા ઉભા કર્યા. સવારે છોકરાંનો કજીયો, સાંજે ગાયનો કજીયો ને મોડી રાતે બકરીને કારણે પાડોશી સાથે જંગ........બ્રાહ્મણને તો હવે પારાવાર સંકટ આવી પડયું.

પાછો એ એના એ પંડિતજી પાસે ગયો; 'મહારાજ! મારાથી હવે તો પળવાર ઉંઘ પણ નથી થતી. પળવાર આરામ નથી થતો.

પંડિતજીએ કહ્યું; 'હા, તમારી વાત સાંભળીને એમ થાય છે ખરૂં કે તમે પારાવાર

હેરાન છો. તમે એમ કરો. બકરી કાઢી નાખો.'

બ્રાહ્મણે બકરી કાઢી નાંખી. હવે બ્રાહ્મણને થોડીક રાહત મળી. બકરીનો તો ખટરાગ ગયો. તોય હજી ઉપાધિ તો ખરી.

બ્રાહ્મણે પંડિતજી પાસે જઈને. કહ્યું; 'મહારાજ! આપની શાણી સલાહ પ્રમાણે ચાલ્યો તો થોડોક સુખી થયો છું, પણ તોય મહારાજ. હજી જંપ નથી દેખાતો.

'વળશે, વળશે, એમ કરો. તમે હવે ગાય કાઢી નાંખો!'

બ્રાહ્મણે ગાય કાઢી નાંખી. હવે એને ઠીક સમય મળવા માંડયો. રોજના ઝઘડાઓ ટળ્યા. નિરાંત થઇ.

પંડિતજીએ કહ્યું: 'કેમ હવે કેમ છે?'

'હવે મહારાજ ખૂબ સ્વસ્થતા છે. આપની સલાહ પ્રમાણે ચાલવાથી સુખી થયો!'

—o—

મુંબઈ સરકારે ઘઉં માટે 'ફેમીલી કાર્ડ' કાઢયાની વાત સાંભળી મને ઉપલી વાત યાદ આવી. જે મૂળ દુઃખમાંથી રાહત મેળવવાને માટે બ્રાહ્મણ પંડિતજી પાસે ગયો હતો એનું તો કાંઈ થયું જ નહિં. એ તો હતી એમની એમ જ રહી. છતાં પંડિતજીએ એના ઉપર બે ત્રણ નવી ઉપાધિઓ લાવીને એને પરેશાન કરીને પછી એ ઉપાધિઓ દૂર કરીને બ્રાહ્મણનું કાંઇપણ પ્રત્યક્ષ હિત કર્યા વગર જ બ્રાહ્મણના હિતેસરીની આબરૂ પણ મેળવીને બ્રાહ્મણનું મન પણ મનાવ્યું કે તે પંડિતજીની સલાહ પ્રમાણે ચાલ્યો એમાં બહુ સુખી છે. આ પંડિતજી કાં તો આગલે ભવ કોંગ્રેસી પ્રધાન હશે ને કાં તો આવતે ભવ જરૂર કોંગ્રેસી પ્રધાન બનશે. લોકોને સુખી કરવાનો એનો કીમિયો સાચેસાચ આજના કોંગ્રેસી કલ્યાણ રાજ ઉપર કળશ ચડાવે એવો છે.

લોકો કાંઈક ઉપાધિની કે મુશ્કેલીની ફરિયાદ કરે કે તરત જ એમના ઉપર એક બે નવી નવી ઉપાધિઓ લાદવી. ને પછી લોકોનું કલ્યાણ કરવાને નામે નવી લાદેલી ઉપાધિ હળવી કરવી. આને તકવાદ કહો, કોંગ્રેસી કલ્યાણ કહો, લોક કલ્યાણનો કોંગ્રેસી કસબ કહો.... પણ મૂળ ફરિયાદ થોડો વખત તો લોકો જાણે ભૂલી જાય છે ખરા.... ને પછી તો આગે આગે ગોરખ જાગે. ને એમ છતાંય બહુ થાય તો પછી પંડિત જવાહરલાલજીને બોલાવીને એની પાસે અમેરિકાની રશિયાની વિશ્વશાંતિની ને શિખર પરિષદની વાતો કરાવીને લોકોને કયાં રાજી કરી શકાતા નથી?

—•—

આ ઘઉંનાં 'ફેમીલી કાર્ડ' પણ અસલ પંડિતજીએ બ્રાહ્મણને સલાહ આપી તેનો નાદર નમુનો છે. ભારત સરકારે, મુંબઇ સરકારે વારંવાર જાહેરાત કરી છે કે 'આપણને તંગી પડશે તો ચોખાની પડશે,' આમ તાણ છે ચોખાની ને રેશનીંગ થાય છે ઘઉંનું, ચોખા તો સરકારી દુકાને પણ મળશે ને ઉઘાડા બજારમાંયે વેચાતા મળશે. માત્ર ઘઉં હવે ફેમીલી કાર્ડ સિવાય બીજેથી ખરીદ કરી શકાશે નહિ. ને જેની તંગીની કોઈ ઇશારત સરખી નથી, સંભવ સરખોય નથી. એનું રેશનીંગ.

ખરેખર અનાજના પ્રશ્નનો આવો અજબ ઉકેલ જે ભેજાંને સૂઝયો છે એને નોબલ પ્રાઇઝ દેવું જોઇએ.

કાળા બજાર તો એ ભેજાંને મુંગા ને જાહેર આશીર્વાદ આપતા જ હશે. શરાબબંધી

જેવી આ ઘઉંબંધી પણ મુંબઈ રાજ્યની કલ્યાણ કામનાના સનાતન સીમા ચિન્હો બનશે.

મુંબઈના અન્નપ્રધાન કહે છે કે; 'આ કાંઈ ઘઉંનું રેશનીંગ નથી. આ તો કેવળ કાર્ડ ઉપર જ નક્કી કરેલી સરકારી દુકાનોમાંથી જ ઘઉં મળી શકે એવી વહેંચણીની પદ્ધતિ માત્ર છે.' મુંબઈના અન્નપ્રધાન મુંબઈની પ્રજાને બેવકૂફ માને છે ને કાંતો એમના ખાતાનો કોઈ આઈ. સી. એસ. અમલદાર એમને પોતાની આંગળીને ટેરવે રમાડે છે. ફેમીલી કાર્ડ ઉપર જ નક્કી કરેલા માપમાંજ સરકાર આપે એવાજ ઘઉં લેવાની લોકોને ફરજ પાડવી–ઘઉંની ઉઘાડી બજાર બંધ જ કરવી એનું નામ રેશનીંગ નહિ તો પછી રેશનીંગ બીજી કઈ વાડીના મુળાનું નામ છે? કે પછી આવી કપોલકલ્પિત અને કેવળ આઇ. સી. એસ નાજ ભેજામાંથી નીકળી શકે ને કેવળ અમલદારની આંગળીને ટેરવે નાચતા અન્નપ્રધાન કબુલ રાખે એવી વ્યાખ્યા પ્રચલિત કરીને સરકાર પાછલે બારણેથી રેશનીંગ દાખલ કરીને ચોખાના કાળા બજારને છડેચોક ઉત્તેજન આપવા માગે છે?

લોકોની વાત તો આજ સુદામા જેવી છે.

એ તો જ્ઞાન મને નથી ગમતું ઋષિરાયજી;
લાવો બાળક માગે અન્ન, લાગું પાયજી.'

આમ લોકો હવે દિલ્હીમાં ચાલતા જ્ઞાનની વાતો ને ધારાસભાઓમાં ચાલતી કલ્યાણ રાજ્યની ફેંકોલોજીની વાતોથી ધરાઇ ગયા છે. પંડિત જવાહરલાલ બ્રિટનના વડાપ્રધાન ને ઇન્ડોનેશિયાના પ્રમુખ ને ઝેકોસ્લોવેકિયાના વડાપ્રધાન ને શીખર મંત્રણાઓના નિવેદન....અણુ શસ્ત્રો ઉપર અંકુશ....ને એવી એવી વાતોથી ધરાઈ ગયા છે.

જરા તંગી ચોખાની ને રેશનીંગ ઘઉંનું શા માટે? જેની તંગી છે એનાં બજાર ઉઘાડા રાખવા એટલે કાળ બજારને ચોખ્ખું આમંત્રણ. જેની તંગી નથી એનું રેશનીંગ કરવું એટલે સંઘરાખોરીને ઉત્તેજન ને ખરાબ માલને ફરજીયાત સારા માલને ભાવે વેચવાનો રસ્તો ઉઘાડો કરશે.

મુંબઈની ધારાસભામાં પણ અન્નપ્રધાનને કોઇ પૂછનાર લાગતું નથી. અગર તો આવી જાહેરાત કરવા માટે અન્ન પ્રધાને ધારાસભાની બેઠકને મુલતવી રાખવાની ખાસ રાહ જોઇ? રેશનીંગ દાખલ જ કરવાનું હતું તો એની જાહેરાત ધારાસભા સમક્ષ કેમ ના કરી?

દરમિયાન આવતી ધારાસભામાં અન્નપ્રધાનની ઉલટ તપાસ લેવા ધારાસભ્યોએ આજથી જ સચેત રહેવું જોઇએ.

સરકારી જાહેરાત થતાં વેંત મુંબઈમાં ઉઘાડી બજારમાં ચોખાના રૂા ૨૪ માંથી સીધા રૂપિયા ચાલીશ થયા. ઘઉંનું રેશનીંગ થતાં પાછલા બારણાની કાળા બજારમાં ઘઉંના ત્રીસમાંથી સીધા રૂા. પચાસ થયા છે.

મહેરબાની કરીને લોકોના અનાજ સાથે રમત ના કરો.

હવે એવો સમય આવી પહોંચ્યો છે જ્યારે સ્થળે સ્થળે જનતાના સમજદાર વર્ગોએ સરકારી રીતિ–નીતિઓ ઉપર જાહેરમાં ચર્ચાસભાઓ ગોઠવવી જોઇએ.

—o—

સામાન્યતઃ જાહેર પ્રજા આજ સુધી બધું જ કોંગ્રેસની શુભેચ્છા ઉપર છોડી દેતી આવી છે. કોંગ્રેસ કદિ ખોટું કરે જ નહિ ને કોંગ્રેસમાં છેવટે માથે તો પંડિત જવાહર જેવા

જોનાર પૂછનાર છે એમ લોકોને વિશ્વાસ હતો. એ બન્ને વિશ્વાસ હવે કાચા પાયા ઉપર રચાયેલા દેખાય છે. પંડિત જવાહરલાલને આંતરરાષ્ટ્રીય રાજકારણ ને અણુશસ્ત્રોમાંથી લોકોના ઘઉં ને ચોખા સામે જોવાની પુરસદ નથી. અમલદારોના અમલદારશાહી તકશાસ્ત્ર પાસે કોંગ્રેસની શુભેચ્છા લાચાર બની છે ને આજકાલ કોંગ્રેસી માત્રની સ્થિતિ પ્રધાનોના ભાટ ચારણથી વધારે સારી રહી નથી.

આ સામે લોકોએ હવે સ્થળે સ્થળે ચર્ચાસભાઓ ગોઠવવી ઘટે છે. સંપૂર્ણ વ્યવસ્થિત અને ધારાસભાની કાર્યવાહી પ્રમાણે જ આવી ચર્ચાસભાની કાર્યવાહી ચાલવી જોઇએ.

અનેક રીતે પાંગળી છતાં આપણી લોકશાહીમાં એક અમૂલ્ય વસ્તુ અનામત છે. વિચાર અને વાણી સ્વાતંત્ર્ય. ધરતીની પીઠ ઉપર બીજા કોઈએ દેશમાં એ આપણા જેટલા સ્વાયત્ત નથી. હવે એનો વિવેકપુરસ્સર લોકોએ ઉપયોગ કરી. સાચી વાત કરી. દેવી જોઈએ.

(સંદેશ)


## जैन भाइओने खुश-खबर

केशर, कस्तुरी ,अंबर, बरास, कपुर, दशांगधुप, सोना-चांदीना वरख, बादलुं, कटोरी, अगरबती, सुखड तथा दरेक जातना उंचा पीपरामूळ, अेलची, अने माळ-प्रतिष्ठा वगेरे पवित्र अनुष्ठानोमां वपराती वस्तुओ अमारे त्यांथी खात्रीपूर्वक अने व्याजबी भावे मळशे. अेक वखत अमारी दुकाने पधारी खात्री करवा विनंती छे.

टेलीफोन नं. २७५२३

शाह शांतिलाल ओधवजीनी कुं०

३१७, जुमामस्जीद, मुंबइ-२.

## ज्ञाननी आराधनानो विना पैसे अमूल्य लाभ

छपाअेला तथा कागळ अने ताडपत्र पर शुद्ध अने सुंदर लखाअेला ४० थी ५० हजार जैन आगम वगेरे ग्रंथो सारी रीते संरक्षण करी राखनार अने लखाववानु काम आगण चालु राखनार व्यक्ति अथवा संघ के संस्थाने विना मूल्ये आपवाना छे. पोतानी भावि जवाबदारी पूरी पाडवानी खात्रीपूर्वकनो विस्तृत खुलासो करवो. पत्रव्यवहार कल्याण मासिक पो. बो. नं. १३ पालीताणा.

દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત

## દિવ્ય અગરબત્તી

તથા

## કાશ્મીરી અગરબત્તી

પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.

નમુના માટે લખો-

**ધી નડીઆદ અગરબત્તી વર્કસ**

ઠે. સ્ટેશન રોડ, નડીઆદ (ગુજરાત)

**કલ્યાણમય પત્ર-મૈત્રી**

મનોવિજ્ઞાન, યોગ, મંત્ર-શાસ્ત્રમાં રસ ધરાવનાર અધ્યાત્મપ્રેમીઓને તેમજ અન્ય ધર્મપ્રેમી સજ્જનોએ પત્રદ્વારા ઈંગ્લીશ, હિંદી અથવા ગુજરાતીમાં પરસ્પર મૈત્રી બાંધવા નીચેના ઠેકાણે લખવા આમંત્રણ છે.

શ્રેયસ ઠે. કલ્યાણ પો. બો. નં. ૧૧, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

# દ્રવ્યાનુયોગની મહત્તા

પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર

( ઢાળ-૧૩-મી. ગાથા-૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ ને ૧૮. ઢાળ-સંપૂર્ણ )

[ ગતાંકથી ચાલુ ]

## એક પ્રદેશ સ્વભાવ અને અનેક પ્રદેશ સ્વભાવ:

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ. એ છ દ્રવ્યો છે. તેમાં પ્રથમ ત્રણ અસંખ્યાત પ્રદેશવાળા અને અખંડ છે. જીવાસ્તિકાય પણ અસંખ્યાત પ્રદેશયુક્ત અને અખંડ છે, જીવો અનંત હોવા છતાં પ્રત્યેક જીવના પ્રદેશો તો અસંખ્યાતા જ છે.

પુદ્ગલો અનંત છે, દરેક પુદ્ગલનું મૂળભૂત સ્વરૂપ પરમાણુ છે, અને તે સ્વતંત્ર છે. પરમાણુઓના સંયોગથી દ્વયણુક વગેરે સ્કંધો બને છે. સ્કન્ધ એ મૂળભૂત નથી. એટલે ધર્મ-અધર્મ આકાશ-અને જીવ એ ચારને એક પ્રદેશ સ્વભાવ નથી. પુદ્ગલને એક પ્રદેશ સ્વભાવ છે. એ પરમભાવગ્રાહક નયથી જાણવું. પરમભાવગ્રાહક નયથી કાળનો વિચાર કરીએ તો પૂર્વે જણાવ્યા પ્રમાણે કાળ વાસ્તવ પણે દ્રવ્ય છે નહિં એવો એક મત છે. જ્યારે બીજો મત એવો છે કે- જે ષડ્ દ્રવ્યની વ્યવસ્થા વ્યવસ્થિત સમજાય માટે કાળને દ્રવ્ય માને છે. અઢીદ્વીપ વ્યાપી એ દ્રવ્ય છે. એ અખંડ નથી પણ પુદ્ગલ જે પ્રમાણે પરમાણુ સ્વરૂપ છે તે પ્રમાણે કાળ પણ સમય સ્વરૂપ છે. પરમાણુઓના સંયોગથી જેમ સ્કન્ધો બને છે. તેમ સમયોના કાલ્પનિક સમ્બન્ધથી દીર્ઘકાળ માનવામાં આવે છે.

એટલે સમય એ અણુરૂપ છે ને તેને કાલાણુ કહેવામાં આવે છે. એ એક જ છે એટલે કાળ એ એક પ્રદેશ સ્વભાવ છે.

પુદ્ગલ પરમાણુ અને કાલાણુ સિવાયના ચાર દ્રવ્યો, ધર્મ-અધર્મ-આકાશ અને જીવ, અખંડ છે. એ ચારે અખંડ હોવા છતાં તેમાં તે તે કાર્યોને અંગે ભેદ-કલ્પના કરવી પડે છે. પણ જ્યારે શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી તે ચારે દ્રવ્યોને વિચારવામાં આવે છે ત્યારે તેમાં ભેદ-કલ્પનાને કોઈ અવકાશ નથી.

એ રીતે ભેદકલ્પના રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી એ ચારે દ્રવ્યોમાં એક પ્રદેશ સ્વભાવ છે. ભેદકલ્પનાને દૂર કરી છે અને શુદ્ધ દ્રવ્યાર્થિકને આગળ કરેલ છે એટલે ઉપરોક્ત ચારે દ્રવ્યો અસંખ્યાત પ્રદેશ વાળા હોવા છતાં તે તે દ્રવ્યોના પ્રત્યેક પ્રદેશો સમાન છે અને એક બીજા સાથે સનાતન ભાવે સંકળાએલા છે. એટલે એ ચારે એક પ્રદેશ સ્વભાવ છે એમ માનવામાં કાંઇ પણ બાધક નથી.

જ્યારે આ ચારે દ્રવ્યોને ભેદકલ્પના કરીને વિચારવામાં આવે ત્યારે તે દ્રવ્યો અખંડ હોવા છતાં તેના ખંડ પડી જાય. જેમ ઘટાકાશ, પટાકાશ, વગેરે આકાશના ખંડો પડે છે, ઉર્ધ્વ ધર્માસ્તિકાય, ઉર્ધ્વ અધર્માસ્તિકાય, અધો ધર્માસ્તિકાય અધો અધર્માસ્તિકાય, હસ્તાવચ્છિન્ન જીવ, પાદાવચ્છિન્ન જીવ ઇત્યાદિ ખંડો ભેદકલ્પના સાપેક્ષ છે. આવા ભેદો કલ્પવા એ શુદ્ધ નથી એટલે અશુદ્ધ દ્રવ્યાર્થિક નયની વિચારણાને આગળ કરીને આવા ભેદો કલ્પવા પડે છે. અને તે પણ તે તે વિચારણા કરવા માટે આવશ્યક છે. આ ભેદકલ્પનાથી જ્યારે ચાર દ્રવ્યોને વિચારીએ ત્યારે

તેમાં અનેક પ્રદેશ સ્વભાવ છે. આ ચાર દ્રવ્યોમાં અનેક પ્રદેશ સ્વભાવ સ્વાભાવિક રહે છે, ફક્ત તેમાં ભેદકલ્પના કરવી પડે છે એટલું જ અશુધ્ધ છે.

પરમાણુમાં અનેક પ્રદેશ સ્વભાવ વાસ્તવિક રીતે રહેતો નથી, પણ જ્યારે એ સ્કન્ધ સાથે જોડાય છે ત્યારે તે પણ એક બીજા સંકળાએલ હોવાથી તેમાં અનેક પ્રદેશ સ્વભાવનો ઉપચાર કરી શકાય છે. એટલે પુદ્ગલાણુમાં ઉપચારથી અનેક પ્રદેશ સ્વભાવ છે. કાલાણુમાં એવો ઉપચાર કરવાની પણ કોઇ શકયતા નથી. એટલે કાલાણુમાં અનેક પ્રદેશ સ્વભાવ નથી.

## શુદ્ધાશુદ્ધ વિભાવ સ્વભાવ, ઉપચરિત સ્વભાવ

શુધ્ધ દ્રવ્યાર્થિક નયથી દ્રવ્યોની જે વિચારણા કરવામાં આવે અને તેમાં જે સ્વભાવ નિશ્ચિત થાય તે શુધ્ધ સ્વભાવ છે. અશુધ્ધ દ્રવ્યાર્થિક નયથી દ્રવ્યોનો જે વિચાર કરવામાં આવે અને તેમાં જે સ્વભાવ નિશ્ચિત થાય તે અશુધ્ધ સ્વભાવ છે. બન્નેને સંમિશ્ર કરીને જે સ્વભાવ વિચારાય એ વિભાવ સ્વભાવ છે.

વસ્તુમાં–પદાર્થમાં જે સ્વભાવ વાસ્તવપણે ન હોય છતાં અમુક કાર્ય તેમાં જણાતું હોય ત્યારે અસદ્ભૂત વ્યવહાર નયથી તે તે કાર્યને અનુરૂપ સ્વભાવની તે તે દ્રવ્યોમાં કલ્પના કરવી અનિવાર્ય બને છે. એ અસદ્ભૂત વ્યવહાર નયથી કલ્પના કરેલ સ્વભાવ તે ઉપચરિત સ્વભાવ છે.

આ પ્રમાણે તે તે સ્વભાવોની વિચારણા નયયોજના પૂર્વક કરવી.

કોઇ કોઈ સ્થળે દિગમ્બર પ્રક્રિયાને સુધારી–વધારીને અહિં સ્વભાવોનું વર્ણન કર્યું છે. છતાં આ સ્વભાવોની વિચારણા દિગમ્બરોએ આગળ કરી છે. તેમાં કેટલુંક વિચારણીય પણ છે. તે આ પ્રમાણેઃ–

દ્રવ્ય–ગુણ અને પર્યાય. તેમાં દ્રવ્ય એ આધાર છે અને ગુણ–પર્યાય એ તેમાં રહેનારા છે. ગુણ–પર્યાય એ બેથી સ્વભાવ એ કોઈ ત્રીજો ભાવ નથી.

અનુપચરિતભાવ–સ્વભાવ એ ગુણ છે. અને ઉપચરિતભાવ–સ્વભાવ એ પર્યાય છે. એક–દ્રવ્યને આશ્રયીને રહે છે તે ગુણ છે અને દ્રવ્ય અને ગુણ એમ ઉભયને આશ્રયીને જે રહે છે તે પર્યાય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ એ હકીકત આ પ્રમાણે કહી છે.

गुणाणमासओ दव्वं, एगदव्वस्सिआ गुणा ।
लक्खणं पज्जवाणं तु उभओ अस्सिआ भवे ॥ १॥

જો સ્વદ્રવ્યાદિ ગ્રાહક નયથી અસ્તિસ્વભાવ છે, પરદ્રવ્યાદિ ગ્રાહક નયથી નાસ્તિસ્વભાવ છે એમ માનવામાં આવે તો અસ્તિ–નાસ્તિ એ એ બન્ને પણ દ્રવ્યાર્થિક વિષય થયા. અને એમ થતાં સપ્તભંગીમાં પ્રથમ અને દ્વિતીય–ભંગને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આશ્રયણ કરવામાં પ્રક્રિયા ભંગ થાય. વગેરે અહિં ઘણું વિચારણીય છે. એ વિશેષ ગ્રન્થથી જાણવું.

"यदि च 'स्व–द्रव्यादिग्राहकेणास्तिस्वभावः, परद्रव्यादिग्राहकेण नास्तिस्वभावः, इत्यभ्युपगम्यते, तदोभयोरपि द्रव्यार्थिकविषयत्वात्, सप्तभङ्ग्यामाद्यद्वितीययोर्भङ्गयोर्द्रव्यार्थिक-पर्यायार्थिकाश्रणे प्रक्रिया भज्येत इत्याद्यत्र बहु विचारणीयम् ॥

આ પ્રમાણે સ્વભાવના ભેદો સહિત ગુણના પ્રકારોનું વર્ણન કર્યું, હવે પર્યાયના ભેદોનું સ્વરૂપ વર્ણવીએ છીએ. તે વિમળ યશના ધારક શ્રોતાઓ તમે સાવધાન થઈને શ્રવણ કરો. (ચાલુ)

# સ૦મા૦ચા૦ર—સા૦ર

**રાજનગર ખાતે** અક્ષયતૃતીયાના પરમ પુનિત દિવસે મંગલ મુહૂર્તે સમસ્ત જૈન સમાજ જે પ્રસંગ પ્રત્યે મીટ માંડી રહ્યો હતો, તે શ્રી શ્રમણસંમેલનનું ભવ્ય ઉદ્‌ઘાટન શ્રી સંઘના સર્વ કોઇના ઉલ્લાસ, ઉત્સાહ તથા ઉમંગનાં વાતાવરણ વચ્ચે થયું છે. શેઠ લાલભાઇ દલપતભાઇના બંગલે વિશાલ મંડપમાં સ્નાત્રમહોત્સવ થયા બાદ સંમેલનનો શુભ પ્રારંભ થયો હતો. શેઠ કેશવલાલ લલ્લુભાઈ તથા શેઠ કસ્તૂરભાઇ લાલભાઇના પ્રારંભિક વક્તવ્યો થયા હતાં. જેમાં તેઓએ શ્રી શ્રમણ સંમેલનને વર્તમાન પરિસ્થિતિમાં શાસ્ત્રીય દૃષ્ટિને સામે રાખી એક મત, એક દિલ તથા એક બનીને શાસનના ગૌરવ કાજે, શ્રી સંઘની પ્રતિષ્ઠા કાજે સર્વને દોરવણી આપવા વિનંતી કરી હતી. બાદ શ્રમણ સંમેલનની શરૂઆત થયેલ. પૂ૦ પાદ વયોવૃદ્ધ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજે તથા પૂ૦ પાદ વયોવૃદ્ધ આચાર્યદેવ શ્રીમદ્ વિજયઉદયસૂરીશ્વરજી મહારાજે પ્રારંભિક મંગલાચરણ કર્યું હતું; ત્યર બાદ બંગલામાં ૧૨ થી ૪ બેઠક મળી હતી. સંમેલનના પ્રારંભમાં ચતુર્વિધ સંઘની હાજરી હતી. જેમાં પૂ૦ આચાર્યદેવાદિ ૩૫૦ લગભગ પૂ૦ મુનિવરો, ૬૦૦ લગભગ પૂ૦ સાધ્વીજી મહારાજ, અને ૮ થી ૧૦ હજાર શ્રાવક-શ્રાવિકાવર્ગની સંખ્યા હતી. સુદિ ૪ થી પ્રકાશ હાઈસ્કુલમાં દરરોજ ૧૨ થી ૪ બેઠક મળે છે. શાસનના પ્રશ્નોની વિચારણા ચાલે છે, સર્વ કોઈ ઇચ્છે છે કે, સંમેલનની કાર્યવાહીના પરિણામે જૈનશાસન તથા જૈન સંઘનું ગૌરવ વધે, તેની પ્રતિષ્ઠામાં પ્રાણ પૂરાય અને જે જે કાંઈ અવ્યવસ્થા, શિથિલતા તથા અનીચ્છનીય વાતાવરણ સર્જાયું છે, તેમાં શુભ પરિવર્તન આવે પરિણામે વર્તમાન રાજ્યસત્તા દ્વારા જે ધાર્મિક ક્ષેત્રોમાં હસ્તક્ષેપ થઈ રહ્યો છે, અને જડવાદી માનસના વર્ગ તરફથી જે કાંઇ વિઘાતક પ્રવૃત્તિઓ થઇ રહી છે, તેની સામે શ્રમણસંઘ પોતાનાં ચારિત્ર, તપ, ત્યાગ, શ્રદ્ધા, સમભાવ, શાસનનિષ્ઠા આદિથી એક અવાજ ઉઠાવી, ચતુર્વિધસંઘનું ગૌરવ જ્વલંત રાખે, અને જૈનશાસનનો યશસ્વી વિજયધ્વજ ફરકતો કરે!

શ્રી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના છે કે અમારી આ અભિલાષા પરિપૂર્ણ બનો!

**ઉંધરોજ** [ગુજરાત] મુનિરાજ શ્રી શાંતિસાગરજી મહારાજશ્રીની નિશ્રામાં વૈશાખ શુદિ ૬ ના શુભ દિને શ્રી વાસુપૂજ્ય સ્વામિ તથા શ્રી મહાવીરસ્વામિની પ્રતિષ્ઠા વિધિ થઇ હતી. અઢાર અભિષેક વગેરેની વિધિ કરાવવા માટે વિરમગામથી પંડિત પોપટલાલ જેઠાલાલ પધાર્યા હતા. ગામના પ્રમાણમાં દેવદ્રવ્યની ઉપજ ઠીક થઇ હતી.

**ઝાંઝમેર** [સૌરાષ્ટ્ર] અત્રેના જૈન દહેરાસરની વર્ષગાંઠ મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજની પ્રેરણાથી વરઘોડો, પૂજા, પ્રભાવના તથા સ્વામિવાત્સલ્યથી ઉજવવામાં આવી હતી. વૈશાખ શુદિ ૭ ના દિવસે શેઠ પ્રભુદાસ પ્રેમચંદભાઇએ, સંઘ સમક્ષ ચતુર્થવ્રત ગ્રહણ કર્યું હતું, તે નિમિત્તે તેમના તરફથી પૂજા, પ્રભાવના, આંગી અને નવકારશી વગેરે કરવામાં આવ્યું હતું.

**લોડાઇ** (કચ્છ) મુનિરાજ શ્રી હરખવિજયજી મહારાજ સાત વર્ષથી વર્ષીતપની ચાલુ આરાધના કરતા હતા. તેમનું વરસીતપનું પારણું અહીંના સંઘના આગ્રહથી અત્રે કરાવવાનું રાખ્યું હતું. આઠ દિવસનો મહોત્સવ રાખવામાં આવ્યો હતો.

**હિંગણઘાટ** (વર્ધા) મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજ આદિની નિશ્રામાં સાધ્વી શ્રી ચંપકશ્રીજી તથા સાધ્વી શ્રી સુલસાશ્રીજીના પારણા નિમિત્તે શેઠ કનકમલ તારાચંદજી તથા શેઠ બંસીલાલ કોચર તરફથી અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. વિધિવિધાન, પૂજા તથા ભાવના માટે સુરત નિવાસી શ્રી નાનુભાઈ નગીનચંદ પોતાના સ્ટાફ સાથે પધાર્યા હતા. આજુબાજુના ગામોમાંથી સારી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. ઇક્ષુરસના પારણા વખતે સુંદર દૃશ્ય ખડું થયું હતું. શ્રી બંસીલાલ કોચરના ખૂબ ઉત્સાહથી પારણાની તેમ જ ઉત્સવની ઉજવણી સારી એવી થઇ હતી.

બાલ સાધ્વી શ્રી ત્રિલોચનાશ્રીજીએ ૩૦ મી

ઓળીથી ૩૭ મી વર્ધમાનતપની ઓળી એક સાથે કરી હતી. તેમનું પારણું પણ તેજ દિવસે હતું. નાગપુર સંઘે મહારાજશ્રીને ચોમાસા માટે પધારવાની આગ્રહભરી વિનંતિ કરી હતી.

**ગાંધીધામ** (કચ્છ) ઓળીની આરાધના સુંદર રીતે થઈ હતી. ઓળી તથા ઓળીનાં પારણાં શેઠ ચંદનમલજી હસ્તીમલજી માંડવલાવાળા તરફથી થયાં હતા. શ્રી મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી ઉત્સાહપૂર્વક થઇ હતી.

**ધાર્મિક પરીક્ષાઓ:** મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ્ર ડી, શાહે ભાલક, વડનગર, સીપોર, ગવાડા વિજાપુર, લોદરા, આજોલ, માણસા, દહેગામ, પ્રાંતીજ વગેરે ગામોમાં ચાલતી જૈન પાઠશાળાઓની ધાર્મિક પરીક્ષા લીધી હતી. ઇનામી મેળાવડાઓ યોજી બાળકોને ઈનામ વહેંચવા સાથે પરીક્ષકે સલાહ, સૂચન અને ધાર્મિક શિક્ષણ અંગે માર્ગદર્શન આપ્યું હતું, જ્યાં પાઠશાળાની ડામાડોળ સ્થિતિ છે ત્યાંના કાર્યવાહકોને એકઠા કરી પાઠશાળાને સારી રીતે ચલાવવા ભલામણ કરી છે.

**પાલીતાણા:** શ્રી જિનદત્તસૂરિજી બ્રહ્મચર્યાશ્રમની શ્રી વાડીલાલ મગનલાલ શેઠે પરીક્ષા લીધી હતી તે નિમિત્તે કલકત્તાનિવાસી શ્રી રણજીતસિંહજી નહારના પ્રમુખપણા નીચે એક ઇનામી સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રસંગોચિત વકતવ્યો થયા બાદ ઈનામો વહેંચાયાં હતાં. ઈનામી રકમ પ્રમુખ શ્રી તરફથી જાહેર થઈ હતી, અલ્પાહારને ન્યાય આપ્યા બાદ આભાર વિધિ થઈ હતી, હાલ ગૃહપતિ તરીકે શ્રી નગીનદાસ શાહ છે જે ઉત્સાહી યુવાન છે.

**વરસીતપનાં પારણાં:** પરમ પવિત્ર તીર્થાધિરાજની છત્રછાયામાં વર્ષીતપના પરમ તપસ્વીઓના પારણાનો ભવ્ય પ્રસંગ ઉજવાઈ ગયો, શ્રી ચતુર્વિધ સંઘમાં વર્ષીતપની તપશ્ચર્યા ૮૦૦ લગભગ હતી. આ વર્ષે ગરમી સખત હતી, છતાં તપસ્વીઓની ધીરતા, તથા સહનશીલતા અનુપમ હતી. પ્રભાવનાઓ નાની-મોટી થઈને આશરે ૨૦૦ જેટલી હતી. લગભગ ૧૦ થી ૧૫ હજાર યાત્રાળુઓ આ પ્રસંગે શ્રી તીર્થાધિરાજની છાયામાં આવ્યા હતા.

**વનાલા** (લીંબડી) ચૈત્ર શુદિ ૧૩ શ્રી મહાવીર સ્વામિ જન્મ કલ્યાણકના દિવસે ગાડાં, હળ વગેરે ન જોડે આ માટે શ્રી ચુનીલાલ ઝુંઝાભાઇએ રૂા. ૫૦૧, ગામ ખાતે આપી કાયમ માટે સહી સિક્કા કરાવેલ છે. આ શરતે ગામમાં દરેક ખેડુતે ગાડાં-હળ વગેરે જોડયાં ન હતાં.

**સુરેન્દ્રનગર** ખાતે શ્રી ચુનીલાલ ઝુંઝાભાઈએ નવા મકાનનું વાસ્તુ લેતાં વૈશાખ શુદિ ૭ ના રોજ પ્રભુજીને ઘેર પધરાવી વાસ્તુ પૂજા ભણાવી હતી, તેમજ પ્રભાવના કરી હતી. રાત્રે ભાવના વખતે પણ પ્રભાવના તેઓના તરફથી થઇ હતી. 'કલ્યાણ' પ્રત્યે તેમની તથા તેમના સુપુત્ર શ્રી ચંપકલાલભાઇની સારી એવી લાગણી છે અને આથી આ પ્રસંગને અનુલક્ષી 'કલ્યાણ' ને રૂા. ૨૫, ભેટ મોકલ્યા છે, જેનો સાભાર સ્વીકાર થયો છે.

**બોકરવાડા** (મહેસાણા) જૈન દહેરાસરની વર્ષગાંઠ હોવાથી પૂજા વગેરે ભણાવવા મહેસાણા જૈન પાઠશાળાના વિદ્યાર્થી ઇશ્વરલાલ જયંતિલાલ આવ્યા હતા, શ્રી વાડીભાઇ શેઠ તરફથી નવકારશી થયેલ.

**કુંભારીયાજી** (આબુ) આપણું પ્રાચીન તીર્થ છે, શ્રી વિમળ મંત્રીનાં બંધાવેલા સુંદર કારીગરીવાળાં પાંચ જિનમંદિરો છે. શેઠ આ×ક પેઢી તરફથી જિર્ણોદ્ધારનું કામ ચાલુ છે. કુંભારીયાજી જવા માટે આબુરોડથી મોટર મળે છે, ભોજનશાળા તથા ધર્મશાળાની સુંદર સગવડતા છે. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના મુનીમ શ્રી હરગોવીંદદાસ હેમચંદ્ર બાહોશ અને અનુભવી છે.

**પાલીતાણા**માં વર્ષીતપ નિમિત્તે ગવાડા વાળા શા કેશવલાલ હીરાચંદનાં ધર્મપત્ની હીરાબાઇ તથા માણસા વાળા શા ચુનીલાલ નથુભાઈના ધર્મપત્ની સકરીબાઇ તરફથી વૈશાખ શુદિ ૪ ના રોજ વરસીતપવાળાંને પારણાં કરાવાયાં હતાં અને શ્રીફળ અને એક રૂા. ની પ્રભાવના કરી હતી. વૈશાખ શુદિ ૩ ના રોજ ઈક્ષુરસના પારણા વખતે પણ શ્રીફળ અને એક રૂા. ની પ્રભાવના તેમના તરફથી થઇ હતી.

**રાણકપુર** (સાદડી) મુનિરાજ શ્રી વિશારદવિજયજી મહારાજ આદિ લુણાવાથી વિહાર કરી સાદડી

પધાર્યા હતા ત્યાંથી ચતુર્વિધ સંઘ સાથે વરસીતપના પારણાને અંગે રાણકપુરજી પધાર્યા હતા. મુનિરાજ રોહિતવિજયજી મહારાજશ્રીને તથા દીલ્હીથી પારણા કરવા આવેલ બ્હેનોને શિરોહિનિવાસી ધર્મચંદજી ખુબચંદજીએ ઇક્ષુરસનાં પારણાં કરાવ્યાં હતાં.

**ટીંટોઇ** (સાબરકાંઠા) શ્રી લલ્લુભાઇ અમુલખભાઇ ગાંધીના અવસાન નિમિત્તે તેમના સુપુત્ર બાબુભાઈ તરફથી મુહરિ પાર્શ્વનાથના દહેરાસરે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેમજ તેમના તરફથી નવપદજીની ઓળી કરાવવામાં આવી હતી.

**અમલનેર** (ખાનદેશ) મુનિરાજ ત્રિલોચનવિજયજી મણિવરે ૨૨૪ ભાઈ-બ્હેનોને ભવોભવના પુદ્ગલો વોસિરાવવાની ક્રિયા કરાવી હતી. તે દિવસે દરેકે આયંબિલ કરેલ. ચૈત્ર શુદિ ૧૫ ના રોજ દેવવંદન કરવા સાથે પ્રભુજીને ભારે આંગી તથા રોશની કરવામાં આવી હતી. ચૈત્ર વદિ ૧૦ ના રોજ સંગમનેરવાળા કમલાબાઇ તરફથી સીરસાલા દર્શન કરવા જવાનો સંઘ નિકળ્યો હતો. ૨૨૫ યાત્રાળુ ભાઇ-બ્હેનો સાથે પૂ૦ સાધુ-સાધ્વીજી મહારાજોનાં ૧૫ ઠાણાં હતાં.

**અમરનગર** (સૌરાષ્ટ્ર) ના રહીશ શ્રી કપુરચંદ હેમચંદ વૈશાખ શુદિ ૬ના રોજ અવસાન પામ્યા છે. તેઓશ્રી એક ધર્મનિષ્ઠ અને શ્રદ્ધાળુ શ્રાવક હતા. અમરનગર જૈન સંઘને મોટી ખોટ પડી છે. તેઓનું જીવન પરોપકારી હતું. જિનમંદિરના વહિવટ અંગે ખુબ જ કાળજી રાખતા હતા. તેમનો આત્મા પરમશાંતિને પામો.

**ખંભાત** અમદાવાદ નિવાસી શેઠ રમણલાલ વજેચંદનાં ચિ૦ જયાબહેનના શુભ લગ્ન નિમિત્તે તેમના તરફથી અઠ્ઠાઇ મહોત્સવ તેમજ અષ્ટોત્તરી સ્નાત્ર રાખવામાં આવ્યુ હતું. મુનિરાજ શ્રી રોહિતવિજયજી મહારાજ આદિ આ પ્રસંગે પધાર્યા હતા.

**અંધેરી** (મુંબઇ) ખાતે પૂ૦ આ૦ શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં શ્રી સિદ્ધચક્ર બૃહત્ પૂજનનો પ્રારંભ ચૈત્ર વદિ ૩ ના રોજ થયો હતો. વિધિ કરાવવા માટે અમદાવાદથી શાહ ચીનુભાઇ લલ્લુભાઈ પધાર્યા હતા. બૃહત્ પૂજનનો વિધિ ખુબ ઠાઠ-માઠથી ઉજવાયો હતો.

**શીવગંજ** (મારવાડ) ચૈત્ર શુદિ ૧૩ ના રોજ શ્રી મહાવીર જન્મ કલ્યાણકનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. મુનિરાજ શ્રી. ભરતવિજયજી મહારાજની અધ્યક્ષતામાં પ્રવચનો થયાં હતાં. ચૈત્રી ઓળીનું આરાધન શા કેશરીમલજી ગુલાબચંદ પાલડીવાળા તરફથી થયું હતું. જન્મોત્સવના દિવસે પ્રભાવના શા શા જેઠમલજી ઝવેરચંદજી તરફથી થઇ હતી. અને વિદ્યાલયના વિદ્યાર્થીઓને શા સાંકલચંદ રૂપાજી તરફથી જમણ અપાયું હતું.

**હારીજ** (ગુજરાત) જૈન દેરાસરના વિશાલ કમ્પાઉન્ડમાં શ્રી અમૃતલાલ એમ. શાહના પ્રમુખસ્થાને ભ૦ મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક અંગે એક સમારંભ યોજવામાં આવ્યો હતો. શ્રી એન. બી. શાહે તથા પ્રમુખશ્રીએ ભ૦ મહાવીર અંગેનાં ગુણોનું વર્ણન કર્યું હતું. બાળક-બાલિકાઓને ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં. આ દિવસે સામુદાયિક સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું.

**ઉમતા** (ગુજરાત) ઓળીના પારણાં શાહ છગનલાલ વેણીચંદ તરફથી કરાવવામાં આવ્યાં હતાં. મહાવીર જન્મ કલ્યાણકના દિવસે શ્રી અંબાલાલ ચુનીલાલ માસ્તર તરફથી પૂજા, પ્રભાવના આંગી વગેરે થયું હતું.

**મોરબી** શ્રી મહાવીર જન્મકલ્યાણક દિન ભારે ઉત્સાહ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. મુનિરાજ શ્રી પદ્માકરવિજયજી મહારાજે તથા ડો. વલ્લભદાસભાઈએ ભ૦ મહાવીર સ્વામિના જીવન અંગે વિસ્તારથી ઉદ્‌બોધન કર્યું હતુ. તે દિવસે પૂજા, પ્રભાવના અને આંગી વગેરે થયું હતું.

**મુંબઇ** શ્રી ચંદ્ર-દીપક-સ્નાત્ર મંડળના સંચાલન તળે ઓળીનું આરાધન સુંદર રીતે થયું હતું. ભ૦ મહાવીર સ્વામિના જન્મ કલ્યાણક દિને શા રતિલાલ બાલાભાઈ તરફથી પૂજા-પ્રભાવના થઇ હતી. સ્નાત્રમંડળમાં ભાગ લેનારને ચાંદીની વાટકી વહેંચવામાં આવી હતી.

**પાલનપુર:** ભ૦ મહાવીર સ્વામિનો જન્મ કલ્યા-

ણુક દિન ઉપાધ્યાય કવીન્દ્રસાગરજી મ૦ ની નિશ્રામાં ઉજવવામાં આવ્યો હતો.

**સોરઠ વંથલી:** સાધ્વીજી શ્રી દિવ્યપ્રભાશ્રીએ ૫૦૧. આયંબિલ અખંડ રીતે કર્યાં હતાં. તેનું પારણુ અત્રે થતાં ચૈત્ર શુદિ ૨ થી અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયો હતો. તપની અનુમોદના અર્થે સામુદાયિક ૧૦૧ આયંબિલ થયાં હતાં. આયંબિલ કરનારને શ્રી સુંદરબેન તરફથી શ્રીફળની પ્રભાવના થઇ હતી, અને તેઓ તરફથી પારણાને દિવસે સ્વામિવાત્સલ્ય થયું હતું. સાધ્વીજી મહારાજનાં સંસારી સગાં સંબંધીઓ સારા પ્રમાણમાં આવ્યાં હતાં. તેઓ તરફથી જલયાત્રાનો વરઘોડો, પૂજા-પ્રભાવના થયાં હતાં. તેમજ તેમના તરફથી ઘર દીઠ સાકર સાથે થાળીનું લ્હાણું કરવામાં આવ્યું હતું.

**નિકુંભ** (ચિત્તોડગઢ) પંન્યાસજી મનોહરવિજયજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. પૂ૦ પંન્યાસજીએ ગયા જેઠ શુદિ ૩ ના દિવસે શ્રી વર્ધમાન તપની ૮૨ મી ઓળી શરૂ કરી પારણું કર્યા વિના ૮૩-૮૪-૮૫ મી ઓળી એકી સાથે કરી છે.

તેમના શિષ્ય મુનિરાજ શ્રી મનમોહનવિજયજી મહારાજે અશાઢ શુદિ ૧૩ થી ૬૧ મી ઓળી ચાલુ કરી લાગલગાટ ૬૨-૬૩-૬૪ મી ઓળી પુરી કરી હાલ ૬૫ મી ઓળી ચાલુ છે, હાલ પાલીતાણા ખાતે છે. અને ઓળી સાથે ગિરિરાજની નવાણું યાત્રા કરે છે.

**ગોઈજ** (હાલાર) માં શેઠ હરખચંદ નથુભાઈ કું. તરફથી સુંદર જિનમંદિર તથા ઉપાશ્રય તૈયાર કરાવવામાં આવેલ છે. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજની અધ્યક્ષતામાં ચૈત્ર વદિ ૧૪ થી પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ થયો હતો. નવે દિવસ પૂજા, આંગી, ભાવના વગેરે ખુબ ઉત્સાહપૂર્વક થયું હતું. બહારગામથી હજારો માણસો દર્શન કરવા પધાર્યા હતા. કુંભસ્થાપન, નવગ્રહપૂજન, જલયાત્રાનો વરઘોડો અને પ્રભુજીની પ્રતિષ્ઠા વૈશાખ શુદિ ૬ ના રોજ ખુબ ધામધૂમથી થઇ હતી. બહારગામના મહેમાનો માટે રસોડું ખોલવામાં આવ્યું હતું. પ્રતિષ્ઠાના દિવસે શેઠ શ્રી હરખચંદ નથુભાઇની કું. તરફથી નવકારશી થઇ હતી. જામનગર, મુંબઈ તેમજ આફ્રિકા વસતા હાલાર વાસી ભાઇઓ આ શુભ પ્રસંગે પધાર્યાં હતા. દેવદ્રવ્યની ઉપજ સારી થઇ હતી. વૈશાખ શુદિ ૭ ના રોજ દ્વારોદ્‌ઘાટન સિંહણવાલા શ્રી લાલજી નરશીનાં ધર્મપત્ની શ્રી મણીબેને કર્યું હતું.

## અમેરિકાથી આવેલો એક પત્ર

આપના માસિકમાં હું બાળપણુથી જ સારો રસ ધરાવું છું. છેલ્લા સાત મહિનાથી હું 'યુનિવર્સીટી ઓફ મીશીગન એન. આરબર મીશીગનમાં મીકેનીકલ એન્જીનીયરીંગનો અભ્યાસ કરૂં છું. એન. આરબરમાં ૧૫૦ થી વધુ હિન્દી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, તેમાંના કેટલાક જૈનો પણ છે. અવારનવાર અમે બધા ભેગા મળીને સામાજિક, રાષ્ટ્રીય અને ધાર્મિક પ્રસંગો ઉજવીએ છીએ. સાંસ્કૃતિક પ્રસંગો પણ ઉજવીએ છીએ, આ બધા કાર્યક્રમોમાં અમેરિકનો અને બીજા દેશોના વિદ્યાર્થીઓને આમંત્રણ આપીને તેઓને આપણા દેશની સંસ્કૃતિ, ધર્મ, રીતરીવાજો વગેરેનો સારો એવો ખ્યાલ આપીએ છીએ.

ગુરૂવાર ત્રીજી એપ્રીલના દિવસે રાત્રે ૭-૩૦ વાગે અમે બધાયે ભેગા થઇને ઈન્ટર નેશનલ સેન્ટરના હોલમાં શ્રી મહાવીર સ્વામિ જન્મ કલ્યાણક દિવસ ઉજવ્યો હતો. તેમાં ભાગ લેવા અમેરિકનો અને બીજા પરદેશના વિદ્યાર્થીઓને આમંત્રણ આપ્યું હતું. તેઓએ તેમાં રસ લીધો હતો. તે વખતે નીચેના વિષયો પર નીચેના વિદ્યાર્થીઓ બોલ્યા હતા.

1. Life of Mahavir Mr, P. sheth, 2. History of Jain religion Mr, P. Jain, 3. Jain Philosophy Mr, P. Krishn murthy 4. Ahinsa-The Doctrine of non-violence Mr, Javahar maniar.

તે પછી એક નાની એવી પ્રાર્થના ઇંગ્લીશમાં રાખી હતી, Message of Mahavir નામના મથાળા નીચે શ્રી મહાવીર પ્રભુનો ઉપદેશ અને ઉપરની પ્રાર્થના સાઇકલોસ્ટાઈલથી છાપીને બધાને આપી હતી. મહાવીર સ્વામીનો ફોટો, ધુપ અને દીપક વગેરે